ॐ अर्हम्

卐 શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ 卐

# સાર્થ ભવવૈરાગ્ય શતકમ્

## સંસ્કૃત છાયા સહિત

(માનવ જીવનની અમૂલ્ય આરાધના કરાવી
શિવસુખ પ્રાપક અપૂર્વ માર્ગદર્શિકા)

★

પૂ૰ પ્રવર્તિની સા૰ શ્રી ગુણશ્રીજી મ૰ શ્રીનાં શિષ્યા સા૰
શ્રી રાજેન્દ્રજી તથા સા૰ શ્રી પ્રવીણાશ્રીજીના ઉપદેશથી

★

પ્રકાશક
પંડિત છબીલદાસ કેસરીચંદ
દાનવીર શેઠ બુલાખીદાસ નાનચંદ સંસ્થાપિત
શ્રી સ્યાદ્વાદ સંસ્કૃત પાઠશાળા—ખંભાત

વીર૰ સં૰ ૨૪૭૪] અમૂલ્ય [વિ૰ સં૰ ૨૦૦૪

અરુણોદય પ્રિન્ટીંગ પ્રેસ, ગવાડા દરવાજા પાસે : ખંભાત

ૐ अर्हम्

卐 શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ 卐

# સાર્થ ભવવૈરાગ્યં શતકમ્

## સંસ્કૃત છાયા સહિત

(માનવ જીવનની અમૂલ્ય આરાધના કરાવી
શિવસુખ પ્રાપક અપૂર્વ માર્ગદર્શિકા)

★

પૂ૦ પ્રવર્તિની સા૦ શ્રી ગુણશ્રીજી મ૦ શ્રીનાં શિષ્યા સા૦
શ્રી રાજેન્દ્રજી તથા સા૦ શ્રી પ્રવીણાશ્રીજીના ઉપદેશથી

પંડિત છબીલદાસ કેસરીચંદ


દાનવીર શેઠ [illegible] સંસ્થાપિત
શ્રી સ્યાદ્વાદ સંસ્કૃત [illegible] ખંભાત

વીર૦ સં૦ ૨૪૭૪] અમૂલ્ય [વિ૦ સં૦ ૨૦૦૪

અરુણોદય પ્રિન્ટીંગ પ્રેસ, ગવાડા દરવાજા પાસે : ખંભાત

પૂજ્ય પ્રવર્તિની સાધ્વીજી સૌભાગ્યશ્રીજી મ. ના શીષ્યા સા. ગુલાબશ્રીજી મ. તેમના શીષ્યા સા. ગુણશ્રીજી મ. ના શીષ્યા સા. ધરણેંદ્રશ્રીજી તથા સા. પ્રવિણાશ્રીજીના સદ્ગુપદેશથી વેજલપુર (સ્ટેશન ખરસાલીઆ) નીવાસી ગાંધી કાન્તિલાલ વાડીલાલના ધર્મપત્ની ચંદનબેન તરફથી સ્વર્ગસ્થ પૂ. ગુણશ્રીજી મ. ના સ્મરણાર્થે ભેટ.

પ્રવર્ત્તિની સાધ્વીજી શ્રી સૌભાગ્યશ્રીજીનાં શિષ્યા

સાધ્વીજી ગુલાબશ્રીજીનાં શિષ્યા

## સાધ્વીજી શ્રી ગુણશ્રીજી મહારાજ.



જન્મ સં. ૧૯૪૫ ના શ્રાવણ વદી ૬ ખંભાત

દીક્ષા સં. ૧૯૬૨ ના માગશર સુદી ૧૧ અમદાવાદ.

સ્વર્ગવાસ સં. ૨૦૦૧ ના અષાડ વદી ૪ વેજલપુર

# સરલ સ્વભાવી શુદ્ધશ્રદ્ધાવંત સાધ્વીજી મહારાજ શ્રી

## ગુણશ્રીજી મહારાજશ્રીના જીવનનો ટુંક પરિચય

### જન્મ સ્થાન

૪૫ લાખ યોજન પ્રમાણ માનવભૂમિના સારભૂત ભારતવર્ષ, તેમાં સારભૂત ગુજરાત પ્રદેશ તેમાં પણ અનેરા સારભૂત ખંભાત (સ્તંભતીર્થ) શહેર કે જે પ્રાચીનતાની પ્રતિમા અને પૂર્વકાલીન જૈનોના અપૂર્વ ગૌરવવાલી ભૂમિ છે. જ્યાં વસ્તુપાલ તેજપાલ નામે મહા મંત્રીઓ અને પૂજ્યપાદ હેમચંદ્રસૂરિજી તેમજ મહારાજા કુમારપાલની અપૂર્વ છાયા ફેલાયલી હતી અને નવાંગીવૃત્તિકાર શ્રી અભયદેવસૂરિજી મહારાજાએ 'જયતિહુઅણ' સ્તોત્રથી પ્રગટ પ્રભાવી સ્થંભન પાર્શ્વનાથની પ્રતિમા પ્રગટ કરી હતી વળી અર્વાચીનકાળમાં પણ ૬૫ ગગનચુંબી જિનાલયોથી સુશોભિત એમ અનેક અનેરાં સ્વરૂપવંતુ શહેર છે તેમાં આ મહાન્ આત્માએ જન્મ લીધો હતો.

### જન્મ કુલ

તેમાંય અનેક ઉતરતા દરજ્જાનાં પણ માનવકુળો હોવાં સ્વભાવિક છે. પરંતુ તેવાં સામાન્ય કુળોમાં જન્મ ધારણ ન કરતાં ઉત્તમોત્તમ દરજ્જાવાળા વીશાશ્રીમાળી વણિક જ્ઞાતિમાં અને તેમાંય સારાય શહેરમાં અગ્રેસરતા ધરાવતા ગાંધી કુટુંબમાં કસ્તુરચંદ જેચંદભાઇને ત્યાં પુતળીબાઇની કુક્ષિરૂપ છીપમાં સ્વાતિ નક્ષત્રના બિંદુના પાકરૂપ સં. ૧૯૪૫ના શ્રાવણ શુદિ ૬ને શુક્રવારે જન્મ ધારણ કર્યો હતો.

ઉચ્ચકુળ, ઉચ્ચ નીતિ અને ઉચ્ચ વારસાવાળા કુટુંબમાં જન્મ ધારણ કરવો તે પણ મહાન્ પુણ્ય પ્રકૃતિથી જ સાંપડે છે.

### માનવ જન્મની વિશિષ્ટતા

આજે તો પાશ્ચાત્યપ્રજાની દોરવણીથી સંસ્કાર વિભૂષિત આર્યપ્રજામાં ઉતરેલાં કપડાંને ધારણ કરવારૂપ કુસંસ્કારને સંસ્કારિતાપણે

ગણાવી 'બકરું કાઢતાં ઉંટ પેસી જવાના' ન્યાયે જોર જમાવી દીધું છે, સ્પૃશ્યાસ્પૃશ્યની ભેળસેળતાનો પવન જોરશોરથી ફુંકાયો છે કે જેથી દરેકમાં કર્મ પરિણામની જુદાશ સગી આંખે જોઇ શકવા છતાં એક લાકડે હાંકવા જેટલી જડતાએ ઘર કરી દીધું છે.

દેવોમાં પણ જુદી જુદી નિકાયો અને નાના મોટા દેવો છે. તિર્યંચોમાં પણ જુદી જુદી જાતનાં પશુપંખીઓ છે કે જેની આપણે ઓછીવત્તી કિંમત આંકીએ જ છીએ તો પછી વિચારક એવી માનવ પ્રજામાં બધાં જ માનવ સરખાં કેમ હોઇ શકે ? અને તેમ નથી જ છતાં તેમ માનવું તે તો " કમળાના દર્દથી ધોળી વસ્તુને પીળી જોવી " તેના જેવી સ્થિતિ છે.

આમ ઉચ્ચ કુટુંબમાં જન્મ ધારણ કરી કુટુંબના વારસાગત ઉચ્ચસંસ્કારો ધારણ કરવા સાથે આત્મિક વિચારશ્રેણીમાં આગળ વધતાં સાંસારિક વાસનાઓથી ઉદ્વિગ્ન થયાં પણ જૈનસાધ્વીપણું એટલે શકરી-બેન માંથી ગુણશ્રીજીપણું મેળવી લેવું તદ્દન સુલભ નહિ હોવાથી તેમને અનિચ્છાએ પણ ખંભાતના જ રહીશ નગીનદાસ ફુલચંદભાઈ સાથે લગ્નગ્રન્થિથી જોડવામાં આવ્યાં. કારણ કે લોકમાં કહેવત પણ છે કે– 'યમને દેવાય પણ યતિને ન દેવાય' એ લોકોક્તિ અનાદિ વાસનાજન્ય વિકૃતિને બરાબર સાબિત કરે છે.

આમ છતાં પણ વિરક્ત એવાં શકરીબેન સાંસારિક વમળમાં મુંઝાયાં તો નહિ જ પણ અનેક પ્રકારના વિકટ પ્રયત્નો કરવા છતાં ગુણશ્રીજીપણું ન મળતાં નાસી છુટયાં છેવટે તેમના પિતૃપક્ષની અનુમતિ થતાં અને શ્વશુરપક્ષ પણ પૂ. સૌભાગ્યશ્રીજીની અપૂર્વ વાણી પ્રકાશનમાં અંજાતાં બંનેયની અનુમતિથી પરમપવિત્ર ભાગવતી પ્રવ્રજ્યા અંગીકાર કરી ગુણશ્રીજી નામને શોભાવવા ભાગ્યશાળી બન્યાં અને પૂ. સૌભાગ્યશ્રીજીનાં પંચમ શિષ્યા ગુલાબશ્રીજીનાં શિષ્યા તરીકે જાહેર થયાં દીક્ષાનો દિવસ સં. ૧૯૬૨ ના માગશર શુક્લા એકાદશી (મૌન એકાદશી).

## દીક્ષાની વિશિષ્ટતા

તેમની દીક્ષાની મુખ્ય વિશિષ્ટતા એ હતી કે—દીક્ષા અનુમતિ પૂર્વક થવા છતાં પણ મોહવશ પ્રાણીઓએ તેમના ઉપર તવાઈ લાવતાં તેમને કોર્ટમાં જવાબ આપવો પડયો હતો. અને કોર્ટમાં તેમને સંસારમાં જવા તેમજ સાંસારિક સુખોની લાલચ આપવા પૂર્વક કોઈ પણ મુશ્કેલી ન પડે તેવી સગવડતા કરી આપવા ઘણું ઘણું સમજાવવામાં આવ્યું અને ઘણા ઘણા ઉલટ સુલટ પ્રશ્નો પણ કર્યા કે તમને શી મુશ્કેલી છે તેં ચારિત્ર લેવું પડે છે તેનો તેઓશ્રીએ એવો સુંદર જવાબ આપ્યો કે–જો મને સાંસારિક સુખો ભોગવવાની, ઇચ્છાઓ હોય તો અનેક જાતની સગવડ છે જરાય મુશ્કેલી નથી પણ તે ક્ષણધ્વંસી પૌદ્ગલિક સુખને હું સુખ માનતી જ નથી સાચું-સુખ જ તેનું નામ છે કે–જે સુખની પાછળ દુ:ખનો લવલેશ પણ ન હોય સાંસારિક સુખની પાછળ દુઃખના મોટા ડુંગરાંઓ જોવા પડે છે તેના કરતાં ચારિત્ર માર્ગનાં મન ગમતાં કષ્ટો વેઠવાં મને અનેક ગણા સુખરૂપ લાગે છે કારણ કે—ઇચ્છા પૂર્વક ભોગવેલાં દુ:ખો પરિણામે મહાન્ સુખ આપનાર બને છે વળી જેની પાછળ દુ:ખનો સમુદ્ર જોવો પડતો નથી, આવા જવાબથી આખી કોર્ટ છક થઇ ગઈ અને તેમને તેમના મનગમતા સુખમાં મ્હાલવામાં કોઈ આડે આવનાર ન બન્યું.

### સમુદાય

દીક્ષામાં પણ—આવો સુવિહિત સમુદાય તેમજ શાસનસમ્રાટ્ આચાર્ય શ્રીમદ્વિજય નેમિસૂરીશ્વરજી મહારાજશ્રીનું આજ્ઞાનુવર્તીપણું પામી પોતાના આત્માને અહોભાગ્ય માનવા લાગ્યાં અને સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્રની પ્રવૃત્તિમાં આગળ વધવા લાગ્યાં જેથી તેમના પૂ. ગુરુણીજી મ. શ્રીનો અનહદ પ્રેમ વધતો હતો. અને પૂ. ચરિત્ર-નાયિકા પણ ગુરુણીજી આદિનાં વિનય વૈયાવચ્ચમાં તલ્લીન રહેતાં

હતાં. આ રીતે તેઓ પૂ. ગુરુણીજી સાથે વિહાર કરી પાલીતાણા—ગિરિરાજની છાયામાં આવી યાત્રા કરી તે ચાતુર્માસ પાલીતાણામાં કર્યું એમ તેઓશ્રીનાં ચાતુર્માસની યાદી જુદી આપવામાં આવશે અહીં માત્ર તેઓશ્રીનાં વિશિષ્ટ કાર્યોની જ નોંધ લઈશું,

પૂ. ચરિત્રનાયિકાએ જે પૂ. સાધ્વીશ્રી સૌભાગ્યશ્રીજી પાસે દીક્ષા લીધી હતી તેમનું જીવન ઘણું ઉચ્ચ કોટિનું રસિક અને પ્રૌઢતાભર્યું છે. જેમણે જૈનશાસનનાં મહાન્ કાર્યો એવાં સુંદર રીતે કર્યાં છે કે જે સારા સાધુ મહાત્મા માટે પણ કઠીન છે જેથી તેમની જીવન રેખા ખંભાત તેમજ બીજાં અનેક ક્ષેત્રોના હૃદયમાં હજુ સુધી પણ અનેરી છાપ પડી રહી છે.

પૂ. ચરિત્રનાયિકાની પૂર્વાવસ્થારૂપ સકરીબેનના સંબંધીઓમાં—તેઓશ્રીનાં ચાર ભાઈઓ ૧ ભીખાભાઈ ૨ મોતીલાલ ૩ જેઠાલાલ જંબુભાઈ અને ત્રણ બ્હેનો ૧ સાંકુબેન ૨ શકરીબેન ૩ બાબરીબેન.

આમ તેઓશ્રીનું મોટું કુટુંબ હતું અને ખૂબ ધર્મ ચુસ્ત હતું અને સારાય ખંભાત શહેરમાં ઉચ્ચ આદર્શ ધરાવતું હતું જેથી ખાનદાનીયત, ઉચ્ચ સંસ્કાર ઉચ્ચ પ્રતિષ્ઠા વિગેરે માટે લખવું તે તો પુનરુક્તિ કરવા બરાબર છે. તેમનાં ત્રીજા નંબરનાં બાબરી બ્હેને પણ નાની ઉમરમાં વિધવા પણું પ્રાપ્ત થવાથી આંતરિક વૈરાગ્યરંગની ખીલવટ થતાં તેમની જ પાસે દીક્ષા લઇ તેમના ત્રીજા નંબરના શિષ્યા તરીકે ચંદ્રશ્રીજી નામ ધારણ કર્યું હતું.

જૈન સાધ્વી થવું એ એટલું બધું રહેલું નથી કે વેશ પહેરવાથી પતી જાય હંમેશાં ઉઘાડા પગે રહેવું, ટાઢ તાપ સહન કરવાં, સદાને માટે પગે ચાલી વિહાર કરવા, ભિક્ષાવૃત્તિથી શરીર ટકાવવું, ત્યાગ તપશ્ચર્યાનું પાલન કરવું, ગમે તેવા સંજોગોમાં પણ કડકમાં કડક ગુરુઆજ્ઞા શિરોમાન્ય કરવી, છ છ મહીને લોચાદિ કરાવવા આમ અનેક જાતનાં કષ્ટો સ્વેચ્છાએ સ્વીકારવાથી જ જૈન સાધ્વી તરીકેની લાયકાત આવે છે.

## ગુણબીજ

આ બધા ગુણોનું બીજ બાલ્યવયથી જ તેમનામાં જણાતું હતું તેમ ન હોય તો મોટી ઉંમરે પણ આવે જ ક્યાંથી! પણ બાલ્યવયમાં આચ્છાદિત રહેલા તે ગુણો આવરણ જતાં ખીલી નીકળે ૨૫ વર્ષે મહાન્ વિદ્વત્તા મેળવનાર બાલક બે વર્ષની ઉંમરે પુરૂં બોલી પણ શકતો નથી તો પછી વાંચતાં લખતાં તો ક્યાંથી જ આવડે છતાં તેની તે વ્યક્તિમાં વખત જતાં કેટલો બધો ફરક પડે છે. તો જરૂર કહેવું પડશે કે—"બાલ્યવયના આચ્છાદિત ગુણો જ મોટી ઉંમરે પ્રકાશમાં આવે છે." કદાચ કોઇ એમ કહે કે—"અભ્યાસ અને સત્સંગથી ગુણો આવે છે" તે વાત સ્થૂલ દ્રષ્ટિએ ભલે વ્યાજબી લાગે પણ એકાન્તે તે માનવા યોગ્ય ન ગણાય કેમકે અભ્યાસાદિ બધી જ રીતે સરખી સામગ્રીવાળા બે બાળકોમાં એક પહેલે નંબરે જ્યારે બીજો છેલ્લે નંબરે બેસે છે. વખત જતાં એક મહાન્ વિદ્વાન તરીકે જાહેર થાય છે જ્યારે બીજો તદ્દન સામાન્યની પંક્તિમાં પણ મહા-મહેનતે આવે છે એટલે બહારની અભ્યાસાદિ સામગ્રી કરતાં પણ આંતરિક લાયકાત એ જ બંનેના ભેદનું—શક્તિનું મૂળ કારણ છે.

અંદર લાયકાત હોય તો જ મોટી ઉંમરે પણ તે ખીલે 'કુવામાં હોય તો હવાડામાં આવે' તેલ તલમાંથી નીકળે પણ રેતીને ગમે તેટલી પીલવા છતાંયે નહિ જ નીકળે માટે નક્કી થાય છે કે પ્રાણી-ઓમાં અમુક શક્તિઓ અમુક કાળ સુધી ઢંકાયેલી રહે છે જ્યારે પ્રસંગ આવે ખીલી નીકળે છે વખત જતાં ખીલેલી શક્તિ પણ ઢંકાવાનો પ્રસંગ આવે છે વિદ્વાન્ માણસ પણ મગજની અસ્થિરતા થતાં તદ્દન બુડથલ અને કંટાળાભરેલો બની જાય છે આથી પ્રાણી-ઓમાં શક્તિઓ ભિન્ન ભિન્ન પ્રકારની છે.

તેમ આપણાં ચરિત્રનાયિકામાં પણ સમ્યગ્દર્શન જ્ઞાનચારિત્રને ઢાંકનાર આવરણ ખસી જતાં આંતરિક આચ્છાદિત શક્તિઓ યોગ્ય પ્રસંગ સાંપડતાં ખીલવા માંડી કે જેની પ્રભાથી શાસન પ્રકાશિત

દેખાવા લાગ્યું. એટલે ગુણશ્રીજી એવા નામને નામ પ્રમાણે જ અપૂર્વ ગુણો કેળવી સાર્થક કરી બતાવ્યું આવું નામ ધારણ કરવાની લાયકાતવાળા કોણ હોઇ શકે તેનો જરા વિચાર કરી લઇએ.

## નામની મહત્તા

શરીર કે કર્મ રહિત શુદ્ધ પવિત્ર આત્માઓને તો કોઈપણ નામોની જરૂરીયાત રહેતી જ નથી પણ આવાં નામો તો શરીર અને કર્મસહિત આત્માઓને જ દુન્યવી વ્યહવારમાં વ્યવહારૂ બનવા માટે જ કોઈને કોઇ નામ ધારણ કરવું પડે છે.

ગુણશ્રીજી એવું નામ વ્યવહાર માટેનું હોવા છતાં તે કંઈક વિશિષ્ટતાભર્યું છે. દુનિયામાં એવાં નામો ભાગ્યે જ પડે છે અને પડે તો કોઇ વિશિષ્ટ લાયકાતવાળા માનવીઓનાં જ પડે છે.

જેનું જેટલું વધારે મહત્વનું સ્થાન તેટલી જ તેમાં સંખ્યાની ઓછાશ. સોનાની કિંમત વધારે છે જ્યારે તેને મેળવવામાં ઘણી મહેનત છે તેમ આવાં નામ ધરાવનાર વ્યક્તિઓની કિંમત આંકી શકાય તેમ નથી ત્યારે સંખ્યા બહુ જ અલ્પ હોય તે સ્વભાવિક છે.

એક બાજુ એક હજાર ભિખારીને મૂકો અને બીજી બાજુએ તે હજારેનું બલ્કે સારાયે શહેરને દોરવણી આપનાર અને પાલન કરનાર એક જ વ્યકિત મૂકી તુલના કરતાં એક જ વ્યકિતની કિંમત જરૂર વધારે આંકવી જ પડશે. કહેવત પણ છે કે—'સો મરો પણ સોનો પાલનહાર ન મરો' માટે જ બધા માનવો બે પ્રકારના છે. જંગલી અને સામાજિક, સામાજિકમાં-પણ આર્ય અને અનાર્ય આર્યમાં પણ-વંશ પરંપરાગત શુદ્ધિવાળા અને ઈતર, વંશપરંપરાની શુદ્ધવાળાઓમાં જવાબદારી ઉપાડી શકે તેવા અને બિનજવાબદાર, જવાબદારમાં પણ દુન્યવી જીવનવાળા અને આધ્યાત્મિક જીવનવાળા, આધ્યાત્મિક જીવનવાળાઓમાં સ્વોપકાર સાથે પરોપકારાર્થે જીવન ટકાવવાવાળા અને કેવળ પરોપકારાર્થે જીવન ટકાવવાવાળા આમ જેમ જેમ

આગળ વધીયે તેમ તેમ ઉંચું સ્થાન આવે જ્યારે સંખ્યા ઘણી ઓછી અગતી જાય.

ઉપર જણાવેલ દરેક સ્થાનમાંથી આધ્યાત્મિક જીવનને સ્વોપકાર સાથે પરોપકારાર્થે જીવનાર ગુણશ્રીજી જેવાં નામ પ્રાપ્ત કરવાની લાયકાત ધરાવી શકે છે.

આ ઉપરથી એમ ખ્યાલ આવશે કે–ગુણશ્રીજી નામની કેટલી મહત્વભરી કિંમત છે. કેટલીયે હદસુધીનાં ઉચ્ચ સ્થાનોને વટાવ્યાં બાદ જ ગુણશ્રીજી જેવાં નામ પ્રાપ્ત કરવાની યોગ્યતા આવે છે આવાં નામ મેળવવા તો દૂર રહો પણ જે જીવો પામી શકવા જેટલીં યોગ્યતા સુધી પણ આવતા નથી તેવા તો જગતમાં અનેક પ્રાણીઓ છે અને ક્ષણે ક્ષણે અનંત ઉપજે છે અનંત મરે છે માટે તેવા જીવોની તેટલી મહત્તા હોતી નથી કે જેટલી મહત્તા આવાં નામવાળાંઓની હોય છે.

વર્તમાન સમયની આગળ પડતી દરેક સ્ત્રીઓ જેવી કે— દેશસેવિકાઓ,, શેઠાણીઓ, પ્રમુખીઓ, લેડીડોક્ટરો, લેડીઇન્સપેક્ટરો; સેક્રેટરીઓ, કવિયત્રીઓ, પ્રતિવ્રતાઓ, બ્રહ્મચારિણીઓ, રાજરાણીઓ; દયાદેવીઓ, ગોરાણીઓ, તાપસીઓ એ બધી કરતાં સાધ્વીજી મહારાજો મહાસતી શિરોમણી ગણાય છે કારણ કે—

પ્રતિવ્રતા સ્ત્રી સતી, સમ્યક્ત્વધારી સતીતર, દેશવિરતીધર સતીતમ અને સર્વ વિરતીધરમાં અતિસતીતમ એટલે મહાસતીપણું છે.

## મહાસતીતમ જૈન સાધ્વીજીનું જીવન

જીવનભર કોઇ પણ પ્રાણીની હિંસા પોતાની ખાતર ન થાય, તેના માટે સતત જાગ્રત રહેવું પોતાના માટે જરૂરી કોઈ પણ વસ્તુનો ઉપયોગ પોતાની જાતે તો હિંસા વિનાની હોય તો જ કરી શકે તડકા અને લોકોના પગફેરથી ખુંદાયેલા રસ્તા અને જમીન ઉપર જ જીવનભર ચાલવાનું અને રહેવાનું, સચિત્ત કોઇ પણ વસ્તુને અડકાય જ નહિ. અડકવાથી તે જીવોને દુઃખ થાય પાણી માટે પણ તેમજ; નદી,

નાળાં, તળાવ, કુવા, વાવ, સમુદ્ર, સામે ભર્યા હોય, નળ વ્હેતા મૂકયા હોય તો પણ તેના એક ટીપાનોય ઉપયોગ તો શું ! પણ અડાયે નહિ.

ગમે તેવી કડકડતી ટાઢ, હિમ કે બરફથી અંગ ઠુંઠું થઈ જાય તો પણ અગ્નિને અડવાનું, તાપવાનું હોય જ નહિ તો પછી રાંધો લેવાની વાત જ શી !

ગમે તેવી ગરમી થાય મુંઝાઇ જવાય તો પણ પંખાનો તો શું ! પણ કાગળ કપડાથીયે પવન ખંવાય જ નહિ.

ફળ ફુલ શાક અનાજ વિ. નો જાતે સ્પર્શ કરવાનો હોતો જ નથી ગમે તેવી ભૂખ લાગી હોય સામે ખોરાક ભરપૂર હોય વૃક્ષો ફળાદિથી લચી પડતાં હોય તો પણ તેને અડાય જ નહિ. માત્ર માલીકે પોતાના માટે તૈયાર કરેલ હોય, અચિત્ત થયા હોય, માલીક પોતાની ઇચ્છાથી જ એટલે કોઇ પણ જાતનો સંકોચ રાખ્યા સિવાય આપવા તૈયાર હોય તેમ છતાં ગુરુની આજ્ઞા મળી હોય તો જ કામમાં લઇ શકાય.

આમ કોઇ પણ જીવની પોતે હિંસા કરે નહીં પોતાના નિમિત્તે બીજા પાસે કરાવે નહીં અને કરનારના આરંભાદિનાં કાર્યોમાં સંમત ન થઇ જવાય તેનો પૂરેપૂરો ખ્યાલ રાખે.

સ્હેજ પણ જૂઠું ગમે તેવા સંજોગોમાંયે બોલે નહીં પોતાના કારણે બીજા પાસે પણ બોલાવે નહીં અને બોલનારમાં સંમત ન થઇ જવાય તેની પૂરેપૂરી સાવચેતી રાખે.

નહીં યાચના કરેલી કોઇ પણ વસ્તુનો પોતે ઉપયોગ કરે નહીં કરાવે નહીં અને કરનારને અનુમોદન આપે નહી.

પુરૂષ જાતિના ગમે તેવા નાના બાળકનો પણ જીવનભર સ્પર્શ નહીં કરવાનો. કારણ કે સ્મરણ માત્રથી પણ બ્રહ્મચર્યનો ભંગ ન થઇ જાય એ માટે આ જાતનાં રક્ષણોથી બ્રહ્મચર્ય પાલન માટે કડકાઇ જાળવવાની હોય છે તો પુરૂષ સહવાસ કે સંસર્ગની વાત જ શી ! બલકે જે જગ્યાએ પુરૂષ બેઠેલ હોય તે જગ્યાએ પણ અમુક વખત

સુધી તો બેસાય નહીં. એટલે પોતે અબ્રહ્મસેવન કરે નહીં કરાવે નહીં અને કરનારથી તદ્દન અલગ રહે. એટલે જરાય અનુમોદન અપાઈ ન જાય તેનો ખ્યાલ રાખે.

કોઈ પણ જાતનાં સાંસારિક વૃદ્ધિનાં કારણરૂપ પાઈ પૈસો દાગીના ધન ધાન્ય બાગ બગીચા દાસી દાસાદિ પરિગ્રહ હોય તેને પણ છોડી દેવાના. તો રાખવાની તો વાત જ શી ! એટલે રાખે નહીં રખાવે નહીં અને રાખનાર પ્રત્યે ઉપેક્ષા વૃત્તિ હોય. ખાવાની કે મુખમાં નાખવાની ગમે તેટલી સારી ચીજ હોય, બીજી સવારે મળે તેમ પણ ન હોય છતાં પણ સૂર્યાસ્ત પછી તો તે ચીજ પોતાનીપાસે કે બીજાની પાસે રાખી રખાવી શકાય જ નહીં.

સૂર્યોદય પછી ૪૮ મિનિટ અને સૂર્યાસ્ત પછી તો ગમે તેવા સંજોગોમાં ખોરાક પાણી લેવાય જ નહીં.

આમ અનેક ગુણોવાળું જીવન જીવી બતાવવાથી જ જૈન સાધ્વી બની શકાય છે, પણ એકાંતે આત્મહિતકર છે એમ સમજાઈ ગયા પછી આત્મા આ રીતે વણાઈ જ ગયો હોય છે કે જેથી તેને આવું જીવન રસિક લાગે છે.

આમ આપણાં પૂ. ચરિત્રનાયિકા અહિંસા સંયમ અને તપની મૂર્તિ હતાં. ઓછામાં ઓછા સાધુ જીવનને યોગ્ય આ ગુણ ન હોય તે સાધુ સાધ્વી જ નથી. તો પછી ઉપર બતાવેલ જૈન સાધુ સાધ્વીપણું તો ક્યાંથી જ આવે ! પણ આ તપસ્વીનીમાં તો તે ગુણોની ભાવના પહેલેથી ભરેલી હતી હવે તો ઓટ વિનાની ભરતીરૂપ વિકાસક્રમ ચાલુ થયો હતો અને દિન પ્રતિદિન તે ગુણો ખીલી રહ્યા હતા.

## જીવનની રસિકતા

કોઈ એવી શંકા કરી શકે છે કેઃ—ઉપરની બધી વસ્તુઓ કષ્ટરૂપ હોવાથી આવું જીવન જીવવું તે તો તદ્દન નીરસ, કઠોર અને

ફોગટ કષ્ટમય ગણાય. એવું જીવન તો જંગલમાં રહેલ ઝાડ, પશુ, પંખી પણ જીવે છે તો તેવા જીવનને ઉત્તમ શી રીતે ગણાય !

તેના જવાબમાં ખરેખર ! અમે પણ તેમ જ કહીયે કે—જો અનિચ્છાએ આવાં કષ્ટો લાદવામાં આવતાં હોય તો તેવું જીવન ઉત્તમ ન જ ગણાય. પણ પરિણામે ફાયદાનું અનુમાન કરવા પૂર્વક પોતાની ઇચ્છાપૂર્વક જ સ્વીકારેલાં તે કષ્ટો દુઃખરૂપ નથી થતાં પણ અનેક ગણાં આનંદરૂપ લાગે છે. દવા લેવી કે ઓપરેશન કરાવવું તે કષ્ટ હોવા છતાં ભવિષ્યના સુખને કારણે આનંદથી કરાવાય છે તેમ અહીં ભવિષ્યનું શાશ્વત સુખ મેળવવા માટે સહન કરેલું કષ્ટ કષ્ટરૂપ ન જ લાગે માટે જ્યાં કષ્ટ હોય ત્યાં જીવન નીરસ હોય તેવું એકાન્તે માનવું જરાય વ્યાજબી નથી.

વળી આ સાધ્વી જીવન બીજા પણ અનેક પ્રકારનાં આનંદ અને રસથી ભરપૂર છે. જેટલો વિદ્યાર્થીઓનાં રસોત્પાદક વિદ્યાભ્યાસમાં કલાકારને કલામાં ને વેપારીને વેપારમાં આનંદ આવે છે કે જે આનંદમાં ખાવાનું પણ ભૂલી જાય છે એટલે દુઃખ પણ સુખરૂપ બને છે તેમ આ જીવનમાં નવીન નવીન જ્ઞાનામૃત અને ઉપદેશામૃતના પાનમાં અને બીજાને તે માર્ગે દોરવામાં બીજાં કષ્ટો લક્ષ્યમાંયે આવતાં નથી. તેમજ ધાર્મિક ઉત્સવો, તીર્થયાત્રાઓ અને ગામેગામ નિસ્વાર્થે ફરતાં મળતા નવીન નવીન અનુભવોમાં આ કષ્ટપૂર્ણ જીવન પણ આનંદ અને રસપૂર્ણ બની સ્વપર કલ્યાણકર બને છે.

આ રીતે આપણાં ચરિત્રનાયિકા ગુણશ્રીજી મહારાજ પોતાનું સુદૃઢ જીવન ગુરૂમહાજની અપૂર્વ ભક્તિ અને છાયામાં ખીલવી ગુરૂમહારાજની સાથે નવીન નવીન અનુભવ અને જ્ઞાન મેળવવા લાગ્યાં. પણ તે બધા ગુણોમાં તેમણે ગુરૂભક્તિ અને વૈયાવચ્ચનો ગુણ ખૂબ કેળવ્યો તેના એક નમૂના તરીકે ખ્યાલ આપવામાં આવે છે કે -

'आणाए धम्मो' આજ્ઞામાં ધર્મ

એક વખત તેઓશ્રી ખંભાતમાં ગુરૂમહારાજની સાથે હતાં

અને ખંભાતમાં પંડિતનો જોગ ન્હોતો; જ્યારે પૂ. ચંપાશ્રીજી (પૂ. સૌભાગ્યશ્રીજીનાં આદ્ય શિષ્યા જે હાલમાં વયસ્થવિર પર્યાયસ્થવિર જ્ઞાનસ્થવિર અને અનુભવસ્થવિર છે અને જેમની પાસે પ્રભાશ્રીજી આદિ બહોળો સમુદાય છે) કે જેમને આપણા ચરિત્રનાયિકા દાદી ગુરૂણીજીની સમાનજ માનતાં હતાં તેઓશ્રી પેટલાદમાં ચાતુર્માસ રહેવાનાં હતાં ત્યાં પંડિતનો જોગ સારો હોવાથી ત્યાં જવા માટે દાદી ગુરૂણીજીની આજ્ઞા થતાં તેમનું દીલ ઘણું દુખાયું તેમજ સંગ છોડવો અસહ્ય થઇ પડયો છતાં પણ 'आणाए धम्मो' એ જૈન સૂત્ર અનુસરવામાં જ સાચી ગુરૂભક્તિ સમાયલી હોવાથી તેમને દુઃખતે દીલે પણ જવું પડયું કેવી અપૂર્વ. ભકિત !

" આજની કેળવણીમાંથી ગુરૂભક્તિ પ્રત્યેની હૃદયની તમન્ના દિનપ્રતિદિન ઉડતી જતી જોવાય છે. કૉલેજ શિક્ષણ અને સહશિક્ષણમાં તો એ અંશે પણ જણાતું નથી ગુરૂઓની મશ્કરીઓ જ થતી જણાય છે;

એક વખત ગજનગરની એક સ્કૂલમાં એક વીદ્યાર્થીને માસ્તરે મારતાં તે માસ્તરને અદાલતમાં ઘસડાવા સાથે માફી માગવી પડી હતી અને સ્કૂલમાંથી બરતરફ થવું પડયું હતું. જ્યારે પૂર્વના જમાનામાં તો ગુરૂ મારે તે તો સામાન્ય બાબત છે પણ ગમે તેવી મુશ્કેલીભર્યા પ્રસંગોમાં અને ગમે તેવું કડકમાં કડક ફરમાન કરે તો પણ શિષ્ય 'પોતાનું હિતજ હશે' એ શ્રદ્ધાપૂર્વક વિચારણાની રાહ ન જોતાં સ્વીકારી જ લ્યે અને જરૂર તેમાં હિત સમાયલું જ હોય. આમ ગુણશ્રીજી મહારાજ પ્રત્યેની દાદી ગુરૂણીજીની આજ્ઞામાં હિતજ હતું કારણકે યોગ્ય ટાઇમે અભ્યાસાદિ સામગ્રી એકઠી કરવી જરૂરી હતી તેજ કારણે તે આજ્ઞા હતી પણ ગુણશ્રીજી મહારાજે તેવો વિચાર ન મૂકતાં ગુરૂઆજ્ઞા માથે ચડાવી પૂ. ચંપાશ્રીજી ની શીતળ છાયામાં પેટલાદ પધાર્યા અને જીવનના અમૂલ્ય શણગારરૂપ અભ્યાસ સામગ્રી એકઠી કરી લીધી.

## તીર્થયાત્રા

વળી વિહારમાં તેઓશ્રી દરેકની ખૂબ ખૂબ વૈયાવચ્ચ કરતાં હતાં અને દરેક ઠેકાણેથી નવીન નવીન અનુભવો મેળવ્યે જતાં હતાં! તેમાંય સમેતશિખરજી આદિ કલ્યાણક ભૂમિઓની એ વખતની કડક અને કષ્ટ વિહારથી કરેલ તીર્થયાત્રામાં ખૂબ ખૂબ અનુભવ મેળવતાં અને ભવ્ય જીવોને સુંદર બોધ આપતાં પોતાનું જીવન સુંદર બોધપ્રદ બની ગયું કોઈને પણ કંઈક માંદગી કે તેવા પ્રસંગો હોય કે તેમનું ચિત્ત તો ત્યાંને ત્યાં જ ચોંટી રહે કારણ કે–કોઈનાય સારા કામમાં હું કેમ આવી શકું તે જ એક આંતરિક ભાવના તેમના આત્મામાં વસેલી હતી. ખરેખર માનવજાતમાં તેની જ મોટી જરૂરીયાત છે. નહિતર સામાન્ય પશુપંખીઓનું પુદ્‌ગલ જેમ કંઈને કંઈ ઉપયોગમાં આવે છે તેમ માનવના પુદ્‌ગલનો એક પણ અંશ કોઈનાય ખપમાં આવતો નથી.

## ગુરૂસેવા

સં, ૧૯૯૯ની સાલના પાલીતાણાના ચાતુર્માસમાં પૂ૦ દાદી ગુરૂણીજીની તબીયત બગડતાં તેમની ભક્તિમાં એટલાં બધાં તલ્લીન બની ગયાં હતાં કે–સાચું જીવન જ તે માન્યું હતું. એક ક્ષણ પણ હૃદયમાંથી તેમનો વાસ દૂર થતો ન હતો તેથી જ દાદી ગુરૂણીજીનો પ્રેમ પ્રાપ્ત કરવા ભાગ્યશાલી બન્યાં હતાં.

આપણે વ્યવહારમાં પણ જોઈએ છીએ કે–દરેક માબાપોને વિનયી અને વિવેકી છોકરાં ઉપર ખૂબ ખૂબ ચાહના થાય છે તેવી જ રીતે આપણાં ચરિત્રનાયિકા ઉપર ગુરૂણીજીને આંતરિક પ્રેમ ઠાલવવા યોગ્ય પાત્ર મળી જતાં જરૂર ઠલવાય.

આમ તેમના સુશ્રૂષાગુણે ગુરૂણીજી તો શું પણ એકે એક વ્યક્તિનો આંતરિક પ્રેમ ખૂબ સારી રીતે સંપાદન કર્યો હતો, એટલે સેવા કરવામાં તો જાણે નવીન દીક્ષિતજ ન હોય તેટલે સુધીની લઘુતા

ધરાવતાં હતાં. અને કોઈનુંય ભલું કરવાની તકને તો જરાય જવા દેતાં જ નહીં.

આવું અપૂર્વ જીવન જીવી શકવા માટે પણ ઘણા ભવોની તૈયારી અને તેને લગતી યોગ્યતાઓ ક્રમે ક્રમે મેળવતાં આવ્યાં હોય એમ ચોક્કસ માની શકાય અને તે બધાંના પ્રતિકરૂપે જ આ જીવન આવું બોધપ્રદ નીવડયું એમ આપણે જરૂર કલ્પી શકીએ.

તેમનાં દરેકે દરેક ચાતુર્માસમાં વિશિષ્ટ અને બોધપ્રદ કાર્યો ઘણાં થયાં છે તે બધાંનું વર્ણન કરવું આવશ્યક તો જરૂર છે પણ વિસ્તારના ભયથી વર્ણન કરવાની અશકયતા દિલગીરી સાથે જણાવવી પડે છે.

ગુરૂ મહારાજની તબીયત વધારે ને વધારે બગડી, છેવટે નજ સુધરી અને તેઓશ્રી પાલીતણામાં જ માગશર શુદિ ૯ મે કાળધર્મ પામ્યાં તે વખતે ગુણશ્રીજી મહારાજને તો જાણે મહાન્ આધાર તૂટી પડયો હોય, જાણે મહાન્ વિજળી પડી હોય તેવો આઘાત લાગ્યો અને સૂનસાન બની ગયાં પણ છેવટે જૈનત્વ અને તેમાંય એક અદ્‌ભૂત સાધ્વીત્વ વસેલું હોવાથી શોકમાં જ દિવસો વીતાવવા અનાવશ્યક ગણી પૂ૦ દાદી ગુરૂણીજીનાં અગ્રણી શિષ્યા પૂ૦ ચંપાશ્રીજીની આજ્ઞા શિરોમાન્ય કરી અને ગુરૂણીજીના વિશાલ સાધ્વી સમુદાયને સુંદર રીતે સાચવવા લાગ્યાં અને પોતાના અંતરાત્માનું ગમે તેમ થવા છતાં ગુરૂણીજીની ખોટ (જો કે સૂર્ય વાદળમાં છુપાઇ જતાં પ્રકાશ જરૂર ઝાંખો પડે) બીજાને ન દેખાય તેવી રીતે સાધ્વી સમુદાયની સ્થિરતામાં તત્પર બન્યાં અને શાંતિ નિમિત્તે ઘણાં ગામોમાં અઠ્ઠાઈ મહોત્સવ તથા શાન્તિ સ્નાત્રો કરાવ્યાં.

પૂ૦ ગુણશ્રીજી મહારાજનાં લગભગ ઘણાંખરાં ચાતુર્માસ દાદી ગુરૂણીજીની નિશ્રામાંજ થયાં હતાં અને તેથી જ તેમનામાં સાહજિક અને સાંબંધિક ગુણો ખીલી નીકળ્યા હતા, કારણ કે, અનેક

જાતની વિદ્યા અને અનુભવ સંપાદન કરવાનો મુખ્યમાં મુખ્ય રસ્તો ગુરૂની સેવાજ છે કહ્યું પણ છે કેઃ—

**गुरुसुश्रूषया विद्याक्क पुष्कलेन धनेन वा ।**
**अथवा विद्यया विद्या, चतुर्थी नोपपद्यते ॥ १ ॥**

આ કહેવતમાં પણ ગુરૂ સેવાનું અગ્રસ્થાન છે લોકમાં કાલીદાસ કવીના સંબંધમાં પણ કહેવાય છે કે તેણે માત્ર કાલી દેવીના પ્રસાદથી જ વિદ્યા પ્રાપ્ત કરી છે. તેથી જ તેનું નામ કાલીનોદાસ –કાલીદાસ પડયું છે સ્યાદ્વાદ શાસ્ત્રોમાં પણ બુદ્ધિ ૪ પ્રકારની બતાવી છે ૧ ઔત્પાતિકી ૨ વૈનયિકી ૩ કાર્મિકી અને ૪ પારિણામિકી આપણાં પૂ૦ ચરિત્રનાયિકા ગુરૂસહયોગમાં તેમજ અનેક જાતના માનવોના સમાગમમાં આવી ચારે જાતની વિદ્યાવંત--અનુભવવંત બની ગયાં હતાં જેથી તેમનું જીવન એક આદર્શ સાધ્વી તરીકે ખીલી નીકળ્યું હતું.

દરેક ગામના વિહાર તથા ચતુર્માસમાં અનેક ભવ્ય જીવોને ઉપદેશ આપી વૈરાગ્યરસિક બનાવ્યા હતા અને કેટલાય મુમુક્ષુ આત્માઓને ચારિત્ર માર્ગમાં જોડયા હતા.

## અંતિમ ચાતુર્માસ

દાદી ગુરૂણીજીની હાજરી દરમ્યાન માત્ર તેમની આજ્ઞાને આધે અડાવી પંચમહાલ જીલ્લામાં ગોધરા--વેજલપુર ચોમાસું કર્યું હતું અને ચોમાસા દરમ્યાન ત્યાં ઉપધાન વિ. સુંદર શાસન પ્રભાવિક કાર્યો થયાં હતાં વળી તે ભૂમિમાં તો ધર્મનું બીજજ તેમણે રોપ્યું એમ કહીયે તો પણ અતિશયોક્તિરૂપ નથી જ કારણ કે એ પ્રદેશમાં બધા લોકો નિશ્ચય નયને જ વળગી રહેલા હતા જેઓ ક્રિયાને બીલકુલ માનનારા નહોતા તેમને વ્યવહાર નિશ્ચય બંને નયની સમજણ આપવા પૂર્વક સ્યાદ્વાદ માર્ગમાં ખૂબ સ્થિર કર્યા જેથી આજે પણ તે પ્રદેશ પૂ૦ ગુણશ્રીજી મહારાજનો તેમજ તેમના સમુદાયનો ભારોભાર ઉપકાર માની રહ્યો છે. તેમના ગુણોથી

આકર્યાંઇ નિશ્ચય નયની એકાન્ત માન્યતા છુડી એટલું જ નહિં પણ તેઓ ક્રિયામાં એટલા બધા જોડાઇ ગયા કે તેમનો ઓરો ન મળે અને બ્હેન ધીરજ વિ, તો ચારિત્ર લેવા સુધીની હદે પહોંચ્યાં જેથી આજે તે પ્રદેશનાં ઘણું સાધ્વીજી મહારાજો તેમનાં જ શિષ્યા પ્રશિષ્યા તરીકે મોજુદ છે.

આ પ્રદેશમાં ધર્મનું વ્હેણુ ખૂબ વધી જતાં તેમનો અંતરિક પ્રેમ એટલો વધી ગયો કે જાણે આગાહી રૂપજ ન હોય તેમ છેલ્લું ચાતુર્માસ એકાન્ત શાન્તિ નિમત્તે તે પ્રદેશમાં વેજલપુરનું આમ રાખ્યું ખંભાતથી ચાતુર્માસ માટે વિહાર કરી બોરસદ આવતાં તો તેમણે કેટલાંક સાધ્વાજીઓને બોલાવી છેલ્લી છેલ્લી સોંપણી પણ કરવા લાગ્યાં ત્યાર બાદ રસ્તામાં ગોધરા સંઘની વિનંતિથી થોડો ટાઇમ ગોધરા રોકાઇ તપશ્ચર્યાદિ અનેક શાસન શોભાનાં કાર્યો કરાવી વેજલપુર પધાર્યાં ત્યાં ચાતુર્માસ બેસતાં જ તબીયત નરમ થઇ વેજલપુરના સંઘે તન—મન--ધનથી ખૂબ ખૂબ ઉપચારો કરવા છતાં તબીયત નજ સુધરી આ વખતે આગમોદ્ધારક આ દે. શ્રીમત્સાગરાનંદસૂરીશ્વરજી ના પ્રશિષ્ય પૂ૦ હંસસાગરજી મ. શ્રીએ પોતાના અમૂલ્ય ટાઇમનો સુંદર ભોગ આપી છેલ્લી છેલ્લી નિઝામણા બહુ જ સુંદર રીતે કરાવી તથા સર્વ સમુદાયે પણ ખૂબ ખૂબ અંતિમ ધર્મારાધન કરાવવા સાથે વૈયાવચ્ચ કરી આ વખતે ગોધરા ચાતુર્માસ રહેલ પૂ૦ જિનેન્દ્રશ્રીજી આદિ પણ આવી ગુરૂ સેવામાં હાજર થયાં હતાં એમ ત્રણ દિવસ જેટલી ટુંકી માંદગી ભોગવી સં. ૨૦૦૧ ના અષાડ વદી ૪ ના ૧૨ વાગતાં કાળધર્મ પામ્યાં.

વેજલપુરના સંઘમાં આવો કોઈ પણ વખત નહિ બનેલો બનાવ બનવાથી અને તેમની ભક્તિ કરી જ લેવી આ આશયથી ઘણી

સામગ્રીઓ તૈયાર કરી, પાલખી શણગારી તેમાં પધરાવવામાં આવ્યાં અને અંતિમ કાર્યમાં જોઈતું કીનખાબ, ચંદન, પરચુરણ, પૈસા, ચોખા, બદામ, કાપડ વિ. કોઈ પણ વસ્તુ ખરીદી કરીને લાવવી જ પડી નથી સંઘના દરેક વ્યક્તિએ બધી વસ્તુ ઘરમાંથી કાઢી એટલું જ નહિ પણ દરેક ક્રિયાની ઉછામણી બોલાવવામાં આવી હતી અને બેન્ડ વાજાંના ગંભીર નાદ સાથે તેઓશ્રીની અંતિમ ક્રિયા કરી. જે જગ્યામાં અગ્નિ સંસ્કાર કર્યો તે જગ્યા પંચની હતી ત્યાં દેરી પગલાં પધરાવવાનું નક્કી થયું છે ઉછામણીમાં લગભગ બે હજાર મણ ઘી થયું હતું આ બધાં કાર્યોમાં પૂ૦ ગુણશ્રીજીનાં શિષ્યા પ્રવિણાશ્રીજીના સંસારીભાઇ નગીનદાસ વાડીલાલ નાથજીભાઈનું અગ્રસ્થાન હતું આ પ્રસંગે ગોધરા સંઘ તથા ખંભાતથી પૂ૦ ગુણશ્રીજીના સંસારી બન્ધુ ગાંધી ભીખાભાઇ આદિ ખંભાતનો સંઘ આવી પહોંચ્યો હતો.

આ નિમિત્તે વેજલપુર, ગોધરા, ખંભાત, લુણાવાડા, સુરત વિ. ઘણા ગામના સંઘોએ અઠ્ઠાઇ મહોત્સવો કર્યા હતા.

તેમની પાસે અનેક મુમુક્ષુ આત્માઓએ તેમાં પણ મુખ્યત્વે ઘણી ખરી કુમારિકાઓએ ઉચ્ચતમ વૈરાગ્યરંગને પ્રાપ્ત કરી ચારિત્ર અંગીકાર કર્યું છે તેમનું લિસ્ટ જુદું આપવામાં આવ્યું છે.

## પૂ૦ ગુણશ્રીજી મ. શ્રીના શિષ્યા પ્રશિષ્યાદિ પરિવારનું યંત્ર

| નંબર | સંસારી નામ | જન્મ સ્થાન | દીક્ષા સ્થળ | નામ | સાલ |
|---|---|---|---|---|---|
| ૧ | ચંચલબેન | ખંભાત | ખંભાત | જયંતશ્રીજી | ૧૯૭૯ |
| ૨ | નાનીબેન | ” | વત્રા | નંદનશ્રીજી | ૧૯૮૩ |
| ૩ | બાબરી બેન | ” | ખંભાત | ચંદ્રશ્રીજી | ” |
| ૪ | રવા બેન | ” | ” | રાજેન્દ્રશ્રીજી | ૧૯૮૮ |
| ૫. | જશીબેન | ” | ” | જિનેન્દ્રશ્રીજી | ” |
| ૬ | ધીરજબેન | વેજલપુર | પાલીતાણા | ધરણેન્દ્રશ્રીજી | ૧૯૯૧ |
| ૭ | પ્રભાવતી | ” | ઉમરાલા | પ્રવિણાશ્રીજી | ૧૯૯૨ |
| ૮ | ગજરાબેન | નવસારી | નવસારી | સૂર્યપ્રભાશ્રીજી | ૧૯૯૭ |
| ૯ | સરસ્વાબેન | બોટાદ | બોટાદ | મૃગાવતીશ્રીજી | ૨૦૦૦ |

### વિશેષ હકીકત

૧ નાની ઉંમરમાં વિધવા થયેલ દીક્ષા લઈ થોડાજ ટાઇમમાં કાળ ધર્મ પામેલ.

૨ ચરિત્રનાયિકાનાં સંસારી ભાણેજ થાય.

૩ કર્મગ્રંથાદિનાં સારાં અભ્યાસી નાની ઉંમરમાં વિધવા થયેલ.

૪ વિધવા થયેલાં—જેઓશ્રી હાલમાં સારાય સમુદાયને સાચવી રહ્યાં છે. અને પૂ૦ ગુણશ્રીજી મ. શ્રીની ખોટ પૂરે તેમ છે.

૫ વિધવા થયેલાં—પૂ૦ રાજેન્દ્રશ્રીજી મ. ના મદદનીશ અને બંનેએ સાથે જ દીક્ષા લીધેલી.

૬ ” દ્રવ્યાનુ યોગનાં સારાં અભ્યાસી.

૭ સૌભાગ્યવતી—દીક્ષા લેવામાં ઘણાં ઘણાં કષ્ટ વેઠેલ છેવટે સ્વહસ્તે વેશ ધારણ કરેલ સારા અભ્યાસી અને સમુદાયમાં મદદનીશ છે.

૮ જે પતિ પત્નીએ સાથે ચારિત્ર અંગીકાર કરેલ.

૯ વિધવા થયેલાં—અનુભવશીલ.

## પ્રશિષ્યાઓનું લીસ્ટ

કોનાં શિષ્યા

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૧૦ | કાન્તાબેન | ખંભાત | ખંભાત | કંચનશ્રીજી | ૧૯૮૮ | ચંદ્રશ્રીજીનાં |
| ૧૧ | સુભદ્રાબેન | ” | ” | સુદર્શનશ્રીજી | ૧૯૯૧ | ” |
| ૧૨ | કમળાબેન | ” | ” | કીર્તિશ્રીજી | ” | જિનેન્દ્રજીનાં |
| ૧૩ | કાન્તાબેન | ” | ” | કુસુમશ્રીજી | ” | ચંદ્રશ્રીજીનાં |
| ૧૪ | જેકોરબેન | વેજલપુર | પાલીતાણા | જસવંતશ્રી | ” | ધરણેન્દ્રશ્રીજી |
| ૧૫ | કંચનબેન | ” | ” | કવીન્દ્રશ્રીજી | ” | જસવંતશ્રીજી |
| ૧૬ | ચંદ્રાબેન | ” | કપડવંજ | ચંદ્રકાન્તા | ૧૯૩ | કવીન્દ્રશ્રીજી |
| ૧૭ | ચંપાબેન | ખંભાત | ખંભાત | ચંદ્રપ્રભાશ્રી | ૧૯૯૪ | રાજેન્દ્રશ્રીજી |
| ૧૮ | જશોબેન | ખેડા | ખેડા | જયપ્રભાશ્રી | ૧૯૯૫ | જિનેન્દ્રશ્રી |
| ૧૯ | શાન્તાબેન | ખંભાત | ખંભાત | સ્વા. પ્રભાશ્રી | ૧૯૯૭ | ચંદ્રશ્રીજીનાં |

૧૦ કુમારિકા—પૂ૦ રાજેન્દ્રશ્રીજી તથા જિનેન્દ્રશ્રીજીની સાથે દીક્ષા લીધેલ. ઉગતી યુવાન વયે વિષયોને તિલાંજલી આપી. હાલમાં ન્યાય વ્યાકરણાદિનાં સારાં અભ્યાસી છે.

૧૧ આ ત્રણેય કુમારિકા બેનોએ બાલ વયથી જ પોતાનું જીવન
૧૨ આદર્શ બનાવી ખૂબ વૈરાગ્યવંત બની દીક્ષા લીધી. અને અભ્યા-
૧૩ સમાં પણ ઠીક પ્રગતિ કરી છે.

૧૪ કર્મ ગ્રંથના અભ્યાસી.

૧૫ આ કુમારિકા સંસારી જશવંતશ્રીજીનાં પુત્રી થાય. વ્યાકરણનો અભ્યાસ કરી રહેલ છે.

૧૬ આ કુમારિકાબેને ૧૧ વર્ષની ઉંમરે દીક્ષા લીધેલ. અને સંસારપક્ષે જશવંતશ્રીનાં પુત્રી અને કવીન્દ્રશ્રીજીનાં બેન થાય.

૧૭ નાની ઉંમરમાં વૈધવ્ય પામેલ—વ્યાકરણનાં સારાં અભ્યાસી.

૧૮ વૈયાવચ્ચનો ગુણ સારો છે.

૧૯ આ કુમારિકાએને લઘુવયમાં અપૂર્વ આદર્શ કેળવ્યો. અને સમેત શિખરજીની યાત્રા કરી દીક્ષા લીધી. કુસુમશ્રીજીનાં સંસારી બેન થાય તેમનાં માતુશ્રી અપૂર્વ વૈરાગ્ય વાસિત હતાં અને તેમણે ખૂબ આનંદ પૂર્વક બંને બેનોને દીક્ષા અપાવેલ પાછળથી પોતે પણ દીક્ષા લીધી.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૨૦ | શારદાબેન | લુણાવાડા, | લુણાવાડા | સ્વયંપ્રભાશ્રી | ૯૯૯ | રાજેન્દ્રશ્રીજી |
| ૨૧ | શાન્તાબેન | ગોધરા | ” | શ્રીમતીશ્રીજી | ” | ” |
| ૨૨ | કમળા બેન | ગોધરા | બોટાદ | કુલાવતીશ્રીજી | ૨૦૦૦ | પ્રવીણાશ્રીજી |
| ૨૩ | શાન્તાબેન | ” | ખંભાત | શાંતિપ્રભાશ્રી | ૨૦૦૧ | ધરણેન્દ્રશ્રીજી |
| ૨૪ | કેશરબેન | ખંભાત | ” | કૈલાસશ્રીજી | ૨૦૦૨ | જિનેન્દ્રશ્રીજી |
| ૨૫ | ચંદનબેન | ગોધરા | ગોધરા | ચંદ્રલતાશ્રી | ૨૦૦૨ | પ્રવીણાશ્રીજી |
| ૨૬ | મંગુબેન | ખંભાત | ખંભાત | સુવર્ણલતાશ્રી | ૨૦૦૩ | કંચનશ્રીજી |
| ૨૭ | શકરીબેન | ” | ” | સ્નેહલતાશ્રી | ” | ગજેન્દ્રશ્રીજી |
| ૨૮ | કલાવતી | ગોધરા | અમદાવાદ | કાંતગુણાશ્રી | ” | જિનેન્દ્રશ્રીજી |
| ૨૯ | હીરાબેન | ” | ” | હર્ષપ્રભાશ્રી | ૨૦૦૪ | ” |

૨૦–૨૧ આ બંને કુમારિકા ચારિત્ર માર્ગમાં અનેક મુશ્કેલીઓ આવવા છતાં ખૂબ કડક છે.

૨૨ કુમારિકા

૨૩ બાલ વિધવા થયેલ.

૨૪ જેમણે બે કુમારિકાઓને ખૂબ હર્ષપૂર્વક દીક્ષા અપાવી વળી સ્યાદ્વાદ માર્ગમાં ખૂબ દઢ છે. આજે ન્યાયવ્યાકરણાદિનો મોટી ઉંમરે પણ સુંદર અભ્યાસ કરી કરાવી રહ્યાં છે.

૨૫ સૌભાગ્યવંતી.

૨૬–૨૭ બંને સાથે દીક્ષિત થયેલ. સંસારીપણાંમા શાળાનાં આગેવાન હતાં અને અનુભવશીલ છે.

૨૮–૨૯ કુમારિકા

૧. ૩. ૧૧. ૧૩. કાળધર્મ પામ્યાં છે.

નં. ૨૪ થી ૨૯ સુધીનાં સાધ્વીજી મહારાજ પૂ. ગુણશ્રીજી મ. શ્રી કાળધર્મ પામ્યા બાદ થયેલા.

## પૂં૦ ગુણશ્રીજી મહારાશ્રીજનાં ચાતુર્માસનું યંત્ર

| નંબર | સાલ | સ્થળ | ઠાણાં આશરે | જિનમંદિર આશરે | ઉપાશ્રય આશરે | શ્રા. ઘર આશરે | પ્રદેશ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૧૯૬૨ | પાલીતાણા | ૧૫ | અનેક | અનેક | યાત્રા ધામ | કાઠીયાવાડ |
| ૨ | ૧૯૬૩ | (લશ્કર) | ૧૧ | ૨ | ૨ | ૪૦ | પૂર્વ |
| ૩ | ૧૯૬૪ | બાલુચર | ૧૧ | ૯ | ૧ | ૫૦ | પૂર્વ |
| ૪ | ૧૯૬૫ | અજીમગંજ | ૭ | ૯ | ૧ | ૫૦ | ” |
| ૫ | ૧૯૬૬ | પેટલાદ | ૬ | ૪ | ૩ | ૬૫ | ગુજરાત |
| ૬ | ૧૯૬૭ | પાલીતાણા | ૧૫ | — | — | ... | કાઠીયાવાડ |
| ૭ | ૧૯૬૮ | ખંભાત | ૧૧ | ૬૫ | ૧૫ | ૧૦૦૦ | ગુજરાત |
| ૮ | ૧૯૬૯ | યેવલા | ૧૧ | ૧૧ | ૧ | ૧૦૦ | દક્ષિણ |
| ૯ | ૧૯૭૦ | ” | ૧૧ | — | — | — | ” |
| ૧૦ | ૧૯૭૧ | ખંભાત | ૧૬ | ૬૫ | — | — | — |
| ૧૧ | ૧૯૭૨ | અમદાવાદ | ૧૭ | અનેક | અનેક | ૧૦૦૦૦ | ગુજરાત |
| ૧૨ | ૧૯૭૩ | પાલીતાણા | ૧૨ | — | — | — | — |
| ૧૩ | ૧૯૭૪ | બોટાદ | ૧૫ | ૨ | ૨ | ૨૦૦ | કાઠીયાવાડ |
| ૧૪ | ૧૯૭૫ | અમદાવાદ | ૧૧ | — | — | — | — |
| ૧૫ | ૧૯૭૬ | લીંમડી | ૯ | ૨ | ૨ | ૩૦૦ | કાઠીયાવાડ |
| ૧૬ | ૧૯૭૭ | માંગરોલ | ૯ | ૨ | ૨ | ૧૦૦ | કાઠીયાવાડ |
| ૧૭ | ૧૯૭૮ | રાણપુર | ૯ | ૧ | ૧ | ૮૦ | ” |
| ૧૮ | ૧૯૭૯ | ખંભાત | ૧૭ | — | — | — | — |
| ૧૯ | ૧૯૮૦ | અમદાવાદ | ૧૫ | — | — | — | — |
| ૨૦ | ૧૯૮૧ | ખંભાત | ૧૪ | — | — | — | — |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૨૧ | ૧૯૮૨ | બોટાદ | ૧૪ | ૨ | — | — | — |
| ૨૨ | ૧૯૮૩ | ધોલેરા | ૧૭ | ૧ | ૨ | ૨૦ | કાઠીયાવાડ |
| ૨૩ | ૧૯૮૪ | પાલીતણા | ૧૭ | — | — | — | — |
| ૨૪ | ૧૯૮૫ | ભાવનગર | ૧૭ | ૯ | — | ૧૦૦૦ | કાઠીયાવાડ |
| ૨૫ | ૧૯૮૬ | અમદાવાદ | ૧૬ | અનેક | — | — | — |
| ૨૬ | ૧૯૮૭ | ગોધરા | ૪ | ૨ | ૪ | ૧૦૦ | ગુજરાત |
| ૨૭ | ૧૯૮૮ | ખંભાત | ૬ | ૬૫ | — | — | ” |
| ૨૮ | ૧૯૮૯ | પાલીતાણા | ૭ | અનેક | — | — | — |
| ૨૯ | ૧૯૯૦ | ખંભાત | ૧૫ | ૬૫ | — | — | — |
| ૩૦ | ૧૯૯૧ | મહુવા | ૨૧ | ૧ | ૨ | ૧૦૦ | કાઠીયાવાડ |
| ૩૧ | ૧૯૯૨ | ખંભાત | ૧૪ | ૬૫ | — | — | — |
| ૩૨ | ૧૯૯૩ | કપડવંજ | ૯ | ૯ | ૪ | ૧૦૦ | ગુજરાત |
| ૩૩ | ૧૯૯૪ | અમદાવાદ | ૬ | અનેક | — | — | — |
| ૩૪ | ૧૯૯૫ | પાલીતાણા | ૯ | ” | — | — | — |
| ૩૫ | ૧૯૯૬ | ખંભાત | ૧૨ | ૬૫ | — | — | — |
| ૩૬ | ૧૯૯૭ | સુરત | ૧૨ | અનેક | ૧૫ | ૨૦૦૦ | ગુજરાત |
| ૩૭ | ૧૯૯૮ | ખંભાત | ૧૬ | ૬૫ | — | — | — |
| ૩૮ | ૧૯૯૯ | બોટાદ | ૧૨ | ૨ | — | — | — |
| ૩૯ | ૨૦૦૦ | ખંભાત | ૩૨ | ૬૫ | — | — | — |
| ૪૦ | ૨૦૦૧ | વેજલપુર | ૭ | ૧ | ૨ | ૬૫ | — |

નોટઃ—ચાતુર્માસની કેટલીક યાદી અટકળથી આપવી પડી છે માટે સુજ્ઞજને સુધારણાની સૂચના જરૂર આપવી.

દરેક ચાતુર્માસમાં ઉપધાન, ઉજમણાં, અક્ષયનિધિ, માસખમણ, સોળભત્તાં, અષ્ટમહાસિદ્ધિ ઈત્યાદિ અનેક જાતની તપશ્ચર્યાઓ અને અન્ય અનેક શાસનોજ્જ્વાતિરક કાર્યો કરાવી શાસનની સાચી ભક્તિ કરી હતી.

## પૂ૦ સાધ્વીજી શ્રી ચંદ્રશ્રીજી મ. શ્રીનું ટુંકવૃત્તાંત

આપણે જે સા. શ્રી ગુણશ્રીજી મ. શ્રીનું વૃત્તાંત જોઈ ગયા તેમનાં જ સંસાર પક્ષનાં બ્હેન થાય એટલે તેમના જન્મ સ્થાન કુટુંબ કે સંસ્કાર માટે તો લખવું તે પુનરૂક્તિ કરવા બરાબર છે.

જે બાબરી બ્હેનનો જન્મ સં. ૧૯૪૫માં થયો હતો અને તેમને ખંભાતના જ રહીશ શા. અંબાલાલ સાંકળચંદની સાથે લગ્નગ્રંથિથી જોડવામાં આવ્યાં હતાં બાલ્ય વયથી તેમને અભ્યાસ તેમજ સંગીતનો ખૂબ શોખ હતો તેમને ૧ શોક્ય પુત્ર હતો પણ તે બંનેનો પ્રેમ સારા માતા પુત્ર તરીકે તરી આવતો હતો ટુંક સમયમાં તેમના પતિ ગુજરી જવાથી તેમને આઘાત જરૂર લાગે પણ આ શાસનની અપૂર્વતા છે કે તે જોનાર, સમજનારને વિષયો તરફ તિલાંજલિ છૂટી સત્યમાર્ગ તરફ જોડાવે છે જેથી વાસનાઓ તરફથી મન તદ્દન અલગ બની જાય છે.

પુત્ર નાનો હોવાથી વૈરાગ્યવાસિત મન હોવા છતાં તેમને નિર્લેપ ભાવે કેટલોક ટાઇમ સંસારમાં રહેવું પડયું પણ ઘરના ગમે તેવા વ્યવસાયને પણ ટુંકમાં વ્યવસ્થિત રીતે પતાવી સારોય ટાઇમ ભણવા-ભણાવવામાં ગાળવા લાગ્યાં અને ખંભાતની શાળાનું નેતૃત્વ લીધું તેમજ પૂજા મંડળની પણ તેમણે સ્થાપના કરી. તેમજ અજીમગંજનાં રાણી મીનાકુમારીજીએ ખંભાતમાં પોતાના નામની પાઠશાળા ખોલાવી તે તેમના સંગીત તથા ધાર્મિક જ્ઞાનને આભારી છે અને તેમાં તેમણે સારૂં માન મેળવ્યું હતું.

અનુક્રમે સં. ૧૯૮૪ ના મહા શુદિ ૫ મે પૂ. સૌભાગ્યશ્રીજી મ. શ્રીજીની છાયામાં (પૂ. અમૃતવિજયજીના વરદ હસ્તે) ચારિત્ર ગ્રહણ કરી તેમનાં જ સંસારી બ્હેન ગુણશ્રીજીનાં શિષ્યા ચંદ્રશ્રીજી તરીકે જાહેર થયાં.

તેઓશ્રીને ચાર શિષ્યાઓ હતી કે જે ચારે કુમારાવસ્થાની ખીલતી યુવાનીમાં વિષયોને વિષ કરતાં પણ અધિક સમજી દીક્ષિત થઈ હતી તેમનાં નામ ૧ કંચનશ્રીજી ૨ સુદર્શનાશ્રીજી ૩ કુસુમશ્રીજી અને ૪ રવીન્દુપ્રભાશ્રીજી જેમનું વર્ણન લિષ્ટમાં આવી ગયું છે.

તેમનામાં ગુણશ્રીજી મ. શ્રીના સમસ્ત ગુણો ઉતરી આવ્યા હતા. કારણ કે એક કુટુંબનાં તો હતાં જ તેમાંય વળી એક સમુદાયનાં અને ગુરૂ શિષ્યા તરીકે મેળ સાધ્યો એટલે ગુણો આવે જ એમાં નવાઇ નથી એટલે તેમના ચરિત્રમાં આ ચરિત્રને અંતર્ગત કરી દેવામાં આવે છે.

તેમણે તીર્થ યાત્રાઓ કરવા સાથે દરેક ચાતુર્માસમાં અપૂર્વ શાસનનાં કાર્યો કરાવ્યાં છે.

છેલ્લે આગમ મંદિરની સંપૂર્ણ પ્રતિષ્ઠાવિધિ સમજણ પૂર્વક જોઈ ૭ ગાઉની પ્રદક્ષિણા કરી ત્યાર બાદ તબીયત સાધારણ બગડી અને ક્ષયરોગ લાગુ પડયો જેમાંથી બચી શકયાં નહિ અને પોતાના ગુરૂ ગુણશ્રીજી સાથેના બોટાદના ચાતુર્માસમાં ખૂબ સમાધિપૂર્વક સં. ૧૯૯૯ ના ભાદરવા વદિ ચોથે કાળ ધર્મ પામ્યાં.

આથી પૂ૦ ગુણશ્રીજી મ. શ્રી તેમજ તેમની બાળ શિષ્યાઓને ઘણું લાગી આવ્યું પણ કર્મની થીએરી સમજનારને કેવળ શોક મગ્નતા નજ શોભે એ ન્યાયે કંઇક સ્થિર થયાં અને તેમની ચારે બાલ શિષ્યાઓને પૂ૦ ગુણશ્રીજી મ. ખૂબ પ્રેમ પૂર્વક જ્ઞાન અને સંયમ ધ્યાનમાં આમળ વધારવા લાગ્યાં. ગુણશ્રીજી મ. શ્રીના સારાય સમુદાયને સાચવવામાં તેઓશ્રી અદ્વિતીય હતાં.

તેમની પાછળ થોડા જ ટાઇમમાં સુદર્શનાશ્રીજી અને કુસુમશ્રીજી પણ અસાધ્ય વ્યાધિથી સ્વર્ગસ્થ થયાં છે. હાલ બે શિષ્યાઓ કંચનશ્રીજી રવિન્દુપ્રભાશ્રીજી છે અને જ્ઞાનધ્યાનોદ્યમી છે.

તેમનામાં નીચેના ગુણો તો ખાસ તરી આવતા કે જેથી આજે પણ દરેક ગામ સ્મૃતિ પથમાં તેઓશ્રીને રોજે રોજ લાવ્યા કરે છે.

૧ ગમે તેવા સંજોગોમાં પણ શાન્તિ જાળવવા સાથે સામુદાયિક વ્યવસ્થા ખૂબ કુશળતા ભરી હતી.

૨ ગમે તેવા કુટ સવાલોનાં હાજર જવાબી અને રસ્તો કાઢનાર હતાં.

૩ ગમે તેવા પુદ્‌ગલાનંદી માનવનું પણ વાક્‌કૌશલ્યથી હૃદય પીગળાવી આત્મમાર્ગ સન્મુખ કરનાર હતાં.

## ઉપસંહાર

આ મહાસતીતમ બંને સાધ્વીજીનો પરિચય લેખકને બહુજ અલ્પ સમય થયેલ જેથી તેઓશ્રીના બધાજ ગુણોને પહોંચી વળવું અશક્ય હોય છતાં 'આકૃતિ: ગુણાન્ કથયતિ' એ ન્યાયે કંઇક ખ્યાલતો આવીજ જાય અને તેથી એટલું તો જરૂર સમજી શકાયું છે કે–તેમનું મુખારવિંદ ખૂબ શાન્ત પણ પ્રસંગને અનુલક્ષી તેમાં ભીમકાન્તત્વ પણ હતું. સાધ્વી સમુદાયને દોરવણી સુંદર આપી શકતાં હતાં જૈન સમાજ ઉપર શાસનની સુંદર છાપ પાડવા સાથે સ્યાદ્વાદ માર્ગનું ખૂબ પોષણ કરી શકતાં હતાં ભદ્ર પરિણામી સદાને માટે આનંદી સ્વભાવવાળાં અને તદ્દન નિખાલસ પ્રકૃતિનાં હતાં. તેમનામાં ખાસ કરીને નીચેના ગુણો તરી આવતા હતા.

૧ ગુરૂ આજ્ઞા પાલનનો ગુણ અનન્ય હતો.
૨ વિનય ગુણની પરાકાષ્ઠાએ પહોંચ્યાં હતાં.
૩ વૈયાવચ્ચ સેવાસુશ્રૂષા ગુણ તો પ્રશંસાને શિખરે પહોંચે તેવો હતો.
૪ અધ્યયન અધ્યાપનમાં ખૂબ તલ્લીન હતાં.
૫ સંસ્કારી આત્માઓ પ્રત્યે તેમનો ભાવ નિઃસ્વાર્થ બુદ્ધિએ ઉત્તમ રહેતો હતો.
૬ સામાન્ય જનને પણ કંઇને કંઇ પમાડવાની બુદ્ધિએ ખૂબ સહનશીલ હતાં.

આમ આ સાધ્વીજી મહારાજનું જીવન બહુજ ઉચ્ચકોટિનું હોવાથી સ્હેજે તેનું વર્ણન લંબાઇ જાય પણ તેમ નહિ થવા દેતાં ટુંક વૃત્તાંતનોજ આશય હોવાથી બહુજ ટુંકાણમાં પતાવવું પડયું છે.

લેખક:–**પં. છબીલદાસ કેશરીચંદ** સંઘવી (દાનવીર શેઠ બુલાખીદાસ નાનચંદ સંસ્થાપિત સ્યાદ્વાદ સંકૃત પાઠશાળા અને શ્રી. ભઠ્ઠીબાઈ જૈન શ્રાવિકા શાળા) ઠે. દાદાસાહેબની પોળ–ખંભાત

ઈતિ ૐ શાન્તિઃ

# आमुख.

પોતાની પરિસ્થિતિની વિચારણામાં સમર્થ કે અસમર્થ દરેક પ્રાણી ઉચ્ચકક્ષાની મનોવાંછનાવાળા હોય છે પણ તે મનોવાંછના કેટલાકની નિષ્ફળ જ્યારે કેટલાકનીજ સફળ નીવડે છે તેમાં માત્ર ધ્યેયમાં ફરક હોય છે ધ્યેયમાં જેટલો ફરક તેટલોજ પ્રાપ્તિમાં ફરક રહે છે તેમાં સાચા ધ્યેયરૂપ વીતરાગપણું છે અને તેમાંજ માનવપણું પામ્યાની સફલતા છે.

કેવળ વાજિંત્રના નાદ માનવીને જાહેર કરી શકતા નથી, છાપાંની સસ્તી પ્રશસ્તિઓ સાચી પ્રસિદ્ધિ આપી શકતી નથી, ને ખૂબ મોટા મોટા વિહારો ચણાવવાથી અમરકીર્તિ રહી જતી નથી. અમર કીર્તિ માટે કેવલ પોતાનું સદ્ગુણોથી શોભિત, નિખાલસતાથી નિર્ભૃત, કર્ત્તવ્યપરાયણ સ્વજીવનજ છે. એ સુંદર સુવાસરૂપે મહાપુરુષો આજે દુનિયાપર હસ્તી નહિ ધરાવવા છતાં નજર સમક્ષ તરવરે છે કે જે સુવાસને અનંતકાળ પણ કરમાવી શકવા સમર્થ નથી

આ ગ્રંથ પણ એજ સુવાસને પ્રાપ્ત કરાવવામાં પદ્મને માટે સૂર્યસમાન છે.

આ ગ્રંથમાં લગભગ સો શ્લોકો હોવાથી **शतक** આત્મા કદિપણ ઝાંખો ન પડે તેવો વૈરાગ્ય રંગ ચડાવનાર હોવાથી **वैराग्य** અને તે પણ દુઃખ વેળાએ આવતા મસાણીયા જેવો નહિ પણ સારાય સંસાર ઉપરથી પાછો હઠાવનાર હોવાથી **भववैराग्यशतक** નામ અન્વર્થ રાખેલ છે.

આવા અતિ સુંદર ગ્રંથના પ્રણેતાનો અંશેપણ ઉલ્લેખ ગ્રંથ કે અન્યસ્થાનેથી ઉપલબ્ધ નહિ થવા છતાં તે પ્રાકૃતભાષામાં તેમજ સમ્યગ્જ્ઞાનથી છલોછલ ભરપુર હોવાથી કોઇ અદ્વિતીય પૂર્વાચાર્ય મહર્ષિની સંભાવિત કરાય છે.

આ ગ્રંથ સન ૧૯૧૮ માં એ. એમ. એન્ડ કું. ની વાળાયે છપાવેલ પરંતુ તે ખલાસ થઈ જવાથી અને અતિ આવશ્યક હોવાથી વીતરાગ ભક્તિ પ્રપોષક પ. પૂ. **आचार्य श्रोमद्विजयभक्तिसूरीश्वरजी म. साहेब**ના ઉપદેશને અહંપૂર્વિકાએ ઝીલતા સમીવાળા વડેચા **घेलचंद मगनचंद**ના સ્મરણાર્થે તેમના ભત્રીજાઓએ મુમુક્ષુ જીવોને માર્ગદર્શન મળે તે માટે છપાવવામાં મદદ કરી શાસનસેવા બજાવી છે.

ઘણો ખ્યાલ રાખવા છતાં રહી ગયેલી અશુદ્ધિઓનું શુદ્ધિપત્રક શરૂમાં આપ્યું છે તે જોઇ સુધારી વાંચવા સુજ્ઞ વાંચકોને વિજ્ઞપ્તિ છે.

આ ગ્રંથમાં ભાષાંતરની ભાષામાં જરૂરી લાગતો સુધારો વધારો કર્યો છે તેમાં તેમજ અન્ય પણ મતિદોષથી, દષ્ટિદોષથી કે પ્રેસદોષથી રહી ગયેલી ક્ષતિને સુજ્ઞ વાંચકવર્ગ સુધારશે અને સૂચના કરી આભારી કરશે. એજ અભ્યર્થના.

લી.

પંડિત છબીલદાસ કેશરીચંદ

# શુદ્ધિપત્રક.

| પૃ. | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|
| ૪-૬ | માંડેલી | માંડેલા |
| ૭-૧ | गवेषतो | गवेषयन् |
| ૮-૧૮ | ધર્મનો | ધર્મને |
| ૯-૧૩ | કમપાસ | કમ્માસ |
| ૧૦-૧ | ૧૨ | ૧૩ |
| ૧૧-૩ | સાક્ષાત | સાક્ષાત્ |
| ૧૨-૭ | અપવિત્રાથી | અપવિત્રથી |
| ૧૨-૧૧ | યોનિના | યોનિનાં |
| ૧૭-૨૧ | कृत | कृत्तं |
| ૨૦-૯ | याणइ | याणह |
| ૨૦-૨૧ | मेतं | मेत्तं |
| ૨૨ ૧૫ | આગ લાગે ત્યારે | આગ લાગે ત્યારે કુવો ખોદવો નકામો છે તેમ હે આત્મન્! તને મરણકાલ પ્રાપ્ત થશે ત્યારે |
| ૨૫ ૧૨ | अधर्म | अधर्मं |
| ૩૩ ૧૦ | हुहं | दुहं |
| ૩૪ ૬ | दोसे | दोसेणं |
| ૩૪ ૭ | वेरि | वेरिअ |
| ૩૪ ૧૯ | पणा | पमा |
| ૩૪ ૧૯ | ण | णं |
| ૩૫ ૧૪ | तिर्यग | तिर्यग् |
| ૩૬ ૩ | પરધાંમી | પરમાધામી |
| ૩૬ ૫ | बाय | वाय |
| ૩૬ ૬ | धन | धण |
| ૩૭ ૪ | પર્વતોમાં નિવાસ કર્યો ત્યાર પછી આટલું વધારવું | કેટલીએકવાર તું ગુફાઓમાં સિંહાદિકરૂપે વસ્યો, કેટલીએક વાર સમુદ્રમાં જલચરરૂપે વસ્યો |
| ૩૭ ૧૪ | मागी | भागी |
| ૩૮ ૯ | सवा गुत्ति | सवागुत्ति |
| ૩૯ ૨૧ | अणुत | अणंत |
| ૪૦ ૧૦ | खुत्ते | खुत्तो |
| ૪૦ ૧૧ | गहं | गइं |
| ૪૦ ૧૫ | गयति | गति |
| ૪૧ ૧૬ | सीया | सी |
| ૪૩ ૯ | च्छयं | च्छियं |
| ૪૪ ૯ | ष्केण | ष्क केण |
| ૪૪ ૯ | तेनं | तेन |
| ૪૫ ૧૭ | भित्त | भित्त |
| ૪૬ ૩ | ष्यते | ष्यसे |
| ૪૮ ૧૫ | પ્રાણીઓને | પ્રાણીઓને મરતા |
| ૫૦ ૯ | हुक्ख | दुक्ख |

| | | | |
|---|---|---|---|
| ૫૦ | ૧૨ | निगडेः | निगडैः |
| ૫૧ | ૨૦ | मऔ | मओ |
| ૫૪ | ૨ | खुत्ता | खुत्ता |
| ૫૪ | ૨ | सद्दे | सद्दे |
| ૫૫ | ૧૬ | असद् | असकृद् |
| ૫૬ | ૪ | માનવાળા | મનવાળા |
| ૫૭ | ૭ | માટે પ્રમાદ ત્યાગી | માટે માદ ત્યાગી પરલોક સાધવાને સાવધાન થા, કે જેથી મરણ સમયે |
| ૫૯ | ૨૧ | ખામી | ખામી રહી |
| ૬૨ | ૧૭ | फलाण | फलाणं |
| ૬૩ | ૮ | પ્રાણીને | પ્રાણીને ધર્મ |
| ૬૩ | ૨૦ | वयण | वयणं |

॥ नमोऽर्हद्भ्यः ॥

# ॥ अथ सार्थं भववैराग्यशतकम् ॥

**संसारम्मि असारे, नत्थि सुहं वाहि-वेअणापउरे ।**
**जाणंतो इह जीवो, न कुणइ जिणदेसिअं धम्मं ॥१॥**

सं. छाया–संसारेऽसारे नास्ति सुखं व्याधि-वेदनाप्रचुरे ।
जानन्निह जीवो न करोति जिनदेशितं धर्मम् ॥१॥

(ગુજરાતી ભાષાંતર) અનેક પ્રકારની વ્યાધિઓ અને વેદનાઓથી ભરપૂર એવા આ અસાર સંસારમાં આ જીવને કોઇપણ ગતિમાં ક્ષણ માત્ર પણસુખ નથી. આવી રીતે આત્મા સંસારને અસાર જાણેછે છતાં પણ ભારેકર્મી હોવાથી વીતરાગ ભગવંતે ઉપદેશેલો દયામૂલ ધર્મ કરતો નથી, અને સંસારનો લોલુપી-લાલચુ થઇ ધર્મરત્નને ગુમાવે છે. ૧.

**अज्जं कल्लं परं परारिं, पुरिसा चिंतन्ति अत्थसंपत्तिं ।**
**अंजलिगयं व तोयं, गलंतमाउं न पिच्छन्ति ॥२॥**

सं. छाया—अद्य कल्ये परस्मिन् परतरस्मिन् पुरुषाश्चिन्तयन्त्यर्थसम्पत्तिम् । अञ्जलिगतमिव तोयं गलदायुर्न पश्यन्ति ॥२॥

(ગુ. ભા.) પુરુષો ચિંતવે છે કે—"ધનની પ્રાપ્તિ આજે થશે, કાલે થશે, પોર મળશે, પરાર મળશે, પૈસા એકઠા કરી સુખી થઇશું, પૈસો મેળવી ધર્મ કરીશું", આવી રીતે વિચારમાં ને વિચારમાં સમય ગુમાવે છે, પરન્તુ તે પુરુષો "હથેળીમાં ઝરી રહેલું પાણી જાય તેમ આયુષ્ય જાય છે" તેને જોતા નથી. ૨.

**जं कल्ले कायव्वं तं अज्जं चिय करेह तुरमाणा ।**
**बहुविग्घो हु मुहुत्तो, मा अवरण्हं पडिक्खेह ॥३॥**

सं. छाया—यत् कल्ये कर्तव्यं, तदद्यैव कुरुध्वं त्वरमाणाः । बहुविघ्न एव मुहूर्तो; माऽपराह्णं प्रतीक्षध्वम् ॥३॥

(ગુ. ભા.) મનુષ્યો ચિંતવે છે કે—કાલે ધર્મકાર્ય કરીશું, પરંતુ કાલ કોણે દીઠી છે?; કાલે શું થશે તેની કોને ખબર છે? માટે હે ભવ્યો! જે ધર્મકાર્ય કાલે કરવાનું હોય તેને વિલંબરહિત આજે જ કરજો—જરા પણ ઢીલ કરશો નહીં. કાલચક્ર કાયાને ચરે છે, ધર્મકાર્ય કરવામાં ખરેખર એક મુહૂર્ત માત્ર કાળ પણ ઘણા વિઘ્નોવાળો હોય છે. માટે પાછલા પહોરે કરવાનું હોય તેને પ્રથમ પહોરમાં જ કરી લ્યો, કારણકે ક્ષણમાંહે આયુષ્ય પૂરૂં થશે તો તે વખતે શું કરશો? ૩.

**ही ! संसारसहाव–चरियं नेहाणुरायरत्ता वि ।**
**जे पुव्वण्हे दिट्ठा, ते अवरण्हे न दीसन्ति ॥४॥**

सं. छाया–ही ! संसारस्वभावचरितं स्नेहानुरागरक्ता अपि ।
ये पूर्वाह्णे दृष्टास्तेऽपराह्णे न दृश्यन्ते ॥४॥

(ગુ. ભા.) સંસારના સ્વભાવનું અતિકારમું ચરિત્ર દેખી ખરેખર ખેદ થાય છે–દિલગીરી ઉપજે છે, કારણકે સ્નેહના અનુરાગે આસક્ત અને પ્રીતિથી પરિપૂર્ણ એવા માતાપિતા, બાંધવ, સ્ત્રી વિગેરે સંબંધીઓ કે જેઓને પહેલે પહોરે સુખશાન્તિમાં દેખ્યા હતા તેઓ પાછલે પહોરે દેખાતા નથી !, સંસારનો આવો ભયઙ્કર સ્વભાવ દેખીને પણ મુગ્ધ જીવો તેમાં જ આસક્તિ રાખે છે તે આશ્ચર્ય છે ! ૪.

**मा सुयह जग्गियव्वे, पलाइयव्वम्मि किस विसमेह?**
**तिन्नि जणा अणुलग्गा, रोगो अ जरा अ मच्चू अ॥५॥**

सं. छाया–मा स्वपित जागरितव्ये पलायितव्ये कस्माद्
विश्राम्यथ ? । त्रयो जना अनुलग्ना रोगश्च जरा च मृत्युश्च ॥५॥

(ગુ. ભા.) હે જીવો ! જાગવાને ઠેકાણે સુઈ ન રહો–ધર્મકૃત્યમાં પ્રમાદ ન કરો, કારણકે કાળરૂપી પારધિ તમારી પછવાડે પડયો છે જે અણચિન્તવ્યો તમારો વિનાશ કરી દુર્લભ મનુષ્યભવ નિષ્ફલ કરી નાખશે.

વળી, જ્યાંથી પલાયન કરી જવું જોઇએ ત્યાં વિસામો ખાવા કેમ બેઠા છો ?, કારણકે-રોગ જરા અને મૃત્યુ એ ત્રણ ચોરો તમારી પછવાડે પડયા છે. માટે ધર્મ-કૃત્યમાં જરાપણ પ્રમાદ ન કરો, અને સંસારમાંથી જલ્દી પલાયન કરી જાઓ કે જેથી જન્મ, જરા, મૃત્યુ, રોગ અને શોકાદિનો ભય સદાને માટે વિનાશ પામે. ૫.

**दिवस-निसाघडिमालं, आउसलिलं जिआण घेत्तूणं।**
**चंदाइच्चबइल्ला, कालऽरहट्टं भमाडन्ति ॥६॥**

सं. छाया–दिवस-निशाघटीमालया आयुःसलिल जीवानां गृहीत्वा। चन्द्राऽऽदित्यबलीवर्दौ कालाऽरहट्टं भ्रमयतः ॥६॥

(ગુ. ભા.) આ સંસારરૂપી કૂવો છે, સૂર્ય અને ચન્દ્રરૂપી રાતો અને ધોળો એવા બે બળવાન્ બળદ છે. તે સૂર્ય અને ચન્દ્રરૂપી બળદો, દિવસ અને રાત્રિ રૂપી ઘડાઓની પંક્તિ વડે જીવોના આયુષ્યરૂપી પાણીને ગ્રહણ કરી કાળરૂપી રેંટને ફેરવે છે–આયુષ્યરૂપી પાણી રાત્રિદિવસ ખૂટે છે, તેમ નજરે જોવા છતાં હે ભવ્ય પ્રાણીઓ ! તમને સંસારથી ઉદાસભાવ કેમ થતો નથી ? ૬.

**सा नत्थि कला तं नत्थि, ओसहं तं नत्थि किंपि विन्नाणं।**
**जेण धरिज्जइ काया, खज्जन्ती कालसप्पेण ॥७॥**

सं. छाया–सा नास्ति कला तन्नास्त्यौषधं तन्नास्ति किमपि विज्ञानम् । येन धार्यते कायः खाद्यमानः कालसर्पेण ॥७॥

(ગુ. ભા.) હે ભવ્યજીવો! કાળરૂપી સર્પે ખાવા માંડેલી દેહનું જેણે કરી રક્ષણ કરીએ એવી કોઇ બહોંતેર કળામાંની કળા દેખાતી નથી, એવું કોઈ ઓસડ દૃષ્ટિગોચર થતું નથી, તેમ એવું કોઈ વિજ્ઞાન હસ્તી ધરાવતું નથી–બીજાં સર્વ જાતિનાં વિષ ઉતરે પણ ડસેલા કાળરૂપી સર્પનું વિષ ઉતરે નહીં. મહાસમર્થ પુરુષોનાં વજ્ર જેવાં શરીરને પણ કાળરૂપ સર્પ ગળી ગયો છે, તો પછી આપણા જેવાની કાચી કાયાનો શો ભરોંસો? માટે વિલમ્બ રહિત ધર્મકૃત્ય કરી લ્યો. ૭.

दीहरफणिंदनाले, महियरकेसर दिसामहदलिल्ले ।
ओ ! पीयइ कालभमरो, जणमयरंदं पुहविपउमे ॥८॥

सं. छाया–दीर्घफणीन्द्रनाले महीधरकेसरे दिशामहादले ।
ओ ! (पश्चात्तापः) पिबति कालभ्रमरो जनमकरन्दं पृथ्वीपद्मे ॥८॥

(ગુ. ભા.) ઘણી ખેદની વાત છે કે–જેનું શેષ-નાગરૂપ મોટું નાળચું છે, જેના પર્વતોરૂપી કેસરા છે, જેના દસ દિશારૂપ વિશાળ પર્ણો છે એવા આ પૃથ્વીરૂપ કમળમાં, કાળરૂપ ભ્રમર, મનુષ્યરૂપ–સમગ્ર લોકરૂપ રસને પીવે છે! ભમરો કમળમાંથી એવી રીતે

રસ લે છે કે જેથી કમળને જરાપણ ઇજા થાય નહીં, વળી તે મધુરસ્વરે બોલીને પોતાના ખપ જેટલોજ થોડો થોડો રસ લે છે; પરન્તુ અહીં કાળરૂપ અસંતોષી ભમરો તો પૃથ્વીરૂપ કમળમાંથી સમગ્રલોકરૂપ રસને અનેક પ્રકારની વ્યાધિઓ અને વેદનાઓરૂપ ક્રૂરપણું વાપરી ચૂસી લે છે, એટલે કે—ક્રૂર કાળ કોઇપણ પ્રાણીનું ભક્ષણ કર્યા વિના રહેતો નથી.

લોકોમાં એવું કહેવાય છે કે—આ સમગ્ર પૃથ્વીને શેષનાગે પોતાના મસ્તક ઉપર ઉપાડી રાખી છે. આવી લોકોક્તિથી અહીં પૃથ્વીરૂપ કમળનું શેષનાગરૂપ નાળવું કહ્યું. વળી જેમ કમળમાં કેસરા હોય છે તેમ અહીં પૃથ્વીરૂપ કમળને પર્વતોરૂપ કેસરા કહ્યા, અને દસ દિશાઓ મોટાં મોટાં પાંદડાંઓને ઠેકાણે સમજવી. આવા પૃથ્વીરૂપ મોટા કમળમાંથી લોકરૂપ રસને નિરન્તર પીતાં પણ કાળરૂપ ભમરો હજુ સુધી તૃપ્ત થતો નથી, અને તૃપ્ત થશે પણ નહી ! માટે હે ભવ્ય પ્રાણીઓ ! કાળરૂપ અસંતોષી ભમરાના આસ્વાદનમાં ન અવાય એવા આત્મસ્વરૂપ પામવાના સાધન માટે પ્રમાદ ત્યાગી ઉદ્યમ કરો. ૮.

**छायामिसेण कालो, सयलजिआणं छलं गवेसंतो ।**
**पासं कह वि न मुंचइ, ता धम्मे उज्जमं कुणह ॥९॥**

छायामिषेण कालः सकलजीवानां छलं गवेषंतो ।
पार्श्वं कथमपि न मुञ्चति तस्माद् धर्मे उद्यमं कुरुध्वम् ॥९॥

(ગુ. ભા.) જે શરીરની છાયા દેખાય છે, અને નિરન્તર શરીરની સાથે જ ફરે છે, તે છાયા નથી પણ એ તો છાયાને બહાને કાળ ફરે છે. શત્રુ જેમ નિરન્તર છળ–ભેદને તાકતો ફરે છે, અને ઝપાટામાં આવતાં પોતાનું કુકૃત્ય પૂરૂં કરે છે; તેમ છાયાને બહાને રાત્રિ–દિવસ છળ–ભેદને તાકતો ક્રૂર કાળ પ્રાણીની કયારેય પણ કેડ મૂકતો નથી. 'પ્રાણી કયારે સ્ખલના પામે કે એને હું પકડી લઉં' આવી દુષ્ટ વાંછાયે તે રાત્રી-દિવસ છાયાને બહાને પાછળ પડેલો છે, તે ઓચિંતો જરૂર પકડી લેશે. અને તે વખતે તમને પશ્ચાતાપ થશે કે–'અરેરે ! આપણે કાંઈ ધર્મ-સાધન કરી શકયા નહી!' માટે કાળના સપાટામાં આવ્યા નથી ત્યાંસુધીમાં જિનપ્રરૂપિત ધર્મને વિષે પ્રયત્ન કરી લ્યો. ૯.

**कालम्मि अणाइए, जीवाणं विविहकम्मवसगाणं ।**
**तं नत्थि संविहाणं, संसारे जं न संभवइ ॥१०॥**

कालेऽनादिके जीवानां विविधकर्मवशगानाम् ।
तन्नास्ति संविधानं संसारे यन्न संभवति ॥१०॥

(ગુ. ભા.) અનાદિકાલને વિષે ક્રોધ, માન, માયા

અને લોભને યોગે વિવિધ પ્રકારના કર્મને વશ થયેલા જીવોને આ સંસારમાં એવો કોઈ સંબન્ધ નથી કે જે ન સંભવે, અર્થાત્ સમગ્ર સંબન્ધે આ જીવો સંસારમાં ભટકયા છે, પણ જો જિનવરનો ધર્મ સ્વીકારી રૂડી રીતે પાળે તો સંસારરૂપ ચક્રમાં ન ભમે. ૧૦.

**बंधवा सुहिणो सव्वे, पिअ-माया पुत्त-भारिया ।**
**पेअवणाओ निअत्तन्ति, दाऊणं सलिलंजलिं ॥११॥**

**सं. छाया—बान्धवाः सुहृदः सर्वे माता-पितरौ पुत्र-भार्याः ।**
**प्रेतवनाद् निवर्तन्ते दत्त्वा सलिलाऽञ्जलिम् ॥११॥**

(ગુ. ભા.) હે જીવ! બાંધવ મિત્રો મા બાપ, સ્ત્રી અને પુત્ર એ કોઈ તારાં સગાં નથી, પણ દેહનાં સગાં છે. કારણ કે—મૃત્યુ થયા પછી દેહને બાળી પાણીની અંજલી આપી શ્મશાનથી પોતપોતાના સ્વાર્થને સંભારતા પોતપોતાને ઘેર પાછા જાય છે, પણ તેમાંનું કોઈ વહાલું સગું તારી સાથે આવતું નથી. માટે તેઓની ખોટી મૂર્છા ત્યાગી તારી સંગાથે આવનારા ધર્મનો આદર કે જેથી તારો જલ્દી નિસ્તાર થાય. ૧૧.

**विहडन्ति सुआ विहडन्ति, बंधवा विहडन्ति**
**सुसंचिआ अत्था । इक्को कह वि न विहडइ,**

**धम्मो रे जीव ! जिणभणिओ ॥१२॥**

**सं.छाया-विघटन्ते सुता विघटन्ते बान्धवा विघटन्ते सुसञ्चिता अर्थाः। एकः कथमपि न विघटते धर्मो रे जीव ! जिनभणितः॥१२॥**

(ગુ. ભા.) હે જીવ ! દીકરાઓનો વિયોગ થાય છે, બાન્ધવો વિખૂટા પડે છે, અને ઘણા પરિશ્રમથી મેળવેલી સમ્પત્તિ પણ વિયુક્ત થાય છે. એટલે કે તેમને મૂકીને તારે જવું પડશે, અથવા તને મૂકીને તેઓ ચાલ્યા જશે, પણ એક જિનરાજે કહેલા ધર્મનો કોઇ કાળે પણ વિયોગ થવાનો નથી, અર્થાત્ આ જીવને સાચું સગપણ તો ધર્મનું જ છે, બીજું સર્વ આળપંપાળ છે. માટે જિનધર્મ ઉપર સાચી શ્રદ્ધા રાખી તેનું જ સેવન કર. ૧૨.

**अडकम्पासबद्धो, जीवो संसारचारए ठाइ ।**
**अडकम्मपासमुक्को, आया सिवमंदिरे ठाइ ॥१३॥**

सं. छाया–अष्टकर्मपाशबद्धो जीवः संसारचारके तिष्ठति ।
अष्टकर्मपाशमुक्त आत्मा शिवमन्दिरे तिष्ठति ॥१३॥

(ગુ. ભા.) આ જીવ આઠ કર્મરૂપ પાશથી બંધાયેલો એવો સંસારરૂપ બન્દીખાનામાં ઠામ ઠામ ભટકે છે, અને આઠ કર્મરૂપ પાશથી મૂકાયેલો એવો મોક્ષમન્દિરમાં જઇને રહે છે, માટે હે જીવ ! તું આઠ કર્મરૂપ પાશને તોડીશ ત્યારે જ મોક્ષમન્દિરમાં જઇશ,

અને અવિનાશી સુખ પામીશ. ૧૨.

**विहवो सज्जणसंगो, विषयसुहाइं विलासललिआइं।**
**नलिणीदलग्गघोलिर--जललवपरिचंचलं सव्वं ॥१४॥**

सं छाया-विभवः सज्जनसङ्गो विषयसुखानी विलासललितानि।
नलिनीदलाग्रघूर्णयितृ-जललवपरिचञ्चलं सर्वम् ॥१४॥

(ગુ. ભા.) આ જીવે માની લીધેલા જે સુખકારી પદાર્થો, જેવા કે-લક્ષ્મી, સગાં સંબન્ધીઓનો સંગ, તથા સ્ત્રી વિગેરેના મનોહર વિલાસે કરી સુંદર એવા પાંચે ઇન્દ્રિયોનાં વિષયસુખ, એ સર્વ અતિશય ચંચલ છે. જેમ કમળપત્રના અગ્રભાગમાં રહેલું જલબિન્દુ અતિચપલ છે તેમ એ સર્વ અતિશય ચપલ છે-થોડા કાલમાં જ હતું નહોતું થઇ જાય છે! માટે હે જીવ! આવા અસ્થિર પદાર્થોમાં શા માટે આશક્ત થાય છે? ૧૪.

**तं कत्थ बलं तं कत्थ, जुव्वणं अंगचंगिमा कत्थ ?।**
**सव्वमणिच्चं पिच्छह, दिट्ठं नट्ठं कयंतेण ॥१५॥**

सं. छाया-तत् कुत्र बलं ? तत् कुत्र यौवनम् ? अङ्गचङ्गिमा कुत्र ?
सर्वमनित्यं पश्यत दृष्टं नष्टं कृतान्तेन ॥१५॥

(ગુ. ભા.) કાયાનું તે બળ ક્યાં ગયું ? તે જુવાની ક્યાં ચાલી ગઇ? શરીરનું સૌન્દર્ય ક્યાં ગયું ? તે

સર્વ રૂપ-રંગ ક્યાં ચાલ્યા ગયા? અરે વૃદ્ધાવસ્થા આવી! હે પ્રાણીઓ! આ સર્વ અનિત્ય છે તે સાક્ષાત્ જુઓ-તપાસો. જે સર્વ નાની વયમાં દેખ્યું હતુ, તે સર્વ યમરાજાએ નષ્ટભ્રષ્ટ કરી દીધું-થોડા જ વખતમાં હતું નહોતું થઈ ગયું. આ શરીરને ગમે તેટલી સાચવણીથી રાખશો તો પણ તેનું બળ સૌન્દર્ય અને જુવાની ટકવાની નથી-વિનશ્વર છે, માટે જેની કરેલી સેવા કદાપી નિષ્ફલ થતી નથી એવા ધર્મનું સેવન કરો. ૧૫.

**घणकम्मपासबद्धो, भवनयरचउप्पहेसु विविहाओ।**
**पावइ विडंबणाओ, जीवो को इत्थ सरणं से ? ॥१६॥**

सं. छाया-घनकर्मपाशबद्धो भवनगरचतुष्पथेषु विविधाः ।
प्राप्नोति विडम्बना जीवः कोऽत्र शरणं तस्य ? ॥१६॥

(ગુ. ભા.) આ જીવ નિબિડ કર્મરૂપ પાશથી બંધાયેલો એવો સંસારરૂપ નગરના ચારગતિરૂપ ચોટામાં અનેક પ્રકારની વિડમ્બનાને પામે છે, અહીં તેનું કોણ શરણ છે? ૧૬.

**घोरम्मि गब्भवासे, कल-मल-जंबालअसुइबीभच्छे।**
**वसिओ अणंतखुत्तो, जीवो कम्माणुभावेण ॥१७॥**

सं. छाया-घोरे गर्भवासे कल-मलजम्बालाऽशुचिबीभत्से ।

उषितोऽनन्तकृत्वो जीवः कर्मानुभावेन ॥१७॥

(ગુ. ભા.) આ જીવ કર્મના પ્રભાવથી વીર્ય અને મળરૂપ કાદવને લીધે અપવિત્રાથી ભરપૂર અને કંપારી છૂટે એવા ગંદા ભયાનક ગર્ભવાસમાં અનન્તી વખત વસ્યો! આવા દુઃસહ દુઃખને પણ ભૂલી જઈ ફરીથી ગર્ભવાસમાં આવી દુઃખ ભોગવવાં પડે એવાં કૃત્યો કરે છે! પરન્તુ પુનઃ ગર્ભવાસમાં આવવું ન પડે એવો ઉદ્યમ કરતો નથી! ૧૭.

**चुलसीई किर लोए, जोणीणं पमुहसयसहस्साइं ।**
**इक्किक्कम्मि अ जीवो, अणंतखुत्तो समुप्पन्नो ॥१८॥**

सं० छाया–चतुरशीतिः किल लोके योनीनां प्रमुखशतसहस्राणि
एकैकस्यां च जीवोऽनन्तकृत्वः समुत्पन्नः ॥१८॥

(ગુ. ભા.) લોકને વિષે જીવને ઉત્પન્ન થવાનાં સ્થાનક ચોરાશી લાખ યોનિ છે. તે એક એક યોનિમાં આ જીવે અનન્તી વાર અવતાર લીધો! તોપણ હે પ્રાણી! તે ઉત્પત્તિ સ્થાનમાંથી કંટાળો પામી તું ધર્મકૃત્ય કરવામાં કેમ ઉદ્યમ કરતો નથી? ૧૮.

**माया-पिय-बंधूहिं, संसारत्थेहिं पूरिओ लोओ ।**
**बहुजोणिनिवासीहिं, न य ते ताणं च सरणं च ॥१९॥**

सं० छाया–माता-पितृ-बन्धुभिः संसारस्थैः पूरितो लोकः ।

बहुयोनिनिवासिभिः न च ते त्राणं च शरणं च ॥१९॥

(ગુ. ભા.) હે જીવ! સંસારમાં રહેલા અને ચોરાશી લાખ યોનિમાં નિવાસ કરતા એવા માતા પિતા અને બન્ધુઓ વડે આ ચૌદ રાજલોક ભર્યો છે, પણ તે કોઈ તારું રક્ષણ કરવાને સમર્થ નથી, તેમ શરણ રાખવાને પણ સમર્થ નથી! માટે રક્ષણ કરવાને સમર્થ એવા જિનધર્મનું શરણ લે કે જેથી આધિ વ્યાધિ અને ઉપાધિરૂપ દુઃખથી પરિપૂર્ણ એવા આ સંસારથી મુક્ત થઇ શકે. ૧૯.

**जीवो वाहिविलुत्तो, सफरो इव निज्जले तडप्फडई ।**
**सयलो वि जणो पिच्छइ, को सक्को वेअणाविगमे?॥२०॥**

सं. छाया–जीवो व्याधिविलुप्तः शफर इव निर्जले तडफ्फडयति ।
सकलोऽपि जनः प्रेक्षते कः शक्तो वेदनाविगमे ? ॥२०॥

(ગુ. ભા.) જ્યારે આ જીવ વ્યાધિથી ગ્રસ્ત થઈ જલ વિનાના માછલાની જેમ તડફડે છે–ટળવળે છે, હાય! ઓય! કરે છે, તે વખતે પાસે બેઠેલા સગાં સંબંધીઓ અસહ્ય દુઃખ દેખે છે છતાં તેમાંનું કોણ વેદના દૂર કરવાને સમર્થ થાય છે? અર્થાત્ કોઇ કાંઈ પણ વેદના નિવારવાને શક્તિમાન્ થતું નથી, પણ છેવટે અંત સમયે ધર્મનું શરણ બતાવે છે. માટે હે પ્રાણી! પરિણામે ધર્મનું શરણ તો કરવું જ પડે છે,

તો પછી પ્રથમથીજ ધર્મનું શરણ લેવાને શા માટે વિલંબ કરે છે? ૨૦.

**मा जाणसि जीव! तुमं, पुत्त-कलत्ताइ मज्झ सुहहेऊ।**
**निउणं बंधणमेयं, संसारे संसरंताणं ॥२१॥**

सं. छाया—मा जानीहि जीव! त्वं पुत्र-कलत्रादि मम सुखहेतुः।
निपुणं बन्धनमेतत् संसारे संसरताम् ॥२१॥

(ગુ. ભા.) હે જીવ! તું આ સંસારને વિષે એકાંતે દુઃખના હેતુ જે પુત્ર સ્ત્રી મિત્રો વિગેરેને સુખના હેતુ જાણ નહીં, કારણ કે–સંસારમાં ભ્રમણ કરતા જીવોને એ પુત્ર સ્ત્રી મિત્રો વિગેરે સગાં સંબંધીઓ આકરા સંસારબંધનનું કારણ થાય છે પણ સંસારમાંથી છોડાવતા નથી. માટે તે સંસારબંધન કરાવનારા સગાં સંબંધીઓમાં મમત્વ ભાવ નહીં રાખતા કર્મબંધનથી મુકત કરનાર ધર્મમાં દૃઢબુદ્ધિ કર. ૨૧.

**जणणी जायइ जाया, जाया माया पिआ य पुत्तो अ।**
**अणवत्था संसारे, कम्मवसा सव्वजीवाणं ॥२२॥**

सं. छाया—जननी जायते जाया, जाया माता पिता च पुत्रश्च।
अनवस्था संसारे कर्मवशात् सर्वजीवानाम् ॥२२॥

(ગુ. ભા.) આ સંસારમાં કર્મવશથી જીવોની અવ્યવસ્થા છે, એટલે એકજ પ્રકારની સ્થિતિ રહેતી

નથી. કારણ કે–જે આ ભવમાં માતા હોય છે તે ભવાન્તરમાં સ્ત્રી પણ થાય છે, વળી જે સ્ત્રી હોય છે તે ભવાન્તરમાં માતારૂપે થાય છે. પિતા હોય તે ભવાન્તરમાં પુત્રરૂપે ઉત્પન્ન થાય છે, અને પુત્ર હોય છે તે ભવાન્તરમાં પિતારૂપે થાય છે, આ પ્રમાણે સંસારનું અનિયમિતપણું છે. સર્વ જીવો કર્મને વશ થઈ ભિન્નભિન્નરૂપે અવતાર લે છે, અને મોહાંધ થઈ મારું મારું કરે છે; પણ સમજતા નથી કે એકજ જાતની સ્થિતિ રહેવાની નથી. માટે હે જીવ! તારી ચલ સ્થિતિનો વિચાર કર, અને સંસારની જૂઠી માયા અને મમત્વ ત્યાગી ધર્મધ્યાન ચૂક નહીં. ૨૨.

**न सा जाई न सा जोणी न तं ठाणं न तं कुलं ।**
**न जाया न मुआ जत्थ, सव्वे जीवा अणंतसो ॥२३॥**

सं० छाया–न सा जातिर्न सा योनिर्न तत्स्थानं न तत् कुलम् ।
न जाता न मृता यत्र सर्वे जीवा अनन्तशः ॥२३॥

(ગુ. ભા.) ચૌદ રાજલોકમાં એવી કોઈ જાતિ નથી, એવી કોઇ યોની નથી, એવું કોઇ સ્થાન નથી, અને એવું કોઈ કુલ નથી કે જ્યાં સર્વ જીવો અનંતીવાર જન્મ્યા નથી; અને અનંતીવાર મૃત્યુ પામ્યા નથી–સર્વ જીવો સર્વ સ્થાનકે અનંતીવાર જન્મ્યા છે અને મૃત્યુ પામ્યા છે. ૨૩.

**तं किं पि नत्थि ठाणं, लोए वालग्गकोडिमित्तं पि ।**
**जत्थ न जीवा बहुसो, सुह-दुक्खपरंपरं पत्ता ॥२४॥**

सं. छाया—तत् किमपि नास्ति स्थानं लोके वालाग्रकोटिमात्रमपि ।
यत्र न जीवा बहुशः सुख-दुःखपरम्परां प्राप्ताः ॥२४॥

(ગુ. ભા.) લોકને વિષે વાલના અગ્રભાગના અસંખ્યાતમા ભાગ જેટલું પણ એવું કોઈ સ્થાન નથી કે જ્યાં જીવો ઘણીવાર સુખદુઃખની પરંપરાને ન પામ્યા હોય. અર્થાત્ જીવો સર્વ સ્થાનમાં સુખ દુઃખની પરંપરા પામ્યા, પણ કર્મક્ષયની પરંપરા પામ્યા નહીં! ૨૪.

**सव्वाओ रिद्धिओ पत्ता सव्वे वि सयणसंबंधा ।**
**संसारे ता विरमसु तत्तो जइ मुणसि अप्पाणं ॥२५॥**

सं. छाया—सर्वा ऋद्धयः प्राप्ताः सर्वेऽपि स्वजनसम्बन्धाः ।
संसारे तस्माद् विरम ततो यदि जानास्यात्मानम् ॥२५॥

(ગુ. ભા.) હે જીવ! સંસારને વિષે અનાદિકાલથી ભ્રમણ કરતાં તેં દેવ અને મનુષ્યાદિની સર્વ સમૃદ્ધિ-સંપદા પામી, અને સર્વની સાથે મા, બાપ, બહેન, બન્ધુ, સ્ત્રી વિગેરે સમગ્ર પ્રકારના સગપણ અનંતીવાર પામ્યો, પણ તેમાં તારી હજુસુધી સિદ્ધિ થઈ નહીં. માટે પરિણામે દુઃખકર તે સમૃદ્ધિ અને સગપણોમાં

મોહ માયા રાખ નહીં. અને આત્મસ્વરૂપને જાણવા ઇચ્છતો હોય તો સંસારથી વિરામ પામ-સંસારથી વિરક્ત થા, કે જેથી ભવભ્રમણા ટળી અક્ષયસુખ મળે. ૨૫.

**एगो बंधइ कम्मं, एगो वह-बंध-मरण-वसणाइं ।**
**विसहइ भवम्मि भमडइ, एगु च्चिअ कम्मवेलविओ ॥२६**

सं. छाया—एको बध्नाति कर्म, एको वध-बन्ध-मरण-व्यसनानि ।
विषहते भवे भ्राम्यति, एक एव कर्मवञ्चितः ॥२६॥

(ગુ. ભા.) આ જીવ એકલોજ કર્મબંધ કરે છે, વધ બંધ મરણ અને આપાત્ત એકલાનેજ સહન કરવી પડે છે, પણ જે સ્ત્રી-પુત્રાદિને માટે તેં અનેક પ્રકારના પાપારંભ કર્યા તે કોઇ તારી વેદનાનો ભાગ લેવા આવશે નહીં. વળી કર્મથી ઠગાયેલો એવો આ આ જીવ એકલોજ સંસારમાં ભટકયા કરે છે, પણ જો વીતરાગના વચન ઉપર શ્રદ્ધા રાખી ધર્મમાં આસક્ત થાય તો સંસારના બંધન-છેદનાદિ દુઃખોથી છૂટે. ૨૬.

**अन्नो न कुणइ अहिअं, हिअंपि अप्पा करेइ न हु अन्नो ।**
**अप्पकयं सुह-दुक्खं, भुंजसि ता कीस दीणमुहो ?२७**

सं. छाया—अन्यो न करोत्यहितं, हितमप्यात्मा करोति नैवाऽन्यः ।
आत्मकृत सुख-दुःखं, भुङ्क्षे ततः कस्माद् दीनमुख ?॥२७॥

(ગુ. ભા.) હે જીવ! તું એમ ધારે છે કે-અમુક માણસે મારું બગાડયું, અને ફલાણાયે સુધાર્યું; એમ ધારી રાગ-દ્વેષ કરે છે. પણ આ જગત્‌માં તારું કોઈ બગાડનાર યા સુધારનાર નથી, તું પોતેજ તારું હિત યા અહિત કરે છે અને તું પોતેજ સારાં નરસાં કર્મ કરી સુખ-દુઃખને ભોગવે છે, બીજો કોઈ હિતાહિત કરતો નથી, તો પછી શા માટે દયામણું મુખ કરે છે? અને બીજાઓના દોષ દેખે છે? ૨૭.

**बहुआरंभविढत्तं, वित्तं विलसन्ति जीव ! सयणगणा।**
**तज्जणियपावकम्मं, अणुहवसि पुणो तुमं चेव ॥२८॥**

**सं. छाया–बह्वारम्भाऽर्जितं, वित्तमनुभवन्ति जीव ! स्वजनगणाः।**
**तज्जनितपापकर्म, अनुभवसि पुनस्त्वमेव ॥२८॥**

(ગુ. ભા.) હે જીવ! તેં ખેતી વ્યાપારાદિ અનેક પ્રકારના આરંભ કરી, કૂડ કપટ પ્રપંચાદિ અનેક પ્રકારના અનર્થો કરી, નીચસેવાદિ અનેક પ્રકારનાં અકાર્યો કરી, અને પરદેશભ્રમણાદિ અનેક પ્રકારનાં જોખમ ખેડી મહા પરિશ્રમે ધન ઉપાર્જન કર્યું; પરંતુ તે ધનને સ્વજન–સગા સબંધીઓ વિલસે છે–ભોગવે છે, એટલે તે ધનનું ફળ તો તેઓ ભોગવે છે! પણ તે દ્રવ્ય ઉપાર્જન કરતાં બાંધેલાં અનેક પ્રકારનાં પાપકર્મો તો તારેજ ભોગવવાં પડે છે, તેઓ કોઈ

ભોગવવા આવતા નથી. માટે હે આત્મન્! કાંઇક સમજ. બીજાઓને માટે પાપના પોટલા બાંધી દુઃખી ન થા, અને ન્યાયથી ધન ઉપાર્જન કરી યથાશક્તિ ધર્મકાર્યોમાં તેનો વ્યય કર, કે જેથી તારો પરિશ્રમ ફલીભૂત થાય. ૨૮.

**अह दुक्खियाइं तह भुक्खियाइं जह चिंतियाइं डिंभाइं।**
**तह थोवंपि न अप्पा, विचिंतिओ जीव! किं भणिमो?॥**

सं. छाया–अथ दुःखितास्तथा बुभुक्षिता यथा चिन्तिता डिम्भाः।
तथा स्तोकमपि नात्मा, विचिन्तितो जीव! किं भणामः? ॥२९॥

(ગુ. ભા.) હે જીવ! તેં મૂઢ બની 'અરે! આ મારા બાળક દુખીયા છે, ભૂખ્યા છે, વસ્ત્ર રહિત છે' ઈત્યાદિ રાત્રિદિવસ ચિન્તવન કર્યું, તેઓને પડતી અગવડો ટાળવા ઈલાજો લીધા. પણ તેં તારા આત્માની થોડી પણ ચિન્તા કરી નહીં કે મેં મારા આત્માનું શું સાર્થક કર્યું? કેવલ રાત્રિ-દિવસ પરભાવમાંજ મગ્ન રહ્યો. તું મૂઢ બન્યો છે! તને કેટલો ઉપદેશ આપીએ?–વધારે શું કહીએ? ૨૯.

**खणभंगुरं सरीरं, जीवो अन्नो अ सासयसरूवो।**
**कम्मवसा संबंधो, निब्बंधो इत्थ को तुज्झ ॥३०॥**

सं. छाया–क्षणभङ्गुरं शरीरं, जीवोऽन्यश्च शाश्वतस्वरूपः।
कर्मवशात् सम्बन्धो, निर्बन्धोऽत्र कस्तव? ॥३०॥

(ગુ. ભા.) હે જીવ ! આ શરીર ક્ષણભંગુર છે-ક્ષણ વિનાશી છે-અશાશ્વતું છે, અને આત્મા તેથી જુદો શાશ્વત સ્વરૂપ છે-અવિનાશી છે. કર્મના વશથી તારો તેની સાથે સંબંધ થયો છે, તો પછી તારાથી વિરૂદ્ધ ધર્મવાળા એવા આ શરીરમાં તારી શી મૂર્છા છે? શરીર ઉપરથી મમત્વભાવ ત્યાગી આત્મસ્વરૂપમાં રમણ કર. ૩૦.

**कह आयं कह चलियं, तुमंपि कह आगओ कहं गमिही!**
**अन्नुन्नंपि न याणइ, जीव ! कुटुंबं कओ तुज्झ ?३१॥**

सं.छाया-कुत आगतं कुत्र चलितं, त्वमपि कुत आगतः कुत्र गमिष्यसि?।
अन्योन्यमपि न जानीथो, जीव ! कुटुम्बं कुतस्तव ? ३१॥

(ગુ. ભા.) હે આત્મન્ ! જેના ઉપર તારો ઘણો મોહ છે-ઘણી પ્રીતિ છે તે માત પીતા પત્ની પુત્ર વિગેરે કુટુંબ ક્યાંથી આવ્યું ? અને ક્યાં ગયું ? તું પણ કઈ ગતિમાંથી આવ્યો ? અને ક્યાં જઈશ ? આ પ્રમાણે કુટુંબની તને અને તારી કુટુંબને ખબર પણ નથી, તો પછી તારું એ કુટુંબ ક્યાંથી ? અને તું કુટુંબનો ક્યાંથી ? કે જેથી તું 'મારું કુટુંબ મારું કુટુંબ' કરતો ભટકે છે. ૩૧.

**खणभंगुरे सरीरे, मणुअभवे अब्भपडलसारिच्छे।**
**सारं इत्तियमेत्तं, जं कीरइ सोहणो धम्मो ॥३२॥**

सं. छाया–क्षणभङ्गुरे शरीरे, मनुजभवेऽभ्रपटलसदृक्षे ।
सारमेतावन्मात्रं, यत्क्रियते शोभनो धर्मः ॥३२॥

(ગુ. ભા.) આ ક્ષણભંગુર શરીરમાં, અને વાદળાંના ગોટાની જેમ જલ્દી વિનાશ પામતા આ મનુષ્ય ભવમાં સાર માત્ર એટલોજ છે કે–સુંદર અને દોષરહિત વીતરાગ ધર્મનું સેવન કર, તે વિના બીજો કાંઈ આ સંસારમાં સાર નથી. ૩૨.

**जम्मदुक्खं जरादुक्खं, रोगा य मरणाणि य ।**
**अहो ! दुक्खो हु संसारो, जत्थ कीसन्ति जंतुणो॥३३**

सं. छाया–जन्मदुःखं जरादुःखं, रोगाश्च मरणानि च ।
अहो ! दुःखो हि संसारो, यत्र क्लिश्यन्ते जन्तवः ॥३३॥

(ગુ. ભા.) હે જીવ ! આ જગત્‌માં જન્મનું દુઃખ, ઘડપણનું દુઃખ, અનેક પ્રકારનાં રોગોનાં દુઃખ, તથા અનેક પ્રકારનાં મરણના દુઃખ છે. અરે ! આ સંસાર ખરેખર દુઃખમય છે, જેની અંદર પ્રાણીઓ અનેક પ્રકારના કલેશો ભોગવી રહ્યા છે. આવા જન્મ–મરણાદિ અનેક પ્રકારનાં દુઃખો અનુભવતા છતાં તેમાં આસકત થઈ રહ્યા છે એ મહા આશ્ચર્ય છે ! ૩૩.

**जाव न इंदियहाणी, जाव, न जररक्खसी परिप्फुरई ।**
**जाव न रोगविआरा, जाव न मच्चू समुल्लिअई॥३४॥**

सं. छाया-यावन्नेन्द्रियहानिर्यावन्न जराराक्षसी परिस्फुरति ।
यावन्न रोगविकारा यावन्न मृत्युः समुच्छ्लिष्यति ॥३४॥

(ગુ. ભા.) હે જીવ! જ્યાંસુધી ઈન્દ્રિયો ક્ષીણ થઇ નથી, જ્યાંસુધી જરારૂપી રાક્ષસી વ્યાપી નથી, જ્યાં સુધી રોગવિકારો પ્રગટ થયા નથી અને જ્યાંસુધી કાળના પાશમાં સપડાયો નથી ત્યાંસુધીમાં વીતરાગ ધર્મનું સેવન કરી લે-જેમ બને તેમ જલદીથી ધર્મ-સાધન કરી લે. ૩૪.

**जह गेहम्मि पलित्ते, कूवं खणिउं न सक्कए कोइ ।**
**तह संपत्ते मरणे, धम्मो कह कीरए ? जीव ! ॥३५॥**

सं. छाया-यथा गेहे प्रदीप्ते, कूपं खनितुं न शक्नोति कोऽपि ।
तथा संप्राप्ते मरणे, धर्मः कथं क्रियते ? जीव ! ॥३५॥

(ગુ. ભા.) જેમ ઘરમાં ચોતરફથી આગ લાગે ત્યારે કૂવો ખોદી પાણી કાઢી બળતા ઘરને ઓલવવા કોઈપણ સમર્થ ન થાય અર્થાત્ આગ લાગે ત્યારે તું ધર્મસાધન કેવી રીતે કરી શકીશ ? માટે જરા વિચાર કર ! અને વિષય-કષાયથી વિરક્ત થઈ ધર્મનું શરણ કરી લે કે જેથી મરણ સમયે પશ્ચાત્તાપનો વખત ન આવે ? ૩૫.

**रूवमसासयमेयं, विज्जुलयाचंचलं जए जीअं । सं.**
**संझाणुरागसरिसं, खणरमणीअं च तारुण्णं ॥३६॥**

सं. छाया–रूपमशाश्वतमेतद्, विद्युल्लताचञ्चलं जगति जीवितम् ।
सन्ध्यानुरागसदृशं, क्षणरमणीयं च तारुण्यम् ॥३६॥

(ગુ. ભા.) હે જીવ! આ શરીરનું સૌન્દર્ય અસ્થિર છે, જગત્માં જીન્દગી વીજળીના જેવી ચંચળ છે, અને જુવાની સાયંકાલના પંચવર્ણા રંગ જેવી ક્ષણમાત્ર રમણીય છે; માટે તે અસ્થિર અને ચંચળ અને ક્ષણ-ભંગુર ભાવોનો સેવક ન બનતાં પ્રભુસેવામાંજ ચિત્ત રાખ. ૩૬.

**गयकण्णचंचलाओ, लच्छीओ तिअसचावसारिच्छं ।**
**विसयसुहं जीवाणं, बुज्झसु रे जीव! मा मुज्झ ॥३७॥**

सं. छाया–गजकर्णचञ्चला लक्ष्मीस्त्रिदशचापसदृशम् ।
विषयसुखं जीवानां, बुध्यस्व रे जीव! मा मुह्य ॥३७॥

(ગુ. ભા.) હે આત્મન્ લક્ષ્મી હાથીના કાન જેવી ચંચળ છે, અને વિષયસુખ ઇન્દ્રધનુષ્ય જેવું ક્ષણ-ભંગુર છે; માટે જરા જાણ થા–બોધ પામ, મૂર્ખ બની મોહમૂઢ ન થા. ૩૭.

**जह संझाए सउणा-ण संगमो जह पहे अ पहिआणं ।**
**सयणाणं संजोगो, तहेव खणभंगुरो जीव ! ॥३८॥**

छाया–यथा सन्ध्यायां शकुनानां सङ्गमो यथा पथि च पथिकानाम् ।
स्वजनानां संयोगस्तथैव क्षणभङ्गुरो जीव ! ॥३८॥

(ગુ. ભા.) હે જીવ! જેમ અનેક પ્રકારના પક્ષીઓ ભિન્ન ભિન્ન દિશાએથી આવીને એકઠાં થાય છે, અને સવાર થતાં પોતપોતાને મનગમતે સ્થળે ચાલ્યા જાય છે. તથા રસ્તામાં ભિન્નભિન્ન મુસાફરો એકઠા થાય છે, અને થોડો વખત વિશ્રાન્તિ લઇ પોતપોતાને રસ્તે પડે છે. તેમ આ સંસારમાં સગાં-સંબન્ધીઓનો સંબન્ધ ક્ષણભંગુર છે, તેઓ પોતપોતાના કર્મને અનુસારે ભિન્નભિન્ન ગતિમાંથી આવી એકઠા થયા છે, અને કર્મને અનુસારે સુખ-દુઃખ ભોગવી આયુષ્ય પૂર્ણ થતાં પોતપોતાને યોગ્ય ગતિમાં ચાલ્યા જશે. તો પછી શા માટે તેઓમાં મમત્વ રાખી ધર્મનો સત્ય માર્ગ ભૂલી સંસારમાં બાવરો બની ભટકે છે? ૩૮.

निसाविरामे परिभावयामि,
गेहे पलित्ते किमहं सुयामि ।

डज्झन्तमप्पाणमुवक्खयामि,
जं धम्मरहिओ दिअहा गमामि ॥३९॥

सं. छाया-निशाविरामे परिभावयामि, गेहे प्रदीप्ते किमहं स्वपिमि ।
दहन्तमात्मानमुपेक्षे, यद् धर्मरहितो दिवसान् गमयामि ॥३९॥

(ગુ. ભા.) હે જીવ! તારે પાછલી રાત્રે જાગૃત થઇ નિર્મળ ચિત્તે વિચારવું જોઇએ કે-"આ બધા

અમૂલ્ય દિવસો ધર્મ વિના ફોગટ કેમ ગુમાવું છું? અને આ શરીરરૂપી ઘર વૃદ્ધાવસ્થા, અનેક પ્રકારના રોગો, અને વ્યાધિરૂપી અગ્નિથી બળવા માંડયું છે છતાં તેમાં હું કેમ સૂઈ રહ્યો છું? અને તેમાં બળતા આત્માની શા માટે ઉપેક્ષા કરૂં છું? આ પ્રમાણે વિચારી શ્રીવીતરાગ ધર્મનું આચરણ કરી દિવસો સફળ કર, અને પ્રમાદ ત્યાગી આત્મસાધન કરી લે. ૩૯.

**जा जा वच्चइ रयणी, न य सा पडिनियत्तइ ।**
**अहम्मं कुणमाणस्स, अहला जन्ति राइओ ॥४०॥**

**सं॰ छाया-या या व्रजति रजनी, न च सा प्रतिनिवर्तते ।**
**अधर्मं कुर्वतोऽफला यान्ति रात्रयः ॥४०॥**

(ગુ. ભા.) જે જે રાત્રિ–દિવસ જાય છે તે પાછા આવતા નથી. ધર્મને નહીં કરનાર પ્રાણીના રાત્રી-દિવસો નિષ્ફળ જાય છે. જેટલો સમય ધર્મકરણીમાં જાય છે તેટલોજ સફળ થાય છે, માટે હે જીવ! ધર્મ-કરણી વિનાના તારા દિવસો પશુની જેમ નિષ્ફળ જાય છે તેનો વિચાર કર, અને જાગ્યા ત્યાંથી સવાર ગણી ધર્મકરણીમાં દત્તચિત્ત થા, કે જેથી દુર્લભ મનુષ્યભવ સાર્થક થાય. ૪૦.

**जस्सऽत्थि मच्चुणा सक्खं, जस्स अत्थि पलायणं ।**
**जो जाणे न मरिस्सामि, सो हु कंखे सुए सिया ॥४१॥**

**सं. छाया-यस्याऽस्ति मृत्युना सख्यं, यस्याऽस्ति पलायनम् ।**
**यो जानाति न मरिष्यामि, स खलु काङ्क्षेत श्वः स्यात् ॥४१**

(ગુ. ભા.) જેને મૃત્યુની સાથે આઈબન્ધી હોય તે કદાચ એમ વિચારે કે-મૃત્યુને સમજાવીને પણ થોડો વખત રોકી રાખીશ, અને ધર્મસાધન કરી લઈશ. પરન્તુ હે જીવ! મૃત્યુ તો તારો કટ્ટર દુશ્મન છે, તો પછી 'કાલે ધર્મસાધન કરીશ' એ પ્રમાણે શા માટે 'કાલનો' ભરોંસો રાખી પ્રમાદમાં દિવસો ગુમાવે છે?-'કાલ' કોણે દીઠી છે? આવતી કાલ સુધી જીવીશ તેની શી ખાત્રી? માટે આજેજ ધર્મ કરવાને ઉદ્યત થા, વળી જેને મૃત્યુ થકી ન્હાસી જવાનું સામર્થ્ય હોય તે કદાચ વિચારે કે પર્વત ગુફામાં અથવા એવા કોઇ નિર્ભય સ્થાનમાં પલાયન કરી જઈશ, અને કાળના સપાટામાંથી છટકી જઇશ! પણ હે આત્મા! તારી એવી શક્તિ નથી કે તુ મૃત્યુથી બચી જાય. ક્રૂર કાળ ઓચિંતો છાપો મારશે ત્યારે શું કરીશ? માટે ભવિષ્ય ઉપર આધાર રાખ નહીં, અને જે ધર્મ-સાધન કરવાનું છે તે આજેજ કરી લે. વળી એમ જાણતો હોય કે મારે મરવાનું નથી, તો કદાચ એવી

ઇચ્છા રાખે કે—આજે નહીં તો કાલે ધર્મસાધન કરીશ, તો તે યુક્ત છે. પરંતુ તારે અવશ્ય મરવાનું તો છેજ, તો પછી આગામી કાલ ઉપર શા માટે ભરોંસો રાખે છે?

કોઇની મૃત્યુ સાથે મિત્રતા નથી, કોઇ મૃત્યુના સપાટામાંથી ન્હાસી શકે તેમ નથી, તેમ દરેકને મરવાનું અવશ્ય છે; તો પછી હે આત્મા! તું ભવિષ્ય ઉપર ભરોંસો રાખ નહીં, જે ધર્મકરણી કરવાની હોય તે પ્રમાદ ત્યાગી આજેજ કરી લે. ૪૧.

**दंडकलिअं करित्ता, वच्चन्ति हु राइओ य दिवसा य ।**
**आउं संविल्लन्ता, गया वि न पुणो नियत्तन्ति ॥४२॥**

सं. छाया-दण्डकलितं कृत्वा, व्रजन्ति खलु रात्रयश्च दिवसाश्च ।
आयुः संविलयन्तो, गता अपि न पुनर्निवर्तन्ते ॥४२॥

(ગુ. ભા.) જેમ લોકો ફાળકારૂપે રહેલા સુતરને દંડ ઉપર ચડાવી ઉકેલે છે, તેમ રાત્રિ–દિવસ આયુષ્ય રૂપી સુતરને મનુષ્યભવાદિરૂપ દંડ ઉપર ચડાવી ઉકેલી રહ્યા છે—પ્રતિ દિવસ આયુષ્ય ઓછું થતું જાય છે, અને ગયેલા રાત્રિ–દિવસ પાછા આવતા નથી. ૪૨.

**जहेह सीहो व मियं गहाय,**
**मच्चू नरं णेइ हु अंतकाले ।**

**न तस्स माया न पिया न भाया**

**कालम्मि तम्मिसहरा भवन्ति ॥४३॥**

सं.छाया-यथेह सिंह इव मृगं गृहीत्वा, मृत्युर्नरं नयति खल्वन्तकाले ।
न तस्य माता न पिता न भ्राता, काले तस्मिन् अंशधरा भवन्ति ॥४३॥

(ગુ. ભા.) જેમ સિંહ ટોળામાંથી મૃગલાને પકડી લઈ જાય છે, તેમ અન્તકાળે મૃત્યુ મનુષ્યને પકડી લઈ જાય છે. તે વખતે માતાપિતા કે ભાઈ કોઈપણ એક ક્ષણમાત્ર પણ રક્ષણ કરવાને સમર્થ થતું નથી. સહુ કોઈ દેખતાં કાળ લઈ જાય છે, અને સગાં સંબંધીઓ બેસી રહે છે; પણ કોઈ મરણ સમયે મરણના ભાગી થતા નથી. ૪૩.

**जीअं जलबिंदुसमं, संपत्तिओ तरंगलोलाओ ।**

**सुमिणयसमं च पिम्मं जं जाणसु तं करिज्जासु ॥४४॥**

सं. छाया-जीवितं जलबिन्दुसमं, सम्पत्तयस्तरङ्गलोलाः ।
स्वप्नसमं च प्रेम, यद् जानीयास्तत् कुरुष्व ॥४४॥

(ગુ. ભા.) આ જીન્દગી ડાભના અગ્રભાગ ઉપર રહેલા જલના બિન્દુ સમાન અસ્થિર છે. સંપત્તિઓ સમુદ્રના કલ્લોલ જેવી ચંચળ છે, એટલે કે એક ઠેકાણેથી બીજે ઠેકાણે જલદી જતી રહે છે. અને સ્ત્રી-પુત્રાદિ ઉપરનો પ્રેમ સ્વપ્ન સમાન છે, એટલે કે ક્ષણ

માત્રમાં નાશ પામે છે. હે જીવ ! આ પ્રમાણે જો તું ખરા અંતઃકરણથી જાણતો હોય તો જાણ્યા પ્રમાણે વર્તન કર–જે કાંઈ ધર્મકરણી કરવી ઘટે તે કર, અને શ્રીજિનેન્દ્રના ધર્મને સાચો જાણી તેને વિષે ઉદ્યમ કર. ૪૪.

**संझराग-जलबुब्बुओवमे,**
**जीविए य जलबिंदुचंचले ।**
**जुव्वणे य नइवेगसन्निभे**
**पावजीव ! किमियं न बुज्झसे ? ॥४५॥**

**सं. छाया-सन्ध्याराग-जलबुद्बुदोपमे, जीविते च जलबिन्दुचञ्चले । यौवने च नदीवेगसन्निभे, पापजीव ! किमिदं न बुध्यसे ? ॥४५॥**

(ગુ. ભા.) સન્ધ્યા સમયના રંગ, જલના પરપોટા અને ડાભ ઉપર રહેલા જલના બિન્દુ સમાન આ જીન્દગી ચંચલ છે–સન્ધ્યા સમયના લાલ પીળા લીલા વિગેરે રંગો ઘડી બેઘડીમાં નાશ પામે છે, પાણીના પરપોટા થોડાજ વખતમાં હતા નહોતા થઈ જાય છે, અને ડાભના અગ્રભાગ ઉપર રહેલું પાણીનું ટીપું થોડીવારમાંજ નાશ પામે છે, તેમ આ જીન્દગી ચંચળ છે, અસ્થિર છે, અને થોડીવારમાંજ નાશ પામે તેવી છે. વળી આ યૌવન નદીના પૂરના વેગ સમાન

જતાં વાર ન લાગે તેવું છે, અર્થાત્ ક્ષણિક છે. તો પણ હે પાપી જીવ ! આ સર્વ ક્ષણિક જાણવા છતાં કેમ હજુ સુધી સમજતો નથી. ૪૫.

**अन्नत्थ सुआ अन्नत्थ, गेहिणी परिअणोवि अन्नत्थ।**
**भूअबलिव्व कुडुंबं, पक्खित्तं हयकयन्तेण ॥४६॥**

सं. छाया-अन्यत्र सुता अन्यत्र, गेहिनी परिजनोऽप्यन्यत्र ।
भूतबलिरिव कुटुम्बं, प्रक्षिप्तं हत कृतान्तेन ॥४६॥

(ગુ. ભા.) ભૂત-પ્રેતાદિને નાખેલા બળી-બાકળા જેમ છિન્નભિન્ન થઇ જાય છે-ભિન્નભિન્ન વિખરાઈ જાય છે, તેમ ક્રૂર યમદેવે તારાપુત્રોને અન્યગતિમાં ફેંકી દીધા, તારી પ્રાણપ્રિયાને કોઈ બીજી ગતિમાં મૂકી દીધી, અને તારા કુટુમ્બ-કબીલાને કોઇ બીજે સ્થળે નાખી દીધા, આ પ્રમાણે યમદેવે બધાને વેર-વીખેર કરી નાખ્યા-ભિન્નભિન્ન ગતિમાં ફેંકી દીધા ! અર્થાત્ મન્ત્ર સાધન કરવાવાળા પુરુષો જેમ બળી-બાકળા ભિન્નભિન્ન જગ્યાએ ફેંકે છે, તેમ યમદેવ દેખતાં દેખતા સર્વ કુટુંબને ભિન્નભિન્ન ગતિમાં નાખી દે છે. માટે હે જીવ ! તેઓ ઉપર ખોટો મમત્વ ત્યાગી આત્મ-સાધન કરવાને ઉદ્યમવંત થા. ૪૬.

**जीवेण भवे भवे, मिल्लियाइ देहाइ जाइ संसारे ।**

**ताणं न सागरेहिं, कीरइ संखा अणंतेहिं ॥४७॥**

**सं. छाया-जीवेन भवे भवे, मेल्लितानि देहानि यानि संसारे।
तेषां न सागरैः, क्रियते सङ्ख्याऽनन्तैः ॥४७॥**

(ગુ. ભા.) આ જીવે સંસારમાં ભવોભવને વિષે જેટલા દેહ કર્યા તેની જો ગણત્રી કરવા બેસીએ તો અનંતા સાગરોપમ જેટલો કાળ ચાલ્યો જાય તો પણ ગણત્રી કરી શકીએ નહીં! અર્થાત્ આ જીવે ભવોભવમાં ભટકી ભટકી અનંતા દેહ કરીને મૂકી દીધા છે. તો પછી હે આત્મા! આવા ક્ષણભંગુર અને અશુચિથી ભરેલા શરીર ઉપર શા માટે મૂર્છા રાખે છે? હવે તો આવા વિનાશી શરીર ઉપરથી મૂર્છા ઉતારી અશરીરી થવાને પ્રયત્નશીલ થા. ૪૭.

**नयणोदयंपि तासिं, सागरसलिलाओ बहुयरं होइ।
गलियं रुअमाणीणं, माउणं अन्नमन्नाणं ॥४८॥**

**सं. छाया-नयनोदकमपि तासां, सागरसलिलाद् बहुतरं भवति।
गलितं रुदतीनां, मातॄणाम् अन्यान्यासाम् ॥४८॥**

(ગુ. ભા.) હે આત્મા અન્ય અન્ય ભવમાં થયેલી ભિન્ન ભિન્ન માતાઓ, કે જેઓ તારી વિપત્તિ દુઃખ અને મરણને લીધે રુદન કરતી હતી તે માતાઓના નેત્રના આંસુનું પરિમાણ કરવા બેસીએ તો સમુદ્રના

પ્રાણીથી પણ અતિશય અધિક થઇ જાય ! અરે જીવ ! તેં અનંતી માતાઓ કરી, અને તે બધીને રોતી કકળતી મૂકી આ ભવમાં આવ્યો છે, માટે હવે પરમાર્થનો વિચાર કર, અને ફરીથી માતા ન કરવી પડે, અને જન્મ જરા તથા મરણના ફેરામાં ન ન ભટકવું પડે તેને માટે ધર્મકરણીમાં પ્રયત્નશીલ થા. ૪૮.

**जं नरए नेरइया, दुहाइ पावन्ति घोरऽणंताइ ।**
**तत्तो अणंतगुणियं, निगोअमज्झे दुहं होइ ॥४९॥**

सं. छाया-यद् नरके नैरयिका, दुःखानि प्राप्नुवन्ति घोराऽनन्तानि ।
ततोऽनन्तगुणितं, निगोदमध्ये दुःखं भवति ॥४९॥

(ગુ. ભા.) નરકમાં નારકી જીવો અનંતાં ઘોર દુઃખ પામે છે તે નરકનાં દુઃખથી પણ અનંતાં અધિક દુઃખો નિગોદમાં ભોગવવાં પડે છે-નિગોદમાં અનંતાં જીવોને રહેવાનું એકજ શરીર હોવાથી ઘણાં સાંકડા સ્થાનમાં રહી સમયે સમયે જન્મ-મરણાદિનાં અનંતાં દુઃખો જીવને ભોગવવાં

**तम्मिवि निगोअमज्झे, वसिओ रे जीव ! कम्मवसा ।**
**विसहन्तो तिक्खदुक्खं, अणंतपुग्गलपरावत्ते ॥५०॥**

सं. छाया-तस्मिन्नपि निगोदमध्ये, उषितो रे जीव ! कर्मवशात्
विषहमाणस्तिक्ष्णदुःखं, अनन्तपुद्गलपरावर्तान् ॥५०॥

(ગુ. ભા.) રે જીવ! આવી ભયંકર નિગોદમાં પણ વિવિધ કર્મને વશ થઈ તું અનંત પુદ્ગલ પરાવર્ત સુધી ઘોર દુઃખોને સહન કરતો વસ્યો, તેં નિગોદનાં અસહ્ય દુઃખો અનંતીવાર ભોગવ્યાં, માટે હવે તેવાં દુઃખો ન ભોગવવાં પડે તે માટે વીતરાગધર્મ આરાધવાને તત્પર થા. ૫૦.

**निहरीअं कहवि तत्तो, पत्तो मणुअत्तणंपि रे जीव ।**
**तत्थवि जिणवरधम्मो, पत्तो चिंतामणीसरिच्छो ॥५१॥**

**पत्ते वि तम्मि रे जीव !, कुणसि पमायं तुमं तयं चेव ।**
**जेणं भवंधकूवे, पुणो वि पडिओ दुहं लहसि ॥५२॥**

सं. छाया-निःसृत्य कथमपि ततः, प्राप्तो मनुजत्वमपि रे जीव !
तत्रापि जिनवरधर्मः, प्राप्तश्चिन्तामणिसदृक्षः ॥५१॥

सं. छाया-प्राप्तेऽपि तस्मिन् रे जीव !, करोषि प्रमादं त्वं तमेव ।
येन भवान्धकूपे, पुनरपि पतितो दुःखं लप्स्यसे ॥५२॥

(ગુ. ભા.) હે જીવ! તું અનેક પ્રકારની અકામ નિર્જરાએ કરીને, તથા નિગોદની ભવસ્થિતિ પૂરી કરીને મહાકષ્ટે ભાગ્યયોગે અતિદુર્લભ એવો મનુષ્ય ભવ પામ્યો, અને તેમાં પણ ચિન્તામણિરત્ન સમાન મનોવાંછિત સુખ આપનાર શ્રીજિનેન્દ્રધર્મ પામ્યો. આવો ચિન્તામણી તુલ્ય ધર્મ પ્રાપ્ત કરીને પણ જો

તું પ્રમાદ કરે છે તો ફરીથી ભવરૂપી અન્ધકૂવામાં પડી જન્મ-મરણાદિ ઘોર દુઃખ પામીશ-ફરીથી મનુષ્ય ભવ, અને તેમાં પણ જિનધર્મની પ્રાપ્તિ અતિ દુર્લભ છે. માટે હે આત્મા ! નિદ્રા વિકથાદિ પ્રમાદ ત્યાગી ધર્મકરણીમાં ઉધમશીલ થા. ૫૧-૫૨.

**उवलद्धो जिणधम्मो, न य अणुचिण्णो पमायदोसे ।**
**हा जीव ! अप्पवेरि !, सुबहुं परओ विसूरिहिसि ॥५३॥**

सं. छाया-उपलब्धो जिनधर्मो, न चाऽनुचीर्णः प्रमाददोषेण ।
हा जीव ! आत्मवैरिक ! सुबहु परतः खेत्स्यसे ॥५३॥

(ગુ. ભા.) હે જીવ ! તુ મહાભાગ્યયોગે જિનધર્મને પામ્યો છતાં પ્રમાદદોષથી તેં આચર્યો નહીં જેથી ખરેખર ખેદ થાય છે. અરે આત્મવૈરી ! રત્ન સમાન ધર્મ પામવા છતાં ફક્ત પ્રમાદદોષથી નહીં આચરવાથી તને પરલોકમાં ઘણાં દુઃખ સહન કરવાં પડશે, અને તે વખતે તું ખેદ કરીશ માટે હવેથી પણ જાગ્યા ત્યાંથી સવાર ગણી, આત્માનો કટ્ટરશત્રુ જે પ્રમાદ તેને ત્યાગી, અપ્રમાદપણે ધર્મ કર. ૫૩.

**सोअन्ति ते वराया, पच्छा समुवट्ठियम्मि मरणम्मि ।**
**पावपमायवसेण, न संचियो जेहि जिणधम्मो ॥५४॥**

सं. छाया-शोचन्ते ते वराकाः, पश्चात् समुपस्थिते मरणे ।
पापप्रमादवशेन, न सञ्चितो यैर्जिनधर्मः ॥५४॥

(ગુ. ભા.) જેઓએ મદ, વિષય, કષાય, નિદ્રા, અને વિકથારૂપ મહાદુષ્ટ પ્રમાદને આધીન થઇ જિન-ધર્મ આદર્યો નથી તે બાપડા રાંક જીવો પછીથી મરણ આવી પહોંચતાં પશ્ચાત્તાપ કરે છે કે–"અરેરે! અમે કાંઈ ધર્મસાધન કરી શકયા નહીં, હવે પરલોકમાં શી ગતિ થશે? ધર્મ કર્યા વિના પરલોકમાં કયાંથી સુખી થઇશું? ત્યાં અતિભયંકર દુઃખો ભોગવવાં પડશે. અરેરે! હવે શું કરવું?" ઇત્યાદિ ઘણો જ શોક કરે છે. માટે હે જીવ! તું અત્યારથીજ ધર્મકરણી કરી લે, કે જેથી મરણ સમયે પશ્ચાત્તાપ કરવો ન પડે, અને પરલોકમાં કારમાં દુઃખો સહન કરવાં ન પડે. ૫૪

**धीधीधी !!! संसारं, देवो मरिउण जं तिरी होइ ।**
**मरिउण रायराया, परिपच्चइ नरयजालाए ॥५५॥**

सं. छाया-धिग् धिग् धिक् !!! संसारं, देवो मृत्वा यत् तिर्यग भवति।
मृत्वा राजराजः, परिपच्यते नरकज्वालया ॥५५॥

(ગુ. ભા.) જે સંસારમાં મહાસમૃદ્ધિવંત અને અપ્સરાઓના વિલાસો વડે સુખમાં મગ્ન થયેલો દેવ જેવો ઉત્તમ જીવ પણ મરીને તિર્યંચ થાય છે. વળી જે સંસારમાં છ ખંડનો ભોક્તા, ચોસઠ હજાર સુંદ-રીઓનો સ્વામી, તથા જેની ચોસઠ હજાર યક્ષો અને બત્રીસ હજાર મુકુટબદ્ધ રાજાઓ રાત્રી–દિવસ સેવા

કરી રહ્યા છે, એવો રાજાધિરાજ-મહારાજા ચક્રવતી પણ મરીને નરકની જ્વાલા વડે પકવાય છે, અને પરધામીઓએ કરેલી ભયંકર વેદનાઓને સહન કરે છે! એવા આ સંસારને ધિક્કાર હો! ધિક્કાર હો!!!૫૫.

**जाइ अणाहो जीवो, दुमस्स पुप्फं व कम्मवायहओ ।**
**धन-धन्ना-हरणाइं, घर-सयण-कुडुंब मिल्लेवि ॥५६॥**

सं. छाया-यात्यनाथो जीवो, द्रुमस्य पुष्पमिव कर्मवातहतः ।
धन-धान्या-ऽऽभरणानि, गृह-स्वजन-कुटुंबं मुक्त्वाऽपि ॥५६॥

(ગુ. ભા.) જેમ પવનના ઝપાટાથી વૃક્ષનું પુષ્પ ખરી પડે છે, તેમ કર્મરૂપી પવનને પરાધીન થયેલો આ બીચારો અનાથ જીવ પોતે મેળવેલાં ધનધાન્ય ઘરેણાં ઘર સગા-વહાલાં અને કુટુંબને પડતા મેલી ચાલ્યો જાય છે! માટે હે આત્મન્! તું કર્મરૂપી પવનને આધીન છે, તેનો ઝપાટો લાગતાં તારે બધું છોડી ચાલ્યું જવું પડશે, તે વખતે તારી સાથે કાંઈ પણ આવનાર નથી. માટે પરિણામે જે વસ્તુ તારી સાથે આવનાર નથી તેના ઉપરથી મોહ ત્યાગી, પરભવમાં પણ સાથે આવી સુખ કરનાર જ્ઞાન દર્શન અને ચારિત્રનું આરાધન કર. ૫૬.

**वसियं गिरीसु वसियं, दरीसु वसियं समुद्दमज्झम्मि ।**
**रुक्खग्गेसु य वसियं, संसारं संसरंतेणं ॥५७॥**

सं. छाया-उषितं गिरिषूषितं, दरीषूषितं समुद्रमध्ये ।
वृक्षाग्रेषु चोषितं, संसारं संसरता ॥५७॥

(ગુ. ભા.) હે આત્મન્! સંસારમાં પરિભ્રમણ કરતાં તેં કેટલીએક વાર પર્વતોમાં નિવાસ કર્યો, કેટલીએકવાર વૃક્ષોના અગ્રભાગમાં પક્ષીરૂપે નિવાસ કર્યો, આવી રીતે તારે અનેક સ્થળે ભિન્નભિન્ન સ્વરૂપે નિવાસ કરવો પડયો! તારે નિવાસ કરવાને કોઈપણ એક સ્થાન નથી, તો પછી 'મારૂં મારૂં' કરી શા માટે મિથ્યાભિમાન કરે છે? આયુષ્ય પૂરૂં થતાં કર્મને અનુસારે તારે નિવાસ સ્થાન બદલવું જ પડશે, માટે મમત્વભાવ ત્યાગી સમભાવમાં લીન થા, કે જેથી અક્ષય અને નહીં બદલવું પડે તેવું સ્થાન મળે. ૫૭.

**देवो नेरइओत्ति य, कीड पयंगुत्ति माणुसो एसो ।**
**रूवस्सी य विरुवो, सुहभागी दुक्खभागी य ॥५८॥**

सं. छाया-देवो नैरयिक इति च, कीटः पतङ्ग इति मानुष एषः ।
रूपी च विरूपः, सुखभागी दुःखभागी च ॥५८॥

(ગુ. ભા.) આ જીવ કોઈ વખત દેવ થયો, કોઈ વખત નારકી થયો, કોઈ વખત તિર્યંચગતિમાં કીટ-પતંગ થયો, જ્યારે કોઈ વખત મનુષ્ય બન્યો. વળી કોઈ વખત સ્વરૂપવાન્ થયો, અને કોઈ વખત કુરૂપી થયો. વળી કોઈ વખત સુખીયો, અને કોઈ વખત

દુઃખી થઈ ઉદાસીન બન્યો. આવી રીતે આ સંસારરૂપ નાટકશાળામાં નાટકીયાની પેઠે ભિન્નભિન્ન વેશમાં ઉતરી ભિન્નભિન્ન ભાવ ધારણ કર્યા, પણ હજીુસુધી અવિનાશી અને સ્થિર આત્મરૂપ પામ્યો નહીં. માટે હે આત્મા ! એ સર્વ વેશ અને ભાવોને વિનશ્વર અને અસત્ય જાણી શુદ્ધ આત્મરમણ પામવાને રાગ-દ્વેષની પરિણતિ દૂર કર, કે જેથી તેવા વેષ ધારણ કરી કલુષિત થવું ન પડે. ૫૮.

राउत्ति य दमगुत्ति य, एस सवा गुत्ति एष वेयविऊ।
सामी दासो पुज्जो, खलोत्ति अधणो धणवइत्ति॥ ५९॥

नवि इत्थ कोवि नियमो,
सकम्मविणिविट्ठसरिसकयचिट्ठो ।
अन्नुन्नरूव-वेसो,
नडुव्व परिअत्तए जीवो ॥६०॥

सं. छाया-राजेति च द्रमक इति च, एष श्वपाक इति एष वेदवित् ।
स्वामी दासः पूज्यः, खल इति अधनो धनपतिरिति ॥५९॥

सं. छाया-नाप्यत्र कोऽपि नियमः, स्वकर्मविनिविष्टसदृशकृतचेष्टः ।
अन्योन्यरूप-वेषो, नट इव परिवर्तते जीवः ॥६०॥

(ગુ. ભા.) આ જીવ કોઇ વખત રાજા થયો, જ્યારે કોઈ વખત ભીખારી બની ઉદરપૂર્તિ માટે ઘેરઘેર

ભટક્યો, કોઈ વખત મહાક્રૂર ચંડાલ થયો, જ્યારે કોઈ વખત વેદનો જાણકાર મહાધુરંધર વિદ્વાન્ બન્યો. કોઈ વખત હજારો મનુષ્યોનો સ્વામી થયો, જ્યારે, કોઈ વખત સેવક બની પરાધીન થયો, કોઈ વખત જગત્‌ને વંદનીય થયો, જ્યારે કોઈ વખત મહા નીચ દુર્જન બની જગત્‌ને ધિક્કારવા યોગ્ય બન્યો. કોઈ વખત નિર્ધન મહાદરિદ્રી થયો અને પોતાની આજીવિકાને માટે પણ વિચાર થઈ પડયો; જ્યારે કોઈ વખત કુબેર ભંડારી જેવો બેશુમાર ધનનો સ્વામી થયો. ૫૯. આવી રીતે આ જીવને કોઈ પણ નિયમજ નથી, કારણકે આ સંસારરૂપી રંગભૂમિમાં પોતાના કર્મને અનુસારે ભિન્નભિન્ન રૂપ અને વેષને ધારણ કરી આ જીવ ભિન્નભિન્ન ચેષ્ટા કરતો ભટક્યા કરે છે. માટે હે આત્મા! હવે ચેત, તે કર્મને આધીન થઈ આ સંસારરૂપી નાટકમાં ઘણા રૂપ વેષ અને ચેષ્ટાઓ કરી, પણ હજુસુધી તારી સિદ્ધિ થઈ નહીં. તો હવે તારી ગાઢ નિદ્રામાંથી જાગૃત થા, અને જે ક્રૂરકર્મો તને નચાવી રહ્યા છે તેઓનો ક્ષય કરવાને કર્મરહિત શ્રીવીતરાગનું રટન કર. ૬૦

नरएसु वेअणाओ, अणोवमाओ असायबहुलाओ।
रे जीव! तए पत्ता, अणंतखुत्तो बहुविहाओ ॥६१॥

सं. छाया-नरकेषु वेदना, अनुपमा असातबहुलाः ।
रे जीव ! त्वया प्राप्ता, अनन्तकृत्वो बहुविधाः ॥६१॥

(ગુ. ભા.) હે જીવ ! તેં સાતે નરકોમાં, જેની ઉપમા નથી એવી દુઃખથી ભરપૂર ઘણા પ્રકારની વેદનાઓ અનન્તી વાર ભોગવી, તો પણ હજુ સુધી તારી બુધ્ધિ ઠેકાણે આવી નહીં !, માટે હે મંદમતે ! હવે પાપ કરતાં ડર રાખ કારણ કે તે પાપનાં ફળ તારે જ ભોગવવાં પડશે. ૬૧.

**देवत्ते मणुअत्ते, पराभिओगत्तणं उवगएणं ।**
**भीसणदुहं बहुविहं, अणंतखुत्ते समणुभूअं ॥६२॥**
**तिरियगइं अणुपत्तो, भीममहावेअणा अणेगविहा ।**
**जम्मण-मरणऽरहट्टे, अणंतखुत्तो परिब्भमिओ ॥६३॥**

सं. छाया-देवत्वे मनुजत्वे, पराभियोगत्वमुपगतेन ।
भीषणदुःखं बहुविधम्, अनन्तकृत्वः समनुभूतम् ॥६२॥

सं. छाया-तिर्यग्गयतिमनुप्राप्तो, भीममहावेदना अनेकविधाः ।
जन्म-मरणाऽरघट्टे, अनन्तकृत्वः परिभ्रान्तः ॥६३॥

(ગુ. ભા.) હે જીવ ! તેં દેવભવને વિષે તથા મનુષ્યભવને વિષે પરતંત્રતાના પાશમાં સપડાઈ ભયંકર ઘણા પ્રકારનું દુઃખ અનન્તી વાર અનુભવ્યું. ૬૨. વળી તું તિર્યંચ ગતિમાં ઉત્પન્ન થયો ત્યાં અનેક

પ્રકારની ભયંકર મહાવેદનાઓ ભોગવી. આવી રીતે ચારે ગતિમાં જન્મ અને મરણરૂપી રેંટને વિષે અનંતી વાર ભટક્યો. આ જગત્‌માં એવું કોઈ દુઃખ નથી કે જે દુઃખ તેં સહન કર્યું ન હોય. આવી રીતે અનંતી વાર ઘોર મહાભયાનક દુઃખ તેં સહન કર્યાં! માટે હવે ધર્મસાધન કર, કે જેથી તેવાં દુઃખ ભોગવવાં ન પડે. ૬૩.

**जावन्ति केवि दुक्खा, सारिरा माणसा य संसारे।**
**पत्तो अणंतखुत्तो, जीवो संसारकंतारे ॥६४॥**

सं. छाया—यावन्ति कान्यपि दुःखानि, शारीराणि मानसानि च संसारे। प्राप्तोऽनन्तकृत्वो, जीवः संसारकान्तारे ॥६४॥

(ગુ. ભા.) જીવે આ સંસારરૂપી અટવીમાં પરિભ્રમણ કરતાં જેટલાં કોઈ રોગ વિગેરે શારીરિક દુઃખો છે, અને જેટલાં ઇષ્ટવિયોગાદિ માનસિક દુઃખો છે, તે સર્વ અનંતીવાર ભોગવ્યાં છે. ૬૪.

**तण्हा अणंतखुत्तो, संसारे तारिसीया तुमं आसी।**
**जं पसमेउ सव्वो-दहीणमुदयं न तीरिज्जा ॥६५॥**
**आसी अणंतखुत्तो, संसारे ते छुहावि तारिसीया।**
**जं पसमेउ सव्वो, पुग्गलकाओ वि न तीरिज्जा ॥६६॥**

सं. छाया—तृष्णाऽनन्तकृत्वः, संसारे तादृशी तवाऽऽसीत्।

यां प्रशमयितुं सर्वोदधीनामुदकं न शक्नुयात् ॥६५॥

सं. छाया-आसीद् अनन्तकृत्वः, संसारे तव क्षुधाऽपि तादृशिका।

यां प्रशमयितुं सर्व्वः, पुद्गलकायोऽपि न शक्नुयात् ॥६६॥

(ગુ. ભા.) હે જીવ! તને નરકભવરૂપ સંસારને વિષે અનંતીવાર એવી તીવ્ર તૃષાનાં દુઃખ ભોગવવાં પડ્યાં છે કે જે તૃષાને છીપાવવાને સઘળા સમુદ્રનું જલ પણ સમર્થ ન થાય. અહો! તું પરાધીન હતો ત્યારે તારે કેવી તૃષાને સહન કરવી પડી? જ્યારે અહીં સ્વતંત્રપણે ધર્મનિમિત્તે-તારા પોતાના હિતને માટે ચોવિહારો ઉપવાસ છઠ અઠ્ઠમ, અથવા છેવટે રાત્રિનોજ ચોવિહાર કરવાનો ગુરુમહારાજ ઉપદેશ આપે છે ત્યારે તને વિચાર થાય છે! ૬૫. વળી નરકભવને વિષે અનંતીવાર એવી તીવ્ર ક્ષુધાની વેદનાઓ ભોગવવી પડી, કે જે ક્ષુધાને શાન્ત કરવાને જગત્ના સર્વ પુદ્ગલો પણ સમર્થ ન થાય, આવી સાંભળતાં કંપારી છૂટે એવી અવર્ણનીય ક્ષુધાની વેદનાઓ તેં પરવશપણે અનંતીવાર અનુભવી, જ્યારે અહીં સ્વાધીનપણામાં ધર્મનિમિત્તે-આત્માના કલ્યાણને માટે ઉપવાસ અથવા એકાસણું કરવાને પણ લાંબો વિચાર કરવો પડે છે! આત્મન્! નરકને વિષે આવી આવી અસહ્ય તૃષા અને ક્ષુધાની વેદનાઓ પરાધીનપણે તારે સહન કરવી પડી, કે જે સહન કરવા છતાં તારી

સિદ્ધિ થઈ નહીં. પણ અત્યારે તું મનુષ્યભવ પામ્યો છે, સારાસારનો વિચાર કરી શકે છે; તો હવે પણ રસનેન્દ્રિયને વશ થઈ, આવેલા અવસરને ચૂકે તો તારા જેવો મૂર્ખ કોણ ? માટે સ્વાધીનપણામાં જ તપસ્યાદિ કરી આત્માના સહજ ગુણો પ્રગટાવ, કે જેથી ભયંકર નારકીની વેદનાઓ ભોગવવાનો વખત ન આવે. ૬૬.

**काऊणमणेगाइं, जम्म-मरणपरियट्टणसयाइं ।**
**दुक्खेण माणुसत्तं, जइ लहइ जहिच्छयं जीवो ॥६७॥**
**तं तह दुल्लहलंभं, विज्जुलयाचंचलं च मणुअत्तं ।**
**धम्मम्मि जो विसीयइ, सो काउरिसो न सप्पुरिसो ॥६८॥**

सं. छाया--कृत्वाऽनेकानि, जन्म-मरणपरिवर्तनशतानि ।
दुःखेन मानुषत्वं, यदि लभते यथेच्छितं जीवः ॥६७॥
सं. छाया--तत् तथा दुर्लभलाभं, विद्युल्लताचञ्चलं च मनुजत्वम् ।
धर्मे यो विषीदति, स कापुरुषो न सत्पुरुषः ॥६८॥

(ગુ. ભા.) જીવ અનેક સેંકડા જન્મ અને મરણના પરાવર્તનના ઘણા દુઃખો ભોગવીને મહાકષ્ટે પોતાને ઇષ્ટ એવું મનુષ્યપણું પામે છે. ૬૭. આવા દસ દૃષ્ટાન્તે દુર્લભ અને વીજળીના ઝબકારા જેવો ચંચલ મનુષ્ય-ભવ પામીને પણ જે કોઇ ધર્મકૃત્યમાં પ્રમાદ કરે તે કાયર પુરુષ સમજવો, તે સત્પુરુષોની પંક્તિમાં ગણાવા

લાયક થતો નથી. માટે હે જીવ! તું મહાકષ્ટે પૂર્ણ પુણ્યોદયે મનુષ્યભવ પામ્યો છે, તો તેને સાર્થક કર. ૬૮.

माणुस्सजम्मे तडि लद्धियम्मि,
जिणिंदधम्मो न कओ य जेणं ।
तुट्टे गुणे जह धाणुक्कएणं,
हत्था मलेव्वा य अवस्स तेणं ॥६९॥

सं. छाया-मानुष्यजन्मनि तटे लब्धे, जिनेन्द्रधर्मो न कृतश्च येन ।
त्रुटिते गुणे यथा धानुष्केण, हस्तौ मलयितव्यौ च अवश्य तेनं॥६९॥

(ગુ. ભા.) અનંતા ભવરૂપ સમુદ્રમાં ભટકતાં ભટકતાં કાંઠારૂપ મનુષ્યજન્મ પ્રાપ્ત કરવા છતાં જેણે જિનેન્દ્રપ્રરૂપિત ધર્મ કર્યો નહીં તેને, જેમ ધનુષ્યની દોરી તૂટતાં ધનુર્ધારી પુરુષને હાથ ઘસવા પડે છે તેમ અવશ્ય હાથ ઘસવા પડે છે-પશ્ચાત્તાપ કરવો પડે છે. માટે હે આત્મન્! તને ધર્મ કરવાને મનુષ્યભવાદિ સામગ્રીઓ મળી છે, છતાં જો પ્રમાદ કરી તેઓનો ઉપયોગ નહીં કરે, અને નિરર્થક દિવસો ગુમાવીશ, તો મરણ સમયે અતિશય પશ્ચાત્તાપ થશે. ૬૯.

रे जीव ! निसुणि चंचलसहाव,
मिल्लेवि णु सयलवि बज्झभाव ।

नवभेयपरिग्गहविविहजाल,

संसारि अत्थि सहु इंदयाल ॥७०॥

सं. छाया--रे जीव निशृणु चञ्चलस्वभावान्, मुक्त्वापि सकलानपि बाह्यभावान् । नवभेदपरिग्रहविविधजालान्, संसारेऽस्ति सर्वमिन्द्रजालम् ॥७०॥

(ગુ. ભા.) અરે જીવ! હિતકર વાક્ય સાંભળ- આ સર્વ ધન્ય ધાન્યાદિ નવપ્રકારના પરિગ્રહનો સમૂહ છે તે તારા આત્મગુણથી બાહ્યભાવ છે, તારા પોતાના ગુણ તો જ્ઞાન, દર્શન અને ચારિત્ર છે. વળી આ નવ પ્રકારનો પરિગ્રહ ચંચળસ્વભાવી છે-ક્ષણવિનાશી છે, સંસારમાં સર્વ ઇન્દ્રજાલ સમાન છે-પરમાર્થે જોતાં અસાર છે. વળી પરિગ્રહ છોડીને તારે અવશ્ય પર- લોકમાં જવું જ પડશે, તો પછી અત્યારથીજ આ સર્વ ચંચળસ્વભાવી બાહ્યભાવ ઉપરથી મોહત્યાગી અચલ સ્વભાવી તારા આત્મધર્મનો શા માટે આદર નથી કરતો? ૭૦.

पियं-पुत्त-मित्त-घर-घरणि-जाय

इहलोइय सव्व नियसुहसहाय ।

नवि अत्थि कोइ तुह सरणि मुक्ख !,

इक्कल्लु सहसि तिरि-निरयदुक्ख॥७१॥

सं. छाया--पितृ-पुत्र-मित्र-गृह-गृहिणीजातम्, ऐहलौकिकं सर्वं निजसुखसहायम् । नाऽप्यस्ति कोऽपी तव शरणे मूर्ख ! एकाकी सहिष्यते तिर्यग्नरकदुःखानि ॥७१॥

(ગુ. ભા.) રે મૂર્ખ આત્મન્! આ લોકમાં તને અતિશય વહાલા એવા પિતા, પુત્ર, મિત્ર, સ્ત્રી તથા ઘરના માણસો વિગેરે પોતાનોજ સ્વાર્થ તાકતા ફરે છે, તે કોઈ તારું શરણ નથી. તેઓને માટે કૂડ-કપટ કરી તારે એકલાનેજ તિર્યંચ અને નરકગતિનાં દુઃખો સહન કરવાં પડશે; અને તે મહાભયંકર દુઃખ વખતે કોઈ તારું રક્ષણ કરવા આવશે નહીં. માટે હે મૂઢ! હજુ કાંઈક વિચાર, અને આશ્રવભાવમાંથી નિવૃત્ત થઈ સંવરભાવમાં પરિણત થા, કે જેથી પરલોક સુધરે. ૭૧.

**कुसग्गे जह ओसबिंदुए, थोवं चिट्ठइ लंबमाणए ।**
**एवं मणुआण जीवियं, समयं गोयम ! मा पमायए॥७२॥**

सं. छाया-कुशाग्रे यथाऽवश्यायबिन्दुकः, स्तोकं तिष्ठति लम्बमानकः। एवं मनुजानां जीवितं, समयं गौतम ! मा प्रमादीः ॥७२॥

(ગુ. ભા.) પ્રભુ શ્રીમહાવીર ગૌતમ સ્વામીને ઉપદેશે છે કે-હે ગૌતમ! જેમ ડાભના અગ્રભાગ ઉપર લટકી રહેલું ઝાકળનું ટીપું થોડોજ સમય રહે છે-જોતજોતામાં નીચે પડી જાય છે, તેમ મનુષ્યોનું

જીવિત પણ જલદી નાશ પામે તેવું છે. માટે એક સમય પણ પ્રમાદ કરીશ નહીં–ધર્મને વિષે નિરંતર ઉદ્યમ કર. ૭૨.

**संबुज्झह किं न बुज्झह, संबोहि खलु पेच्च दुल्लहा ।**
**नो हूवणमन्ति राइओ, नो सुलहं पुणरवि जीवियं ॥७३॥**

सं. छाया--संबुध्यध्वं किं बुध्यध्वं, संबोधिः खलु प्रेत्य दुर्लभा ।
नैवोपनमन्ति रात्रयो, नो सुलभं पुनरपि जीवितम् ॥७३॥

(ગુ. ભા.) હે ભવ્ય પ્રાણીઓ ! તમે બુઝો-સમ્યક્ત્વ રત્ન મેળવવાને ઉદ્યમ કરો, આવો અવસર ફરીફરીને મળવો મુશ્કેલ છે. સમગ્ર પ્રકારની ધર્મસામગ્રી મળવા છતાં હજુ કેમ પ્રતિબોધ પામતા નથી? કારણ કે જેમણે ધર્મકૃત્ય કર્યું નહીં તેમને પરલોકમાં સમ્યક્ત્વ મળવું દુર્લભ છે. ગયેલા રાત્રિ–દિવસો પાછા આવવાના નથી, અને ધર્મસાધન કરવાને યોગ્ય જીવિત પાછું મળવું સુલભ નથી, માટે ધર્મસામગ્રી પામી પ્રમાદ ન કરો. ૭૩.

**डहरा बुड्ढा य पासह, गब्भत्थावि चयन्ति माणवा ।**
**सेणे जह वट्टयं हरे, एवमाउक्खयम्मि तुट्टइ ॥७४॥**

सं. छाया-बाला वृद्धाश्च पश्यत, गर्भस्था अपि च्यवन्ते मानवाः ।
श्येनो यथा वर्तकं हरति, एवमायुःक्षये त्रूट्यति (जीवितम्)॥७४॥

(ગુ. ભા.) હે પ્રાણીઓ! તમે જુઓ—કેટલાએક મનુષ્યો ગર્ભમાંજ મરણ પામે છે! કેટલાએક બાલ્યાવસ્થામાંજ મૃત્યુને શરણ થાય છે, કેટલાએક યુવાવસ્થામાં વહાલા સ્ત્રી–પુત્રાદિને મૂકી મરી જાય છે, જ્યારે કેટલાએક વૃદ્ધાવસ્થાનાં દુઃખ ભોગવી ભોગવી પગ ઘસતા મરણને આધીન થાય છે. આવી રીતે જેમ બાજપક્ષી તેતરને ઓચિંતો ઝાલી લે છે, તેમ આયુષ્ય-ક્ષય થતાં યમદેવ જીવિતને હરે છે, માટે ક્ષણ માત્ર પણ જીવિતનો વિશ્વાસ નહીં રાખી ધર્મસાધન કરવાને સાવધાન થાઓ. ૭૪.

**तिहुयणजणं मरन्तं, दट्ठूण नयन्ति जे न अप्पाणं।**
**विरमन्ति न पावाओ, धी धी! धिट्ठत्तणं ताणं ॥७५॥**

**सं.छाया-त्रिभुवनजनं म्रियमाणं, दृष्ट्वा नयन्ति ये नात्मानम् (धर्मे)।**
**विरमन्ति न पापाद्, धिग् धिग् धृष्टत्वं तेषाम् ॥७५॥**

(ગુ. ભા.) જેઓ ત્રણે ભુવનના પ્રાણીઓને દેખતા છતાં પોતાના આત્માને ધર્મને વિષે જોડતા નથી, અને પાપ થકી વિરામ પામતા નથી, એવા નિર્લજ્જ પુરુષોની ધિઠ્ઠાઇને ધિક્કાર હો! ધિક્કાર હો! ૭૫.

**मा मा जंपह बहुयं, जे बद्धा चिक्कणेहि कम्मेहिं।**
**सव्वेसिं तेसिं जायइ, हिओवएसो महादोसो ॥७६॥**

सं. छाया-मा मा जल्पत बहुकं, ये बद्धाश्चिक्कणैः कर्मभिः ।
सर्वेषां तेषां जायते, हितोपदेशो महाद्वेषः ॥७६॥

(ગુ. ભા.) અયોગ્ય શિષ્યો ઉપર કૃપાસાગર ગુરુમહારાજને કરુણા આવવાથી વારંવાર ઉપદેશ આપતા જોઇ, તે ગુરુ મહારાજ પ્રતિ યોગ્ય અને વિનયી શિષ્યો કહે છે–પ્રભો! કૃપાનિધાન! જેઓએ ઘણાં ચીકણાં અને નિકાચિત કર્મો બાંધ્યા છે–જેઓ મગશેળીયા પત્થરની જેમ નહીં પીગળે એવા કઠણ હૃદયવાળા છે, એવા આ અયોગ્ય પ્રાણીઓને બહુ ઉપદેશ ન આપો ન આપો. કારણ કે–તેઓને આપ ગમે તેટલો પ્રતિબોધ આપશો તો પણ તેઓ પ્રતિબોધ પામવાના નથી, એટલું જ નહીં પણ, સર્પને જેમજેમ દૂધ પાઇયે તેમ તેમ ઝેર વધે છે તેમ અયોગ્ય પ્રાણીઓને હિતોપદેશ કેવળ મહાદ્વેષની જ વૃદ્ધિ કરે છે, માટે તેવા અયોગ્ય જીવોને ઉપદેશ આપવો વ્યર્થ છે. ૭૬.

**कुणसि ममत्तं धण-सयण-विहवपमुहेसु अणंतदुक्खेसु ।**
**सिढिलेसि आयरं पुण, अणंतसुक्खम्मि मुक्खम्मि ॥७७**

सं. छाया-करोषि ममत्वं धन-स्वजन-विभवप्रमुखेषु अनन्तदुःखेषु ।
शिथिलयसि आदरं पुनरनन्तसौख्ये मोक्षे ॥७७॥

(ગુ. ભા.) હે જીવ! અનંતા દુઃખના હેતુભૂત ધન, સ્ત્રી પુત્રાદિ સ્વજન, અને વૈભવ વિગેરેને વિષે

તું મમત્વભાવ રાખે છે, જ્યારે અનંતું સુખ જેમાં છે એવા મહાદુર્લભ મોક્ષને વિષે આદર ઓછો કરે છે! એવો કોણ મૂર્ખ હોય કે જે દુઃખ આપનારા પદાર્થોમાં આસક્તિ રાખે? અને સુખ આપનારા પદાર્થમાં ઉપેક્ષા રાખે? પણ આત્મન્! તેં તો તેમજ કર્યું! માટે હજુ તારા અનાદિકાળના ભ્રમને દૂર કર, અને સુખી થવા ઇચ્છતો હોય તો બાહ્યભાવ ઉપરના મમત્વને ત્યાગી મોક્ષમાં આદર રાખ–મોક્ષને માટે પ્રયત્ન કર. ૭૭.

**संसारो दुहहेऊ, दुक्खफलो दुसहदुक्खरूवो य ।**
**न चयन्ति तंपि जीवा, अइबद्धा नेहनिअलेहिं ॥७८॥**

सं. छाया-संसारो दुःखहेतुः, दुःखफलो दुःसहदुःखरूपश्च ।
न त्यजन्ति तमपि जीवा, अतिबद्धाः स्नेहनिगडैः ॥७८॥

(ગુ. ભા.) આ સંસાર દુઃખનું કારણ છે, દુઃખરૂપી ફળને આપનારો છે, અને અસહ્ય ઘોર દુઃખસ્વરૂપ છે, આવા મહાભયંકર સંસારનો પણ, સ્નેહ રૂપી બેડીથી અતિશય બંધાયેલા જીવો ત્યાગ કરતા નથી! જીવો સંસારને દુઃખમય જાણે છે, છતાં રાગબંધનથી જકડાએલા તેનો ત્યાગ કરી શકતા નથી. માટે હે જીવ! રાગબંધનને દૂર કરવાને ઉદ્યમવંત થા, કે જેથી આવા દુઃખમય સંસારથી તારો છૂટકારો થાય. ૭૮.

**नियकम्मपवणचलिओ, जीवो संसारकाणणे घोरे ।**

का का विडंबणाओ, न पावए दुसहदुक्खाओ? ॥७९॥

सं. छाया-निजकर्मपवनचलितो, जीवः संसारकानने घोरे ।

काः का विडम्बना, न प्राप्नोति दुस्सहदुःखाः ॥७९॥

(गु. भा.) પોતાના કર્મરૂપી પવનને પરાધીન થઈ પતિત થયેલો આ જીવ સંસારરૂપી મહાવિકટ જંગલમાં અસહ્ય દુઃખોથી ભરપૂર કઈ કઈ વિડંબનાઓ પામતો નથી? અર્થાત્ સર્વ વિડંબનાઓ પામે છે. હે આત્મા! તેં કર્મને વશ થઈ અસહ્ય દુઃખો સહન કર્યાં, અને વિવિધ પ્રકારની વિડંબનાઓ-સહી, તેના આગળ ધર્મકૃત્ય કરતાં થતું ઘણુંજ અલ્પ દુઃખ શા હિસાબમાં છે? કે જેથી અનંતુ અને અક્ષય સુખ મળે તેમ છે. માટે ધર્મસંચય કરવામાં પ્રમાદી ન થા. ૭૯.

सिसिरम्मि सीयलानिल-
लहरिसहस्सेहिं भिन्नघणदेहो ।
तिरियत्तणम्मिऽरण्णे,
अणंतसो निहणमणुपत्तो ॥८०॥

गिम्हायवसंतत्तो-रण्णे छुहिओ पिवासिओ बहुसो ।
संपत्तो तिरियभवे, मरणदुहं बहु विसूरन्तो ॥८१॥

वासासुऽरण्णमज्झे, गिरिनिज्झरणोदगेहिं वज्जन्तो ।
सीयाऽनिलडज्झविओ, मओऽसि तिरियत्तणे बहुसो ॥८२॥

एवं तिरियभवेसु कीसन्तो दुक्खसयसहस्सेहिं ।
वसियो अणंतखुत्तो, जीवो भीसणभवारण्णे ॥८३॥

सं. छाया-शिशिरे शीतलाऽनिल-लहरिसहस्रैर्भिन्नघनदेहः । तिर्यक्त्वेऽरण्ये, अनन्तशो निधनमनुप्राप्तः ॥८०॥ ग्रीष्मातप-सन्तप्तो-ऽरण्ये क्षुधितः पिपासितो बहुशः । संप्राप्तस्तिर्यग्भवे मरणदुःखं बहु खिद्यमानः ॥८१॥ वर्षास्वरण्येमध्ये, गिरिनिर्झरणोदकैरुह्यमानः । शीताऽनिलदग्धो, मृतोऽसि तिर्यक्त्वे बहुशः ॥८२॥ एवं तिर्यग्भवेषु, क्लिश्यमानो दुःखशतसहस्रैः । उषितोऽनन्तकृत्वो, जीवो भीषणभवाऽरण्ये ॥८३॥

(ગુ. ભા.) હે જીવ! તું તિર્યંચ ભવમાં હતો, કે જે વખતે તારું શરીર મજબૂત હતું તો પણ અટવીમાં શીયાળાની સખ્ત ઠંડીમાં હિમ પડવાથી તારો દેહ ફાટી ગયો–ભેદાઇ ગયો! અને પોષ મહિનાની કડકડતી ટાઢથી અટવીમાં અનન્તીવાર મરણને શરણ થયો, તે દુ:ખ સંભાર. ૮૦. વળી રે આત્મા! તું તિર્યંચ ભવમાં ઘોર જંગલને વિષે ઉનાળાના આકરા તાપથી તપ્ત થઇ–વિહ્વલ બની ભૂખ્યો તરસ્યો ઘણોજ ખેદ પામતો મરણદુ:ખ પામ્યો! ૮૧. વળી હે ચેતન! તું વર્ષા ઋતુમાં તિર્યંચ ભવમાં ભયાનક અરણ્યને વિષે પર્વતોના ધોધમાર પાણીમાં તણાતો-અથડાતો-બૂડતો અને ઠંડા પવનથી જકડાઇ ગયેલો ઘણી વખત મૃત્યુ પામ્યો! ૮૨.

આવી રીતે અતિભયાનક ભવરૂપી અરણ્યમાં તિર્યંચ ભવોને વિષે અસહ્ય લાખો દુઃખો ભોગવી ક્લેશ પામતો આ જીવ અનંતીવાર વસ્યો. શિયાળામાં જંગલને વિષે અસહ્ય ઠંડીથી અનંતીવાર મૃત્યુને શરણ થયો! ઉનાળાના આકરા તાપથી તપ્ત થઈ ભૂખ્યો તરસ્યો મરી ગયો! અને વરસાદની ઋતુમાં પાણીમાં તણાતો અથડાતો પ્રાણરહિત થયો! આવાં દુઃખો અનંતીવાર સહન કરવા છતાં તે કષ્ટોને આજ તું કેમ વિસરી જાય છે? ૮૩.

**दुट्ठट्ठकम्मपलया–निलपेरिओ भीसणम्मि भवरण्णे ।**
**हिंडन्तो नरएसु वि, अणंतसो जीव! पत्तो सि ॥८४॥**

**सं. छाया–दुष्टाऽष्टकर्मप्रलया–ऽनिलप्रेरितो भीषणे भवारण्ये ।**
**हिण्डमानो नरकेष्वपि, अनन्तशो जीव! प्राप्तोऽसि ॥८४॥**

(ગુ. ભા.) હે આત્મન! પ્રલયકાળના પવન જેવા ભયંકર એવા આઠ કર્મે કરી ઘોર એવા આ ભવરૂપી અરણ્યમાં ભટકતાં ભટકતાં તું નરકગતિમાં પણ અસહ્ય દુઃખો અનંતીવાર પામ્યો છે–દુઃખ ભોગવવામાં કાંઇ ખામી રાખી નથી, તોપણ હજુ તેવાંજ દુઃખો ભોગવવાં પડે તેવાં પાપમય કાર્યો કરે છે! અરે! કાંઈક સમજ, શુદ્ધિ ઠેકાણે લાવ, અને હવે પછી તેવાં દુઃખો ભોગવવાં ન પડે તેને માટે પ્રયત્નશીલ થા. ૮૪.

**सत्तसु नरयमहीसु, वज्जानलदाह–सीयवियणासु ।**
**वसियो अणंतखुत्तो, विलबन्तो करूणसद्देहिं ॥८५॥**

सं. छाया–सप्तसु नरकमहीषु, वज्राऽनलदाह-शीतवेदनासु ।

उषितोऽनन्तकृत्वो, विलपन् करुणशब्दैः ॥८५॥

(ગુ. ભા.) હે જીવ! તું સાતે નારકીઓમાં કરુણા ઉપજાવે એવા હૃદયભેદક શબ્દો વડે વિલાપ કરતો અનંતીવાર વસ્યો, કે જે નારકીઓમાં વજ્રસમાન અતિશય આકરા અગ્નિની અને શીતની અસહ્ય વેદનાઓ તારે ભોગવવી પડી! હવે તેથી ત્રાસ પામી ફરીથી ત્યાં જવું ન પડે માટે ધર્મકૃત્યમાં સાવધાન થા. ૮૫.

**पिय-माय-सयणरहिओ, दुरंतवाहिहिं पीडिओ बहुसो।**
**मणुअभवे निस्सारे, विलाविओ किं न तं सरसि ॥८६॥**

सं. छाया-माता–पितृ-स्वजनरहितो, दुरन्तव्याधिभिः पीडितो बहुशः । मनुजभवे निस्सारे, विलापितः किं न तं स्मरसि ? ॥८६॥

(ગુ. ભા.) હે ચેતન! માતા પિતા અને સગાં સંબંધીઓથી વિયોગ પામેલા તને અસાધ્ય વ્યાધિઓએ ઘણોજ પીડિત કરી આ અસાર એવા મનુષ્યભવમાં બહુ બહુ વિલાપ કરાવ્યા, આ વાતને તું કેમ વિસરી જાય છે? ૮૬.

**पवणु व गयणमग्गे, अलक्खिओ भमइ भववणे जीवो।**
**ठाणट्ठाणम्मि समु-ज्झिऊण धण-सयण संघाए ॥८७॥**

सं छाया-पवन इव गगनमार्गे, अलक्षितो भ्रमति भववने जीवः।
स्थानस्थाने समुज्झ्य धन-स्वजनसंघातान् ॥८७॥

(ગુ. ભા.) જેમ પવન આકાશમાં અદૃશ્યરૂપે ભિન્નભિન્ન સ્થાને ભમ્યા કરે છે, તેમ આ જીવ ઠેકાણે ઠેકાણે ધન અને સગાં વહાલાઓને ત્યાગ કરી અજાણપણાથી ભટકયા કરે છે. માટે હે આત્મન ! 'આ મારું ધન, આ મારા સગા-વહાલા' આ રીતે ખોટો મમત્વ ભાવ ત્યાગી, તારા શુદ્ધ સ્થિરસ્વભાવને પ્રાપ્ત કરવા વીતરાગપ્રભુને ધર્મ આચર. ૮૭.

**विध्धिज्जन्ता असयं, जम्म-जरा-मरणतिक्खकुंतेहिं ।**
**दुहमणुभवन्ति घोरं, संसारे संसरन्त जिआ ॥८८॥**
**तहवि खणंपि कयावि हु, अन्नाणभुयंगडंकिया जीवा।**
**संसारचारगाओ, न य उव्विज्जन्ति मूढमणा ॥८९॥**

सं. छाया-विध्यमाना असद्, जन्म-जरा-मरणतीक्ष्णकुन्तैः।
दुःखमनुभवन्ति घोरं, संसारे संसरन्तो जीवाः ॥८८॥
तथापि क्षणमपि कदापि खलु, अज्ञानभुजङ्गदष्टा जीवाः।
संसारचारकाद्, न चोद्विजन्ते मूढमनसः ॥८९॥

(ગુ. ભા.) આ અસાર સંસારમાં ભટકતા જીવો જન્મ જરા અને મરણરૂપી તીક્ષ્ણ ભાલાઓ વડે વારંવાર વિંધાઇ ઘોર દુઃખ અનુભવે છે, ૮૮. છતાં અજ્ઞાનરૂપી સર્પવડે ડસાયેલા મૂઢમાનવાળા જીવો આ સંસારરૂપી બંદીખાનાથી ક્ષણમાત્ર પણ ઉદ્વેગ પામતા નથી ! કેદખાનામાં પડેલો પ્રાણી એકજ વખત ભાલાની વેદના સહન કરી શકતો નથી, અને કંટાળી જઈ વિચારે છે કે–અરેરે ! હવે હું આ દુઃખમાંથી ક્યારે છૂટું ? પણ જન્મ જરા અને મૃત્યુરૂપી ભાલાઓના કારી ઘા જીવો વારંવાર અનુભવે છે, છતાં આશ્ચર્ય છે કે–તેઓ આ સંસારરૂપી કેદખાનામાંથી છૂટવાને ક્ષણવાર પણ ઉદ્વિગ્ન થતા નથી. ૮૯.

**कीलसि कियंतवेलं, सरीरवावीइ ? जत्थ पइसमयं ।**
**कालऽरहट्टघडीहिं, सोसिज्जइ जीवियंभोहं ॥९०॥**

**सं. छाया-क्रिडिष्यसि कियद्वेलां, शरीरवाप्यां ? यत्र प्रतिसमयम् ।**
**कालाऽरघट्टघटीभिः, शोष्यते जीविताऽम्भओघः ॥९०॥**

(ગુ. ભા.) હે જીવ ! તું શરીરરૂપી વાવમાં કેટલો સમય ક્રીડા કરી શકીશ ? જે વાવમાંથી કાળરૂપી રેંટના ઘડાઓ જીવિતરૂપી જલસમૂહને સમયે સમયે શોષી રહ્યા છે !–જેમ જેમ કાળ જાય છે તેમ તેમ આયુષ્ય ઘટતું જ જાય છે. જેમ ફાંસીની સજા પામેલો અપરાધી જેમ જેમ ફાંસી સન્મુખ ડગલાં ભરે છે તેમ તેમ તેને

મૃત્યુ નજીક આવતું જાય છે, અને તેથી તેને ખાનપાનાદિ કાંઈપણ ગોઠતું નથી, કારણકે તેણે જાણ્યું છે કે મૃત્યુ નજીક આવતું જાય છે; તેમ હે ચેતન! તારી પણ જેમજેમ ઉમ્મર જાય છે તેમ તેમ મૃત્યુ નજીક આવતું જાય છે, આવી રીતે દિવસ પર દિવસ જતાં આયુષ્ય ઝપાટામાં પૂર્ણ થશે ત્યારે મરણને શરણ થવું પડશે! માટે પ્રમાદ ત્યાગી પશ્ચાત્તાપ કરવાનો સમય ન આવે. ૯૦.

**रे जीव! बुज्झ मा मुज्झ मा पमायं करेसि रे पाव!।**

**जं परलोए गुरुदुक्खभायणं होहिसि अयाण! ॥९१॥**

सं. छाया-रे जीव! बुध्यस्व मा मुह्य मा प्रमादं कुरु रे पाप!।

यत् परलोके गुरुदुःखभाजनं भविष्यसि अज्ञान! ॥९१॥

(ગુ. ભા.) અરે જીવ! બુઝ બુઝ, મોહ ન પામ. રે પાપી! હવે ધર્મકાર્યમાં પ્રમાદ ન કર. હે અજ્ઞાની! પ્રમાદ કરીશ તો પરલોકમાં ઘોર અસહ્ય દુઃખો તારે જ ભોગવવાં પડશે. માટે દુર્લભ મનુષ્યભવમાં ચિન્તામણિ સમાન જિનધર્મ પામી આવા ધર્મ કરવાના અમૂલ્ય સમયમાં સાવધાન થા, કે જેથી દુઃખ ન ભોગવવાં પડે. ૯૧.

**बुज्झसु रे जीव! तुमं,**

**मा मुज्झसि जिणमयम्मि नाऊणं**

जम्हा पुणरवि एसा,
सामग्गी दुल्लहा जीव ! ॥९२॥

सं. छाया-बुध्यस्व रे जीव ! त्वं, मा मुह्य जिनमते ज्ञात्वा ।
यस्मात् पुनरपि एषा, सामग्री दुर्लभा जीव ! ॥९२॥

(ગુ. ભા.) અરે જીવ ! હવે તું બોધ પામ, જિન-મતને વિષે જીવ અજીવ વિગેરે તત્ત્વો જાણ્યા છતાં મોહ ન પામ, કારણ કે—હે ચેતન ! મનુષ્યભવ તથા જિનેન્દ્રમત વિગેરે ધર્મસામગ્રી ફરીફરીને મળવી દુર્લભ છે, માટે આવેલો અવસર ન જવા દે. ૯૨.

दुलहो पुण जिणधम्मो, तुमं पमायायरो सुहेसी य ।
दुसहं च नरयदुक्खं, कह होहिसि तं न याणामो ॥९३॥

सं. छाया-दुर्लभः पुनर्जिनधर्मः, त्वं प्रमादाकरः सुखैषी च ।
दुस्सहं च नरकदुःखं, कथं भविष्यसि तन्न जानीमः ॥९३॥

(ગુ. ભા.) હે પ્રાણી ! આ જિનધર્મ ફરીથી મેળવો અતિદુર્લભ છે, અને તું પ્રમાદની ખાણ છે ! આવો ચિન્તામણિ સમાન જિનધર્મ પામવા છતાં તું પ્રમાદમાં દિવસો એળે ગુમાવે છે, અને પ્રમાદ કરીને પણ સુખની અભિલાષા રાખે છે ! તે સુખ તને ક્યાંથી મળશે ? નારકીનું દુઃખ દુઃસહ છે—ધર્મ-સામગ્રી મળવા છતાં પ્રમાદી બની ધર્મ તરફ ઉપેક્ષા રાખે છે, અને પાપમય કાર્યોમાં અમૂલ્ય આયુષ્ય

ગુમાવે છે, જેથી તને ઘોર અસહ્ય નરક દુ:ખો ભોગવવાં પડશે. હે પ્રાણી ! તું અહીં સામાન્ય દુ:ખ પણ સહન કરી શકતો નથી ત્યારે નરકનાં દુ:સહ દુ:ખ કેમ સહન થશે? અમે નથી જાણતા કે તારી ત્યાં શી અવસ્થા થશે! ૯૩.

**अथिरेण थिरो समलेण,**
**निम्मलो परवसेण साहिणो ।**
**देहेन जइ विढप्पइ,**
**धम्मो ता किं न पज्जत्तं ? ॥९४॥**

**सं. छाया-अस्थिरेण स्थिरः समलेन, निर्मलः परवशेन स्वाधीनः ।**
**देहेन यद्यर्ज्यते, धर्मस्तदा किं न पर्याप्तम् ? ॥९४॥**

(ગુ. ભા.) હે જીવ! અસ્થિર અને અશાશ્વતા આ દેહ વડે સ્થિર અને શાશ્વતો જો ધર્મ ઉપાર્જન થાય છે તો શું ન મળ્યું? અર્થાત્ ધારેલો લાભ મળ્યો કહેવાય. વળી મળ-મૂત્રથી ભરેલા આ મલિન શરીર વડે નિર્મળ ધર્મ ઉપાર્જન થાય તો શું બાકી રહ્યું?-શું અપૂર્ણતા રહી?-અર્થાત્ મહાન્ લાભ મળ્યો કહેવાય. વળી અનેક પ્રકારના રોગ વિગેરેને આધીન-પરતન્ત્ર એવા આ દેહ વડે સ્વાધીન-સ્વતંત્ર એવો ધર્મ જો ઉપાર્જન થાય તો શું કાંઇ મળવાની ખામી કહેવાય? અર્થાત્ ઇચ્છેલો લાભ મળ્યોજ કહેવાય.

અસ્થિર; મલિન અને પરાધીન એવા આ અસાર દેહ વડે સ્થિર; નિર્મળ અને સ્વાધીન એવો જે ધર્મ ઉપાર્જન થઇ શકે છે, તો હે આત્મન્! આવેલો લાભ શા માટે ચૂકે છે, માટે આ અસાર શરીર ઉપરથી મોહ ઉતારી તે વડે ધર્મનું સાધન કરી લે. ૯૪.

**जह चिंतामणिरयणं,**
**सुलहं न हु होइ तुच्छविहवाणं ।**
**गुणविहववज्जियाणं,**
**जियाण तह धम्मरयणंपि ॥९५॥**

सं॰छाया-यथा चिन्तामणिरत्नं,सुलभं न खलु भवति तुच्छविभवानाम्
गुणविभववर्जितानां, जीवानां तथा धर्मरत्नमपि ॥९५।

(ગુ. ભા.) જેમ તુચ્છ વૈભવવાળા-પુણ્યહીન પ્રાણીઓને ચિન્તામણિ રત્ન સુલભ ન જ હોય-પુણ્ય-હીન પ્રાણીઓ ચિન્તામણિ રત્ન પ્રાપ્ત કરી શકતાજ નથી, તેમ ગુણરૂપી વૈભવે કરીને રહિત જીવોને ધર્મ-રત્ન પણ સુલભ ન જ હોય-નિર્ગુણી પ્રાણીઓ ધર્મરત્ન પ્રાપ્ત કરી શકતા નથી. ૯૫.

**जह दिट्ठीसंजोगो, न होइ जच्चंधयाण जीवाणं ।**
**तह जिणमयसंजोगो, न होइ मिच्छंधजीवाणं ॥९६॥**

सं॰छाया-यथा दृष्टिसंयोगो, न भवति जात्यन्धानां जीवानाम् ।
तथा जिनमतसंयोगो, न भवति मिथ्याऽन्धजीवानाम् ॥९६॥

(ગુ. ભા.) જેમ જન્મથી અંધ અવતરેલા જીવોને દૃષ્ટિનો સંયોગ નથી—કોઈપણ પદાર્થને દેખતા નથી, તેમ મિથ્યાત્વે કરી અંધ થયેલા જીવોને જિનમતનો સંયોગ નથી-વીતરાગ ભાષિત મતની પ્રાપ્તિ થતી નથી. ૯૬.

**पच्चक्खमणंतगुणे, जिणिंदधम्मे न दोसलेसोवि ।**
**तहवि हु अन्नाणंधा, न रमन्ति कयावि तम्मि जिया ॥९७**

सं० छाया-प्रत्यक्षमनन्तगुणे, जिनेन्द्रधर्मे न दोषलेशोऽपि ।
तथापि खल्वज्ञानान्धा, न रमन्ते कदापि तस्मिन् जीवाः ॥९७॥

(ગુ. ભા.) શ્રીજિનેન્દ્રભાષિત ધર્મને વિષે પ્રત્યક્ષ અનન્ત ગુણો છે, અને દોષનો લવલેશ પણ નથી. આવો ગુણોનો ભંડાર અને નિર્દોષ જિનધર્મ છે, તો પણ અજ્ઞાન વડે અંધ થયેલા પ્રાણીઓ તેને વિષે ચિત્ત લગાવતા નથી—જોડાતા નથી. ૯૭.

**मिच्छे अणंतदोसा, पयडा दीसन्ति न वि य गुणलेसो ।**
**तह वि य तं चेव जिया ही मोहंधा निसेवन्ति ॥९८॥**

सं. छाया-मिथ्यात्वेऽनन्तदोषाः, प्रकटा दृश्यन्ते नाऽपिचगुणलेशः।
तथापि च तदेव जीवा, ही! मोहान्धा निषेवन्ते ॥९८॥

(ગુ. ભા.) મિથ્યાત્વમાં અનંત દોષો પ્રગટપણે દેખાય છે—સાક્ષાદ્ અનુભવીએ છીએ, અને ગુણનો લવલેશ પણ દૃષ્ટિગોચર થતો નથી, તોપણ અફસોસ

છે કે-મોહ વડે અંધ થયેલા પ્રાણીઓ તે મિથ્યાત્વને જ સેવે છે. ૯૮.

**धिद्धि ताणं नराणं विन्नाणे तह कलासु कुसलत्तं ।**
**सुहसच्चधम्मरयणे, सुपरिक्खं जे न जाणन्ति ॥९९॥**

सं.छाया-धिग् धिक् तेषां नराणां, विज्ञाने तथा कलासु कुशलत्वं ।
शुभ-सत्यधर्मरत्ने, सुपरीक्षां, ये न जानन्ति ॥९९॥

(ગુ. ભા.) પરલોકમાં કલ્યાણકારી અને સુખ આપનાર એવા સત્ય ધર્મરત્નની જેઓ સારી રીતે પરીક્ષા કરી જાણતા નથી તે પુરુષોના વિજ્ઞાન કૌશલ્યને ધિક્કાર હો ! તથા તે પુરુષોના કલાકૌશલ્યને ધિક્કાર હો! અર્થાત્ જેઓ 'આ ધર્મ સાચો છે, અને આ ધર્મ અસત્ય છે' એ પ્રમાણે સત્યાસત્ય ધર્મની પરીક્ષા કરી જાણતા નથી તેઓનું જ્ઞાન ડહાપણ ચતુરાઈ તથા કળાકૌશલ્ય નકામું છે, માટે દરેક મનુષ્યે પ્રથમ ધર્મની પરીક્ષા કરતાં શીખવું જોઇએ. ૯૯.

**जिणधम्मोऽयं जीवाणं, अपुव्वो कप्पपायवो ।**
**सग्गापवग्गसुक्खाणं, फलाण दायगो इमो ॥१००॥**

सं. छाया-जिनधर्मोऽयं जीवानाम्, अपूर्वः कल्पपादपः ।
स्वर्गा-ऽपवर्गसौख्यानां, फलानां दायकोऽयम् ॥१००॥

(ગુ. ભા.) આ જિનધર્મ જીવોને અપૂર્વ કલ્પવૃક્ષ છે, કારણ કે-કલ્પવૃક્ષ તો આ લોકના જ સુખને આપે છે, પણ આ જિનધર્મરૂપી કલ્પવૃક્ષ તો સ્વર્ગ

અને મોક્ષના સુખરૂપ ફળોને આપે છે. ૧૦૦.

**धम्मो बंधु सुमित्तो य, धम्मो य परमो गुरू ।**

**मुक्खमग्गे पयट्टाणं, धम्मो परमसंदणो ॥१०१॥**

सं. छाया-धर्मो बन्धुः सुमित्रं च, धर्मश्च परमो गुरुः ।
मोक्षमार्गे प्रवृत्तानां, धर्म्मः परमस्यन्दनः ॥१०१॥

(ગુ. ભા.) આ જગત્‌માં ધર્મ બન્ધુસમાન છે-જેમ આપત્તિ સમયે ભાઈ સહાયતા કરે છે, તેમ આપત્તિમાં આવી પડેલા પ્રાણીને સહાયતા કરે છે. વળી ધર્મ હિતકર મિત્ર સમાન છે-જેમ સાચો મિત્ર સદ્‌બુદ્ધિ આપી સન્માર્ગે દોરે છે, તેમ ધર્મ પ્રાણીને સન્માર્ગે દોરે છે. વળી ધર્મ સદ્‌ગુરૂ સમાન છે-જેમ સદ્‌ગુરૂ ઉપદેશ આપી પ્રાણીને દુર્ગતિમાંથી બચાવે છે. તેમ ધર્મ પણ પ્રાણીને દુર્ગતિમાંથી બચાવે છે. વળી ધર્મ મોક્ષમાર્ગમાં પ્રવર્તેલા પ્રાણીઓને માટે શ્રેષ્ઠ રથ સમાન છે-જેમ ઉત્તમ રથ હોય તો માર્ગમાં સુખેથી ગમન થઈ શકે છે, તેમ આ ધર્મરૂપી રથ મોક્ષમાર્ગને વિષે પ્રવર્તેલા પ્રાણીઓને મોક્ષમાં સુખ-શાન્તિથી પહોંચાડે છે. ૧૦૧.

**चउगइणंतदुहानल-पलित्तभवकाणणे महाभीमे ।**

**सेवसु रे जीव? तुमं, जिणवयण अमियकुंडसमं ॥१०२**

सं. छाया-चतुर्गत्यनन्तदुःखानल-प्रदीप्तभवकानने महाभीमे ।
सेवस्व रे जीव! त्वं, जिनवचनममृतकुण्डसमम् ॥१०२॥

(ગુ. ભા.) ચાર ગતિમાં રહેલા અનંત દુઃખરૂપી અગ્નિવડે આ સંસારરૂપી મહાભયંકર અરણ્ય સળગી ઉઠયું છે. આવા દુઃખરૂપી અગ્નિથી સળગી ઉઠેલા સંસારરૂપી અરણ્યમાંથી બચવું હોય તો હે જીવ ! તું અમૃતકુંડ સમાન જિનધર્મનું સેવન કર. ૧૦૨.

**विसमे भवमरुदेसे, अणंतदुहगिम्हतावसंतत्ते ।**
**जिणधम्मकप्परुक्खं,सरसु तुमं जीव ! सिवसुहदं ॥१०३**

सं. छाया-विषमे भवमरुदेशे, अनन्तदुःखग्रीष्मतापसंतप्ते ।
जिनधर्मकल्पवृक्षं, सर त्वं जीव ! शिवसुखदम् ॥१०३॥

(ગુ. ભા ) હે જીવ! અનંત દુઃખરૂપી ગ્રીષ્મ ઋતુના તીવ્ર તાપવડે તપી રહેલા આ સંસારરૂપી વિષમ મારવાડ દેશમાં, મોક્ષસુખને આપનાર જિનધર્મરૂપી કલ્પવૃક્ષનો તું આશ્રય કર-જિનધર્મરૂપી કલ્પવૃક્ષને છાંયડે જા; કે જેથી તને શાન્તિ મળે. ૧૦૩.

**किं बहुणा ? जिणधम्मे, जइयव्वं जह भवोदहिं घोरं ।**
**लहु तरियमणंतसुहं, लहइ जिओ सासयं ठाणं ॥१०४**

सं.छाया-किं बहुना? जिनधर्मे, यतितव्यं यथा भवोदधिं घोरम् ।
लघु तीर्त्वाऽनन्तसुखं, लभते जीवः शाश्वतं स्थानम् ॥१०४॥

(ગુ. ભા.) વધારે શું કહીયે? હે ભવ્ય પ્રાણીઓ ! ઉપદેશનો સાર એજ છે કે-જિનધર્મને વિષે તે પ્રકારે પ્રયત્ન કરવો જોઇએ કે જેથી ભયંકર એવા આ ભવરૂપી સમુદ્રને જલદી તરી જીવ અનંત સુખવાળું શાશ્વત મોક્ષસ્થાન મેળવે. ૧૦૪.